


♦જોડણી♦

આ 'ઈ.બુક'માં માત્ર એક જ 'ઈ'–'ઉ'વાપર્યા છે.

January 26, 2018

●eBook : 'Dete Hai Bhagvan Ko Dhokha' By Ramesh Savani●

('અભીવ્યક્તી' બ્લોગમાં મુકાયેલા રમેશ સવાણીના લેખોની ઈ.બુક )

♦©Ekta Savani Kumbhani♦

●ઈ.બુક મુલ્ય : લોકજાગૃતી●

●ઈ.બુક પ્રકાશક●
મણી મારુ,
405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.
પોસ્ટ : એરુ એ. સી. – 396450 સેલફોન : 9537 88 00 66
ઈ.મેઈલ : govindmaru@gmail.com

♦માર્ગદર્શન♦
ઉત્તમ ગજ્જર
ગુરુનગર, વરાછા રોડ, સુરત – 395 006
ફોન : 0261-255 3591 ઈ.મેઈલ : uttamgajjar@gmail.com

●ઈ.બુક અક્ષરાંકન●
ગોવીન્દ મારુ
'અભીવ્યક્તી' https://govindmaru.wordpress.com/
સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

# અર્પણ

## વીચારસજ્ઞતાનું ભાથું આપનાર



## હૃદયસ્થ કેદારનાથજી ને ભાવપુર્વક

“દુનીયાના બીજા લોકો કરતાં આપણે વધારે ધાર્મીક અને સુસંસ્કૃત છીએ, એમ આપણે સમજીએ છીએ; પરન્તુ બીજા દેશોના લોકો કરતાં આપણે વ્યવહારમાં વધારે અપ્રામાણીક અને સ્વાર્થી કેમ? આપણા દેશબાંધવોને લુંટીને, તેમને નીચોવીને, તેમનું શોષણ કરીને પોતે સુખી થવાની સમાજઘાતક વૃત્તી આપણામાં મોટા ભાગે સર્વત્ર દેખાય છે, તે કેમ? પુનર્જન્મ અને પરલોક પર શ્રદ્ધા રાખનારા, મોક્ષ, ઈશ્વર વગેરે આસ્તીક બુદ્ધી ધરાવનારા આપણે પ્રત્યક્ષ ચાલુ જીવનમાં સત્ય છોડીને કેમ વર્તીએ છીએ? આપણું રાષ્ટ્રીય, સામાજીક, આર્થીક અને કૌટુમ્બીક જીવન બધી બાજુએથી છીન્નભીન્ન થવાના શાં કારણો હશે? આપણી ઉન્નતી, ઉદ્ધાર, ગતી, મુક્તી, સાર્થકતા, દીવ્યજીવન કે શુદ્ધજીવન ગમે તે કહો, એ બધું માનવધર્મથી જ પ્રાપ્ત થવું શક્ય છે. તે માટે આપણે શુધ્ધી, સદ્‌ગુણ અને પુરુષાર્થ વધારવા જોઈએ. આ પ્રમાણે આપણે વર્તીએ તો આપણા ઉધ્ધાર માટે પરમેશ્વરના અવતારની રાહ જોતા રહેવાની જરુર જણાશે નહીં.”

**–કેદારનાથજી (જુન, 1953)**

## અનુક્રમણીકા

'લેખનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ, તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખમાં જે તે ઘટનાનું વર્ણન કરતા ચીત્રોની નીચે જમણી બાજુએ લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વાચકમીત્રોને વીનન્તી છે.


| ક્રમ | લેખનું શીર્ષક | પાનક્રમાંક |
|---|---|---|
| I | 'દેતે હૈં ભગવાન કો ધોખા'નું પગેરું | 05 |
| II | અમારાં પ્રકાશનો | 14 |
| 01 | પુત્ર થશે, સીમન્તવીધી પતાવો! | 17 |
| 02 | જાદુઈ કાળી કામળી! | 25 |
| 03 | સાકરીયા બાપુ! | 34 |
| 04 | દેતે હૈં ભગવાન કો ધોખા, ઈન્સાં કો કયા છોડેંગે! | 43 |
| 05 | બાબો કે બેબી? | 50 |
| 06 | ધુણે ત્યારે બીજી ભાષા બોલે! | 58 |
| 07 | અદ્‌ભુત અરીસો! | 68 |
| 08 | ગોવીન્દનો આત્મા જવાબ ન આપી શક્યો! | 76 |
| 09 | તાવીજ પહેરવાથી શૌહર સારું કમાશે! | 85 |
| 10 | ચમત્કારીક સ્પર્શ! | 93 |
| 11 | નાગાબાપુનો ચમત્કાર | 99 |
| 12 | ચોપડાવાળા ચમત્કારી ભુવાજી! | 106 |
| 13 | આગીયો ભુત! | 116 |
| 14 | આ કેવી અન્ધશ્રદ્ધા! | 125 |
| III | ચમત્કાર ચકાસણી કેન્દ્રો અને સક્રીય કાર્યકરોની માહીતી | 133 |

I

# ‘દેતે હૈં ભગવાન કો ધોખા’નું પગેરું

અનુક્રમણીકા

ગુનાખોરી વધે ત્યારે આપણે ઉહાપોહ કરીએ છીએ; પરન્તુ એ ગુનાખોરી તૈયાર થઈ રહી હતી, ત્યારે આપણે ચુપ રહ્યા હતા, તે ભુલી જઈએ છીએ. મોટા ભાગના કીસ્સાઓમાં સમાજ જ ગુનાઓનું વાતાવરણ ઉભું કરે છે અને ક્રીમીનલ ગુનાઓ આચરે છે. જ્યાં શોષણ અને અન્યાય હોય ત્યાં ગુનાઓ બને જ છે. જ્યાં સુધી લોભ, લાલચ હશે ત્યાં સુધી ધુતારા ફાવશે. સમાજને એવા ક્રીમીનલ મળે છે, જેને માટે સમાજ પોતે લાયક હોય.

શીક્ષણના અભાવે પછાત સમાજમાં – કદાચ તેથીય વધુ શીક્ષીત સમાજમાં – બાપુઓ, સ્વામીઓ, મુનીઓ, દાદાઓ, મહન્તો, ભુવાઓ, મૌલવીઓ, મુજાવરો અને પાદરીઓ અન્ધશ્રદ્ધાની ઈન્ડસ્ટ્રીઝ ધમધોકાર ચલાવે છે. આર્થીક, સામાજીક અને કૌટુમ્બીક મુશ્કેલીઓમાં માણસ ફસાઈ જાય ત્યારે તે દોરાધાગા, નડતર, વશીકરણ, કાર્યસીદ્ધી વગેરેના માર્ગે ચડી જાય છે. ધર્મના ઠેકેદારો ભક્તોનાં ટોળાં એકત્ર કરી પ્રદુષણ ફેલાવે છે. વીશ્વશાન્તી અને પરોપકારની કથાઓ, યજ્ઞ અને હોમહવન કરનારા આ ઠેકેદારો સગીર બાળાની આબરુ લુંટતા ખચકાતા નથી. નૈતીકતાની વાતો ધાર્મીક સ્થળોમાં વધુ થાય છે; પરન્તુ

ત્યાં સૌથી વધુ કાળું નાણું એકત્ર થાય છે. જ્યાં સુધી આપણામાં ઉધ્ધાર કરાવી લેવાની લાલચ હોય ત્યાં સુધી હવસખોર બાપુઓ, સ્વામીઓ પેદા થતા જ રહેશે. નીતી, મુલ્યો આધારીત જીવન જીવવાનું આપણા હાથમાં છે, તે માટે કોઈ બાવા, બાપુ, ગુરુ, સ્વામી, સાધુ, દાદા, શાસ્ત્રી, મુની, મૌલવી, મુજાવર કે ભુવા પાસે જવાની જરુર નથી. સદ્‌ગુણ અને પુરુષાર્થ વીના ઉદ્ધાર કે મુક્તી શક્ય નથી.

કથાઓ અને બીજા અનેક ધાર્મીક મહોત્સવો દર વર્ષે થાય છે. પ્રશ્ન એ છે કે ઉપદેશોની અસર કેમ થતી નથી? સમાજમાંથી ગુનાખોરી કે છળકપટ કેમ ઓછા થતાં નથી? મહીલાઓ અને બાળકો સલામત કેમ નથી? વંચીતો કેમ ભુખમરો વેઠે છે? કથાઓ અને ધાર્મીક મહોત્સવો પાછળ જંગી ખર્ચ થાય છે; તે કરચોરો, સંગ્રહખોરો, સફેદ પોશાકમાં ફરતાં અસામાજીક તત્ત્વો, બીજાની જમીન–મકાન હડપ કરનારાઓ, શોષણખોરો અને ધર્મજડસુઓ પાસેથી એકત્ર કરવામાં આવે છે. આમ, કથાઓ અને ધાર્મીક મહોત્સવોના પાયામાં જ આટલો ભ્રષ્ટાચાર હોય તે કથામાં કે ધાર્મીક મહોત્સવોમાં અપાતા ઉપદેશનું મુલ્ય કેટલું? સમાજમાં નૈતીક મુલ્યોનું સ્થાપન થાય તે હેતુથી મન્દીર–મસ્જીદ બાંધીએ, અને તેનું ખર્ચ કાઢવા તેના કમ્પાઉન્ડની ઓરડીઓ દારુ–જુગારના અડ્ડા માટે ભાડે આપીએ તો તેનો અર્થ શો? બાપુઓ–ગુરુઓ પાસેથી મળતી લેજીટીમસીના કારણે અસામાજીક તત્ત્વોને, કાયદાનો ભંગ કરવામાં કે સામાજીક મુલ્યોને કચડી નાંખવામાં જરા પણ શરમ આવતી નથી. રામકથાના રાવણની ટીકા થાય; પરન્તુ સમકાલીન રાવણો કથાકારોની, ગુરુઓની આજુબાજુ વીંટળાઈ વળેલા

છે તેનું શું? હાલના રાવણોને ખુલ્લા પાડવામાં બાપુઓને કેમ સંકોચ થાય છે? ધર્મઝનુન કથાકારોને, પ્રગટ બ્રહ્મસ્વરુપોને, ગુરુઓને અને ભક્તોને અન્ધ, દીશાહીન, અવાસ્તવીક બનાવી મુકે છે. સામાજીક અને આર્થીક સમસ્યાઓ ઉકેલવા માટે પરીશ્રમ કરવાને બદલે પ્રભુભક્તીથી સુખ, શાંતી, પવીત્રતા, પરલોકનું રીઝર્વેશન મળી જશે; એવું ધાર્મીક ભોળપણ અવળી દીશા ચીંધે છે. કથાકારો અને સમ્પ્રદાયપ્રવર્તકો યજ્ઞો કરે છે, મેળા–મહોત્સવો ઉજેવે છે; તેના કારણે ભક્તોને નશો ચડે છે. પોતાનો ઈષ્ટદેવ એ જ ભગવાનનો ભગવાન છે, એવી શ્રદ્ધામાંથી જડતા ઉભી થાય છે. ધાર્મીકજડતા જ આતંકવાદનું મુળ છે. ભક્તોને બાપુઓ, બાબાઓ, શાસ્ત્રીઓમાં કૃષ્ણ દેખાય છે! ધર્મના નામે પોતાની જાગીર ઉભી કરનારા નવા પ્રકારની સામન્તશાહી સ્થાપી રહ્યા છે. બાપુઓ, શાસ્ત્રીઓ વંચીત વીરોધી છે. વાત માનવગૌરવની કરશે; પણ પોતાનું ગૌરવ વધે તેનું પાક્કું આયોજન હોય! ચમત્કારની વાતો કરનારાઓ કે તેમાં માનનારાઓ પાખંડી હોય છે. ચમત્કાર પાછળ થોડો અંશ શ્રદ્ધાનો અને ઘણો મોટો ભાગ પોતાની મોટાઈ દર્શાવવાનો હોય છે. લોકોની કામના, સ્વાર્થ, અતૃપ્તી, પુરુષાર્થહીનતા, અજ્ઞાન, ભોળપણ, ભક્તીની ખોટી કલ્પના, સાધુ, મહાત્મા, પ્રગટ બ્રહ્મસ્વરુપ કહેવડાવવાનો દમ્ભ અને ગુરુપણાને લઈને મળતો પ્રતીષ્ઠાનો લોભ; આ બધા તત્ત્વો ચમત્કાર પાછળ હોય છે. આ બધા કારણોસર સમ્પ્રદાયો બને છે અને ચાલે છે. ચમત્કાર તેને ગતી આપે છે. ગણપતીની મુર્તી દુધ પીએ તો રાવણની મુર્તી શું દારુ પીએ? ગાંડપણ બે પ્રકારના હોય છે. એક કુદરતી ખામીના કારણે મળેલું ગાંડપણ અને બીજું જાતે સ્વીકારેલ

ગાંડપણ. જાતે સ્વીકારેલ ગાંડપણ વધારે ખતરનાક હોય છે. આ પ્રકારના ગાંડપણમાં માણસ દેખતો હોવા છતાં આંધળો હોવાનો વ્યવહાર કરે છે. અને પોતાની વીવેકબુદ્ધી સાથે અસ્પૃશ્યતા પાળે છે. તેમાં કેટલાય ન્યાયાધીશો, કુલપતીઓ, સચીવો, શીક્ષણશાસ્ત્રીઓ, લેખકો, કવીઓ, તબીબો, વકીલો અને વૈજ્ઞાનીકોનો સમાવેશ થાય છે.

ધર્મ–સમ્પ્રદાયો હમ્મેશાં વંચીત વીરોધી હોય છે, ધર્મ હમ્મેશાં ભદ્ર લોકોનો હીતેચ્છુ રહ્યો છે. વંચીતોની સમસ્યાઓ પુર્વજન્મના કર્મોને કારણે છે, એવું ઠસાવનાર સમ્પ્રદાયો કઈ રીતે નૈતીક ક્રાંતી કરી શકે? ધર્મના ઠેકેદારોએ આગલા અને પાછલા જન્મોની જલેબીઓ જમાડી જમાડીને આપણા મોં ભાંગી નાંખ્યા છે, જેથી આપણે કદીય બીજું કશુ માંગીએ નહીં, કદીય જાગીએ નહીં! કેટલાંક ઠેકેદારો અહીંની રોટલી છીનવીને ત્યાં ઉપર અમૃત આપવાના વચનો આપે છે! અહીં તન ઉપરનું એકનું એક ચીથરું તાણી લઈને બાવન ગજની ધજાઓ ફરકાવે છે. આ ઠેકેદારો માણસજાત ઉપર ભરોસો નથી રાખી શકતા એટલે જ આપણને પથ્થર પર શ્રદ્ધા રાખવાનું શીખવાડે છે! સંગઠીત ધર્મોએ માણસની ચેતના છીનવી લીધી છે. આમાંથી છુટવા શું કરવું?

કીશોરલાલ મશરુવાળાએ ત્રણ સચોટ ઉપાયો સુચવ્યા છે :

1. પરમેશ્વર સીવાયના બીજા બધા ઈશ્વરનો, દેવોનો વીરોધ. બાપુઓ, શાસ્ત્રીઓ, પ્રગટ બ્રહ્મસ્વરુપોનો વીરોધ, અવતારનો વીરોધ, મુર્તીપુજાનો વીરોધ, મન્દીર–સ્થાપનાનો વીરોધ.

2. કોઈ પણ શાસ્ત્ર, તે વેદ, ગીતા, કુરાન કે બાઈબલ ઈશ્વરપ્રણીત છે, તેમ માનવું નહીં. વીવેકબુદ્ધી ના કહે તે વચનને સ્વીકારવું નહીં.

3. કોઈ મનુષ્યને પરમેશ્વર કે પયગમ્બરની કોટીમાં મુકવો નહીં. કોઈ મહાપુરુષ ભુલ કરે જ નહીં, તેવું માનવું નહીં. મહાપુરુષોએ સમાજવીરોધી આચારો કર્યા હોય તો તેને છાવરવાં નહીં. તેનું એકેએક ચરીત્ર શુધ્ધ, દીવ્ય, શ્રવણકીર્તન યોગ્ય જ છે, એમ સમજવું નહીં.

લોકજાગૃતીથી મોટાભાગના ગુનાઓ અટકાવી શકાય છે. માત્ર પોલીસથી ગુનાઓ અટકી જતા નથી કે કાયદો–વ્યવસ્થા જળવાઈ જતાં નથી. લોકોમાં ગુનાખોરી સાંખી ન લેવાના સંસ્કાર હોય તો પણ ગુનાઓ અટકે છે. ગુજરાતમાં રાત્રે પણ મહીલાઓ હરીફરી શકે છે તેનું કારણ ‘ગુજરાતની સંસ્કારીતા’ છે. મહીલાની છેડતી કે મહીલા સમ્બન્ધી ગુનાઓ થાય તો ગુજરાતના લોકો એક થઈ સામનો કરે છે. સમાજનો ડર મહત્ત્વની ભુમીકા ભજવે છે.

‘સંદેશ’ અખબારની અર્ધસાપ્તાહીક પુર્તીમાં ‘પગેરું’ શીર્ષક હેઠળ પ્રસીદ્ધ થયેલ આ સત્ય ઘટનાકથાઓમાં સનસનાટી ફેલાવવાનો બીલકુલ આશય નહોતો; પરન્તુ છુપો મૅસેજ આપવાનો હેતુ હતો. એવી કઈ કઈ બાબતો છે, જે ધ્યાને લઈએ તો ગુનાનો ભોગ બનતા આપણે બચી જઈએ? આ ઘટનાકથાઓમાં કલ્પનાના રંગો બીલકુલ નથી.

ઘટનાક્રમ જે રીતે રચાયો, તેની સાવ સાચી રજુઆત અને ગુંથણી આ પ્રસંગોમાં છે. સાચે જ હકીકત, કલ્પના કરતાં ચઢીયાતી હોય છે.

વરીષ્ઠ પત્રકાર અને લેખકશ્રી કૃષ્ણકાન્ત ઉનડકટે વારંવાર આગ્રહ કર્યો ન હોત તો આ ઘટના–કથાઓ અવતરી ન હોત. પત્રકાર મેહુલ મંગુબહેને આ કથાઓની માવજત કરીને વધુ રસપ્રદ બનાવી છે. નવસારીના રૅશનાલીસ્ટ ગોવીન્દ મારુએ પોતાના બ્લોગ ‘અભીવ્યક્તી’ મારફતે દેશ–પરદેશના વીશાળ વાચકવર્ગ સમક્ષ આ સત્યઘટનાઓ મુકી. દુરદેશાવર વસેલા સાવ અજાણ્યા વાચકવર્ગ સાથે જોડાવાનો આનન્દ જ અલગ હોય છે. કેટલાય વાચકોએ પોતાની સમસ્યા રજુ કરી. પોતાને થયેલ અન્યાય માટે ન્યાય મેળવવા મદદ માંગી. ગોવીન્દભાઈના ‘અભીવ્યક્તી’ બ્લોગ મારફતે ‘પગેરું’ કૉલમ લોકજાગૃતીનું માધ્યમ બની એનો મને ઉંડો સન્તોષ છે. તે બદલ હું ગોવીન્દભાઈનો હૃદયપુર્વક આભાર માનું છું. ચીત્રકારશ્રી રણમલ સીંધવે રેખાચીત્રોની સજાવટ દ્વારા આ ઈ.બુકની સત્યઘટનાઓને વધુ સચોટ અને પ્રકાશમાન બનાવી છે, તે બદલ રણમલભાઈનો આભાર. લેખક કેદારનાથજી, કીશોરલાલ મશરુવાળા અને રમણ પાઠકના વીચારો ખુબ તાજાં લાગે છે. વીચારપત્રો– નયામાર્ગ, નીરીક્ષક, વૈશ્વીક માનવવાદ અને ભુમીપુત્રે ઘણું વીચારભાથું આપ્યું છે, અને તેમાં અનેક વખત જુદા જુદા નામે લખ્યું પણ છે. આ વીચારપત્રોના તન્ત્રી ઈન્દુકુમાર જાની, પ્રકાશ ન. શાહ, બીપીન શ્રોફ, પ્રા. જયંતી પટેલ, કાંતીભાઈ શાહ અને જગદીશ શાહનું આ પ્રસંગે સ્મરણ કરું છું.

વાચકમીત્રોના ખુબ જ ઉષ્માસભર પ્રતીભાવો મળ્યા, તેમાં સુબોધ શાહ, પ્રદીપ એચ. દેસાઈ, પી. કે દાવડા, અમૃત હજારી, અરવીન્દ અડાલજા, નવીન બેન્કર, વલીભાઈ મુસા, કાસીમ અબ્બાસ, ફીરોઝ ખાન, દેવીકા ધ્રુવ, ધૃતી મોદી, રજનીકાંત દેસાઈ, કલ્પના દેસાઈ, પુર્વી કૃણાલ શાહ, સંગીતા પાંડે, રોહીત દરજી, મયુર વૈષ્ણવ, જીજ્ઞેશ અધ્યારુ, નવીન નાગરેચા, અનીલા પટેલ, ડૉ. અશ્વીન શાહ, સંજય અને સ્મીતા ગાંધી, ડૉ. સુધીર મહેતા, કીશોર મોદી, મુકુન્દ શાહ, મધુસુદન શાહ, વીરેન શાહ, પારુલ મહેતા, વીમળા હીરપરા, પ્રજ્ઞાજુ, વીમળા ગોહીલ, ભગવાનજી રૈયાણી, ચીમન પટેલ (ચમન), હીમાંશુ પટેલ, વીક્રમ દલાલ, એમ. એચ. ઠાકર, ગીરીશ રાણા, દીનેશ એ. પટેલ, મહેબુબ કાસમભાઈ મલેક, કરસન ભક્ત, વીપુલ દેસાઈ, પ્રવીણકુમાર પટેલ, ભરત આચાર્ય, નરેન્દ્ર મસરાણી, મનસુખ બી. ગજ્જર, સુરેશ શાહ, મધુસુદન શાહ, અમુલ શાહ, કાલીદાસ ગોહીલ, વીનોદ આર. પટેલ, વીજય જોશી, સંજય નાનાણી, ગાંડાભાઈ વલ્લભભાઈ પટેલ, ગીરીશ દવે, પ્રવીણકાન્ત શાસ્ત્રી, પી. એમ. પટેલ, સુમન્તરાય મીસ્ત્રી, સીદ્ધાર્થ દેગામી, જગદીશ સોની, રજનીકાંત શાહ, પંકજ વાઘેલા, હસમુખ એ. મારુ, રવીન્દ્ર ભોજક, રવી ઢોલરીયા, જુગલકીશોર વ્યાસ, વીનોદ આર. પટેલ, ચીમનલાલ દેસાઈ, થાનસીંહ જાડેજા, રવજી ગાબાણી, ભુષણ જીકાર, નાથુભાઈ ડોડીયા, ભાનુશંકર એમ. દવે, નવીન કાટવાલા, આર. એચ. વણકર, એસ. એમ. દવે, અમુલ શાહ વગેરે દેશના અને સાત સાગર પાર વસેલા પ્રતીભાવકોએ મારામાં વધુ જુસ્સો પ્રગટાવ્યો.

પાખંડનું ‘પગેરું’ મેળવવાનું કામ સહેલું નથી. તે માટે નીર્ભયતા, હીમ્મત, સાહસ, નીષ્ઠા અને માનવીય અભીગમ જોઈએ. અન્ધશ્રદ્ધાળુ અને જડ સમાજમાં ચમત્કારોને પડકારવાનું કામ જોખમી છે. ‘સત્યશોધક સભા’, સુરતના હૃદયસ્થ બાબુભાઈ દેસાઈ, આચાર્ય સીદ્ધાર્થ દેગામી, નીવૃત્ત આચાર્ય સુનીલ શાહ, જવાંમર્દ માધુભાઈ કાકડીયા, કલાશીક્ષકો ગુણવન્તભાઈ અને કરુણાબહેન ચૌધરી, ઝેહરાબહેન સાયકલવાળા, એડવોકેટ જગદીશભાઈ વક્તાણા, પરેશ લાઠીયાએ આવાં જોખમ ખેડ્યાં છે. ‘જનવીજ્ઞાન જાથા’, રાજકોટના જન્યત પંડ્યા, ‘ચમત્કાર ચકાસણી કેન્દ્ર’, પાલીતાણા (હાલ અમદાવાદ)ના ચતુરભાઈ ચૌહાણે પર્દાફાશ કરી તરખાટ મચાવી દીધો. ‘હ્યુમેનીસ્ટ રૅશનાલીસ્ટ સોસાયટી’, ગોધરાના મુકુન્દ સીન્ધવ, ‘લોકવીજ્ઞાન કેન્દ્ર’, ગોધરાના ડૉ. સુજાત વલી, ‘બનાસકાંઠા જીલ્લા અન્ધશ્રદ્ધા નીર્મુલન સમીતી’, પાલનપુરના અશ્વીન કારીઆ(નીવૃત્ત પ્રીન્સીપાલ, લૉ કૉલેજ), આચાર્યશ્રી જગદીશ સુથાર, નીવૃત્ત એન્જીનીયર ગીરીશ સુંઢીયા, ‘વહેમ અન્ધશ્રદ્ધા નીવારણ કેન્દ્ર’, નડીયાદના ડૉ. જેરામભાઈ દેસાઈ તથા ‘વહેમ અન્ધશ્રદ્ધા નીવારણ કેન્દ્ર’, આણંદના સોમભાઈ પ્રજાપતી વગેરેએ પાખંડીઓના કાન બરાબર આમળ્યા છે.

પાખંડના પ્રદુષણથી દયાનન્દ સરસ્વતી અને અખો અકળાઈ ઉઠ્યા હતા :

લોભી ગુરુ લાલચી ચેલા, દોનોં ખેલે દાવ,
ભવસાગર મેં ડુબતે, બૈઠ પથ્થરકી નાવ!

બહુજન સમાજમાં આ ઈ.બુક રૅશનલસમજ પ્રગટાવશે અને તેના **શ્રેયાર્થી** હશે, ગોવીન્દ મારુ અને ઉત્તમ ગજ્જર. તેમની ઝીણીઝીણી કાળજીના કારણે જ આ ઈ.બુક વીશાળ વાચકવર્ગ સુધી સુઘડ રીતે પહોંચી છે; આ માટે 'મણી મારુ પ્રકાશન'નો હું આભારી છું.

પરીવારના વસંત, એકતાની દરકાર; અને અયાન, કહાનની હુંફ કેમ ભુલાય?

–રમેશ સવાણી
10-Jatin Banglo, B/h-Judge's Banglo,
Police Choki, Bodakdev,
Amdavad – 380 054
Mobile : 99099 26267
e.Mail : rjsavani@gmail.com

## II

# અમારાં પ્રકાશનો

અનુક્રમણીકા

નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે 'મણી મારુ પ્રકાશને' ઈ.બુક્સનું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારું પ્રત્યેક પ્રકાશન માત્ર સદ્ વીચારોના પ્રસાર માટે વાચકોને ની:શુલ્ક મળે છે. અમે 26 જાન્યુઆરી, 2018 સુધીમાં નીચે મુજબની 20 ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે :

1. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 01 (પાનાં : 113; મુલ્ય : મફત)
2. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 02 (પાનાં : 108; મુલ્ય : મફત)
3. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. મુરજી ગડાના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 03 (પાનાં : 127; મુલ્ય : મફત)
4. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની (ઈ.બુક) – 'વીવેક–વલ્લભ' (પાનાં : 190; મુલ્ય : મફત)
5. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 18 વીષયો પર લખેલા ચીન્તનાત્મક લેખોમાંથી 206 રૅશનલ મુદ્દાઓ તારવી કાઢીને 'વીવેકવીજય' ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથની (ઈ.બુક) – 'વીવેકવીજય' (પાનાં : 131; મુલ્ય : મફત)
6. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'આનન્દની ખોજ' (પાનાં : 53; મુલ્ય : મફત)
7. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'ટીન–એજ'માં બોયફ્રેન્ડથી સાવધાન' (પાનાં : 51; મુલ્ય : મફત)

8. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. રોહીત શાહના 25 લેખોની ઈ.બુક 'અભીવ્યક્તી'–ઈ.બુક – 04 'અધ્યાત્મના આટાપાટા' (પાનાં: 111; મુલ્ય : મફત)
9. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'આનન્દનું આકાશ' (પાનાં : 116; મુલ્ય : મફત)
10. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ની આત્મકથાની (ઈ.બુક) – 'આત્મઝરમર' (પાનાં : 257; મુલ્ય : મફત)
11. આર્યસમાજી અને લેખક શ્રી. નાથુભાઈ ડોડીયાની ઈ.બુક 'દુ:ખ નીવારણના ભ્રામક ઉપાયો' (પાનાં : 26; મુલ્ય : મફત)
12. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. એન. વી. ચાવડાના 14 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 05 'ચાર્વાક દર્શન' (પાનાં : 96; મુલ્ય : મફત)
13. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 20 લેખોની ઈ.બુક 'અભીવ્યક્તી'–ઈ.બુક – 06 'સત્યસન્દુક' (પાનાં : 110)
14. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'સમ્બન્ધમીમાંસા' (પાનાં : 83; મુલ્ય : મફત)
15. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'જીન્દગી કઈ રીતે જીવશો ?' (પાનાં : 75; મુલ્ય : મફત)
16 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. વલ્લભ ઈટાલીયાના 10 લેખોની ઈ.બુક 'અભીવ્યક્તી'–ઈ.બુક – 07 'વીચારયાત્રા' (પાનાં : 84; મુલ્ય : મફત)
17 અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. બી. એમ. દવે (જેલ ખાતાના નીવૃત્ત પ્રશાસક અને લેખક)ના 08 લેખોની ઈ.બુક 'ભ્રમ ભાંગ્યા પછી...' (પાનાં : 90; મુલ્ય : મફત)
18 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા સુશ્રી. કામીની સંઘવીના 11 લેખોની ઈ.બુક 'અભીવ્યક્તી'–ઈ.બુક – 09 'કીતની હકીકત, કીતના ફસાના ?' (પાનાં : 72; મુલ્ય : મફત)

19 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ઈ.બુક 'અભીવ્યક્તી'–ઈ.બુક – 10 'રૅશનાલીઝમનો ઘંટનાદ' (પાનાં : 93; મુલ્ય : મફત)

20 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. રમેશ સવાણીના 14 લેખોની ઈ.બુક 'અભીવ્યક્તી'–ઈ.બુક – 11 'દેતે હૈં ભગવાન કો ધોખા' (પાનાં : 136; મુલ્ય : મફત)


## મણી મારુ

●'ઈ.બુક' પ્રકાશક●

405, સરગમ એપાર્ટમેન્ટ,

કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@yahoo.co.in


♦◆♦◆♦

**01**

# પુત્ર થશે, સીમન્તવીધી પતાવો!



અનુક્રમણીકા

નરેશભાઈ ધામેલીયા (ઉમ્મર : 35) અને તેમનાં પત્ની ગીતાબહેન (ઉમ્મર : 32) સુરતના કતારગામ વીસ્તારમાં રહેતાં હતાં. પ્લાયવુડ વેચવાનો ધન્ધો સરસ ચાલતો હતો. બન્નેની જોડી એવી હતી; જાણે એકબીજા માટે જ બન્યાં હોય! બન્ને પ્રેમમાં એટલા ડુબેલાં રહેતાં હતાં કે લગ્નજીવનનાં દસ વર્ષ ક્યારે વીતી ગયાં, તેનો ખ્યાલ જ ન રહ્યો.

એક દીવસ ગીતાબહેને કહ્યું : “નરેશ, તમે કાનજી છો, અને હું રાધા!”

“તું શું કહેવા માંગે છે? ગીતા!”

“નરેશ, કવી પ્રીયકાન્ત મણીયારે આપણા માટે જ ગીતનું સર્જન કર્યું છે!

‘આ નભ ઝુક્યું તે કાનજી ને ચાંદની તે રાધા રે,
આ સરવરજલ તે કાનજી ને પોયણી તે રાધા રે!
આ બાગ ખીલ્યો તે કાનજી ને લ્હેર જતી તે રાધા રે!
આ પરવત–શીખર તે કાનજી ને કેડી ચડે તે રાધા રે!’

નરેશભાઈ ગીતાને તાકી જ રહ્યા અને પછી વેલ વૃક્ષને વળગે તેમ તેને વીંટળાઈ ગયા!

નરેશભાઈએ કહ્યું : “ગીતા! આ રવીવારે ‘મોતાલ’ ગામે જવું છે. મેં સાંભળ્યું છે કે તપસ્વી કાશીબહેનમાં માતાજીનો વસવાટ છે! માતાજીના આશીર્વાદથી સન્તાનપ્રાપ્તી થાય છે!”

“નરેશ, સન્તાન થવું કે ન થવું તે કુદરતના હાથની વાત છે. એમાં કોઈ હસ્તક્ષેપ કરી શકે તો તે ડૉક્ટર છે. ટેસ્ટટ્યુબ સીસ્ટમ છે. વીજ્ઞાન છે. આવી બાબતમાં માતાજી કઈ રીતે દખલ કરી શકે?”

“ગીતા! શ્રદ્ધા મોટું પરીબળ છે. શ્રદ્ધા હોય તો હીમાલય પણ ઓળંગી જવાય!”

“નરેશ, શ્રદ્ધા એટલે જ અન્ધશ્રદ્ધા! શ્રદ્ધા અને વીશ્વાસ વચ્ચે ફરક છે. શ્રદ્ધામાં માની લેવાનું હોય છે, જ્યારે વીશ્વાસમાં માની લેવાનું હોતું નથી. વીશ્વાસમાં વાસ્તવીક્તા ધ્યાને લેવાય છે, તેમાં શક્યતાને ધ્યાને લેવાય છે. અગ્નીથી દઝાય નહીં, તે શ્રદ્ધા છે; પરન્તુ ચોક્કસ પોશાક પહેરવામાં આવે તો અગ્નીથી દઝાય નહીં, તે વીશ્વાસ છે!”

“ગીતા, તારું રૅશનાલીઝમ મને ગળે ઉતરતું નથી. મારી ખુશી ખાતર તારે મારી સાથે આવવાનું છે!”

“ભલે, તમે ખુશ થતા હો તો હું જરુર આવીશ!”

તારીખ 06 જુન, 2010ને રવીવાર. બપોરના ત્રણ વાગ્યે નરેશભાઈ અને ગીતાબહેન પંચમહાલ જીલ્લાના મોતાલ ગામે કાશીબહેનના સ્થાનકે પહોંચ્યાં. કાશીબહેન(ઉમ્મર : 40) કાળાં કપડાંમાં પ્રભાવશાળી લાગતાં હતાં. બન્નેએ આશીર્વાદ ગ્રહણ કર્યા. કાશીબહેને કહ્યું : “નરેશભાઈ, માતાજી પાસે શું માંગવા આવ્યા છો?”

“માતાજી! અમે બહુ સુખી છીએ. પણ આનન્દ થોડો ઘટે છે. લગ્ન થયાંને દસ વરસ થઈ ગયાં; પણ સન્તાન નથી!”

"નરેશભાઈ, ચીંતા ન કરો. આ કામ તો માતાજીનું છે. અહીં ટચુકડાં ઘોડીયાં કેટલાં લટકે છે! માનતા ફળી તે બધાં અહીં ઘોડીયાં ચડાવે છે! તમે માનતા માનો એટલે કામ પુરું!"

"માતાજી! હું તો છેલ્લાં દસ વર્ષથી માનતા માનું છું, ઈચ્છા કરું છું; છતાં સન્તાનપ્રાપ્તી નથી થતી!"

કાશીબેને ધુપદીપ કર્યા. અગરબત્તીઓ પેટાવી. નરેશભાઈ અને ગીતાબહેનનાં કપાળે કંકુ– તીલક કર્યું. થોડીવાર આંખો બન્ધ કરી હોઠ ફફડાવ્યા. અચાનક કાશીબહેનનું શરીર ધ્રુજવા લાગ્યું. જમીન ઉપર જોર જોરથી હાથ પછાડવા લાગ્યા અને કહ્યું : "નરેશભાઈ! માતાજી એરકંડીશન યન્ત્ર માંગે છે!"

"માતાજી! હું તૈયાર છું. આવતા રવીવારે હું લઈને આવીશ!"

"નરેશભાઈ, અહીં જે સન્તાનપ્રાપ્તી માટે આવે છે, તે મહીલાને સાતમે મહીને સીમન્ત વીધી–ખોળો ભરવાનો વીધી કરવાનું સૌભાગ્ય મળે છે. સાતમે મહીને ખોળો ભરજો. પુત્રપ્રાપ્તી થશે; પરન્તુ એ પુત્ર મૃત હાલતમાં અવતરશે!"

"માતાજી! અમારી સાથે આવો અન્યાય? મૃત પુત્રનો શો અર્થ?"

"નરેશભાઈ! ચીંતા ન કરો. વીધી કરવો પડશે! માતાજીને રીઝવવા પડશે. બે તોલા સોનાની ચેઈન ચડાવવી પડશે! અઢી લાખ

રુપીયાની બાધા માનવી પડશે. આવતા રવીવારે એ.સી. મશીન, ચેઈન અને રુપીયા લઈને આવજો. પુત્રપ્રાપ્તી જરુર થશે!”

નરેશભાઈ અને ગીતાબહેન માતાજીને તાકી રહ્યાં! માતાજીએ બન્નેનાં માથાં ઉપર હાથ ફેરવી આશીર્વાદ આપ્યા.

બન્ને સુરત પરત જવા રવાના થયા. ગીતાબેને કહ્યું : “નરેશ! માતાજી આવી માંગણી કરે, તે હું માનતી નથી. આ અન્ધશ્રદ્ધા છે. માતાજીને ભૌતીક ચીજવસ્તુઓની શી જરુર પડે?”

“ગીતા, માતાજીના સ્થાનકે પાંચસોથી વધુ ઘોડીયાં લટકતાં હતાં. એ કંઈ અમસ્તાં થોડાં લટકતાં હશે? લોકોને સન્તાનપ્રાપ્તી થઈ હોય તો જ ઘોડીયાં લઈને આવે ને! શ્રદ્ધાનું પરીણામ મળતું હોય છે. મારી ખુશી ખાતર એક વખત વીધી કરવા તું રાજી થઈ જા!”

“ભલે, તમારી ખુશીમાં મારી ખુશી!”

પછીના રવીવારે, નરેશભાઈ અને ગીતાબહેન એ.સી.મશીન, સોનાની ચેઈન અને અઢી લાખ રુપીયા લઈને કાશીબહેનના સ્થાનકે હાજર થયાં. કાશીબહેને કહ્યું : “નરેશભાઈ, માતાજીનો આદેશ થઈ ગયો છે. પુત્રપ્રાપ્તી થશે. પુત્ર રુપાળો હશે. પુત્ર મોટો થઈને કલેક્ટર બનશે!”

“માતાજી, આપના આશીર્વાદ કાયમ અમારી સાથે રહો!”

"નરેશભાઈ, સાતમે મહીને સીમન્તવીધી કરજો!"

બન્ને માતાજીને પગે લાગ્યાં. પ્રસાદ લીધો અને સુરત પરત જવા રવાનાં થયાં. ગીતાબહેને કહ્યું : "નરેશ! મને કંઈ ગળે ઉતરતું નથી. કાશીબહેનને બે દીકરી અને બે દીકરા છે. કાશીબહેનમાં માતાજી વસતાં હોય તો તેણે પોતાનાં દીકરી–દીકરાને કેમ કલેક્ટર ન બનાવ્યાં? મને શંકા જાય છે!"

"ગીતા! શંકા કરીશ નહીં. શ્રદ્ધા રાખ. માતાજી અંગે શંકા કરીએ તો માતાજી આપણું ધનોતપનોત કાઢી નાંખે! મારી ખુશી ખાતર તું શંકા ન કર!"

સાતમો મહીનો બેઠો. નરેશભાઈ ખુશખુશાલ હતા. સીમન્તવીધીની તૈયારી શરુ થઈ ગઈ. નરેશભાઈએ કહ્યું : "ગીતા! સીમન્તની વીધી કયા દીવસે રાખીશું?"

"નરેશ! તમે ગાંડા થઈ ગયા છો? સીમન્તવીધી તો ત્યારે કરાય જ્યારે ગર્ભ રહ્યાને સાત મહીના થયા હોય! મારા પેટમાં કંઈ નથી; તો સીમન્તવીધી કઈ રીતે કરાય?"

"ગીતા, તારી વાત સાચી. મને પણ એવું જ લાગતું હતું; પરન્તુ હું ગઈકાલે મોતાલ ગામે માતાજીના સ્થાનકે ગયો હતો. મેં માતાજીને આ સમસ્યા જણાવી. માતાજીએ કહ્યું કે પુત્ર થશે, સીમન્તવીધી પતાવો!"

“પણ લોકો શું કહેશે! પેટમાં કંઈ નથી, ખાલી છે અને સીમન્તવીધી!”

“ગીતા, લોકો શું કહેશે, તેની ચીન્તા છોડી દે! માતાજીએ શું કહ્યું છે, તેનો વીચાર કર!”

“નરેશ, તમે શું બોલો છો? તમે વાસ્તવીક્તા સ્વીકારવા કેમ તૈયાર નથી?”

“ગીતા, મારા સમ. હું કહું તેમ કર. માતાજી ચમત્કાર કરશે! મારી ખુશી ખાતર!”

તારીખ 06 જાન્યુઆરી, 2011ને ગુરુવારે સીમન્તવીધી થઈ. બીજા બે મહીના ગયા. નરેશભાઈ ચીન્તામાં મુકાઈ ગયા! નવ મહીના થયા; છતાં પુત્રપ્રાપ્તીનો ચમત્કાર ન થયો! ગીતાબહેને કહ્યું : “નરેશ! લોકો હવે મને પુછે છે, મારે શું કહેવું?”

નરેશભાઈ કંઈ બોલી શક્યા નહીં. તેણે કાશીબહેનને ફોન કર્યો : “માતાજી! નવ મહીના થયા; પુત્રપ્રાપ્તી કેમ ન થઈ?”

“નરેશભાઈ, શ્રદ્ધા રાખો. પુત્ર અવશ્ય અવતરશે!”

આ કીસ્સો, ‘સત્યશોધક સભા’, સુરતના કાર્યકર મધુભાઈ કાકડીયા અને સીદ્ધાર્થ દેગામી સમક્ષ રજુ થયો. કાશીબહેનથી છેતરાયા હોય તેવા સુરતમાં ઘણા લોકો હતા. મધુભાઈએ સૌને એકત્ર કર્યા અને

સૌને લઈને ‘પગેરું’ મેળવવા મોતાલ ગામે પહોંચ્યા. છેતરાયેલા ભક્તોની આટલી મોટી સંખ્યા જોઈ, કાશીબહેન એટલાં બધાં ગભરાયાં કે તેણે અઢી લાખ રુપીયા, સોનાની ચેઈન નરેશભાઈને પરત કર્યાં અને સૌની માફી માંગી.

હવે ગીતાબહેનની આંખોમાં આંખ પરોવીને નરેશભાઈ જોઈ શક્તા ન હતા. સીમન્તવીધીને કારણે કુટુમ્બીજનોમાં, સમાજમાં કોઈની સાથે તે હળીમળી શક્તા ન હતા. ગીતાબહેનનો પ્રેમ એટલો જ છલકાતો હતો; પણ નરેશભાઈ ભીંજાઈ શક્તા ન હતા. એમના મગજમાં ઉથલ–પાથલ થઈ રહી હતી.

તારીખ 06 ફેબ્રુઆરી, 2012ને સોમવારે સવારના આઠ વાગ્યે, નરેશભાઈએ ઝેર પી આત્મહત્યા કરી!

છ વરસ થયાં. ગીતાબહેનની આંખો સુકાતી નથી. તેમના હૃદયમાં ઘુંટાય છે :

“આ ચાલ્યાં ચરણ તે કાનજી ને પગલી પડે તે રાધા રે,
આ કેશ ગુંથ્યા તે કાનજી ને સેંથી પુરી તે રાધા રે,
આ દીપ જલે તે કાનજી ને આરતી તે રાધા રે,
આ લોચન મારાં કાનજી ને નજરું જુએ તે રાધા રે!”

◆◆◆◆◆

## 02

# જાદુઈ કાળી કામળી!



અનુક્રમણીકા

તારીખ 10 ડીસેમ્બર, 2009ને ગુરુવાર. સમય સવારના અગીયાર વાગ્યાનો. સ્થળ : દાહોદ જીલ્લાનું હીરોલા ગામ. હજારો માણસોનો મેળો ભરાયો હતો. લોકો દુર દુરથી મોટી આશા સાથે આવ્યા હતા. જીપ અને છકડા રીક્ષામાં માણસોનું ભરોટું ભર્યું હોય તે રીતે સૌ આવી રહ્યા હતા. સાઉન્ડ સીસ્ટમમાં ડાકલાં અને સંગીતનો પ્રવાહ વહેતો હતો. શ્રીફળ, અગરબત્તી, ફુલ અને ખાણીપીણીનું બજાર ઉભું થઈ ગયું હતું. સર્વત્ર ધાર્મીક માહોલ દેખાતો હતો.

લોકો અહોભાવથી ચર્ચા કરતા હતા : “બાપુમાં માતાજી બીરાજે છે! બાપુ ચમત્કાર કરે છે!”

“બાપુ લકવાગ્રસ્તને દોડતો કરે છે! અપંગને સાજા કરે છે! શારીરીક–માનસીક બીમાર લોકોને ચપટી વગાડતા જ સારા કરે છે!”

“બાપુની કાળી કામળી જેના માથા ઉપર ફરે તેનો બેડો પાર થઈ જાય!”

“આ બધું જાદુઈ કાળી કામળી કરે છે! પન્દર–વીસ વરસથી જેના ઘરે પારણું નહોતું બંધાયું ત્યાં બાપુની કાળી કામળીના પ્રતાપે પુત્ર–જન્મ થયાં છે! કાળી કામળી તમારા માથા ઉપર ફરે ત્યારે તમે જે ઈચ્છો તે થાય જ!”

“દવાખાનામાં જવા છતાં રોગ મટ્યા ન હોય તેવા રોગ બાપુ તાત્કાલીક દુર કરે છે! ડૉક્ટર નીષ્ફળ ગયા હોય તેવા કીસ્સામાં રોગીઓનાં દર્દ બાપુના સ્પર્શ કરવાથી જતાં રહે છે!”

“હજારો લોકો એકઠાં થાય છે. રાજકીય નેતાઓ, અધીકારીઓ બાપુના આશીર્વાદ માટે તલસે છે. લોકો કલાકો સુધી લાઈનમાં ઉભા રહે છે, છતાં વારો આવતો નથી! જે લોકો આશીર્વાદથી વંચીત રહી ગયા હોય, તેઓ બાપુના બીજા દરબારની રાહ જુએ છે! કેટલાંક લોકો બાપુના ચાર–પાંચ દરબારમાં જાય છતાં વારો આવતો નથી! બાપુ એક અને આશીર્વાદ ઈચ્છુકો લાખો અને કરોડો!”

"બાપુ મહાન છે. કોઈની પાસેથી રુપીયા માંગતા નથી!"

"બાપુ તો સમાજસુધારક પણ છે. દારુમુક્તી અને દહેજમુક્તીની વાતો કરે છે!"

"બાપુ સંત છે! ધાર્મીક સંસ્કારોનું સીંચન કરે છે! બાપુ મહાન માનવતાવાદી છે!"

"બાપુ દુઃખી ગાયોનાં રક્ષક છે. દસ એકર જમીનમાં ત્રણ હજાર દુઃખી અને રોગી ગાયો રહી શકે તેવી ગૌશાળા ઉભી કરીને બાપુ પ્રચંડ ધર્મકાર્ય કરી રહ્યા છે!"

"લીમખેડા તાલુકામાં બાપુનો આશ્રમ છે, ત્યાં ભક્તજનો માટે રહેવાની અને જમવાની વ્યવસ્થા છે. લોકસેવામાં બાપુથી આગળ કોઈ નથી!"

હીરોલા ગામ આજે ભાગ્યશાળી બન્યું હતું. બાપુની પધરામણી ગામમાં થઈ હતી. બાપુની પધરામણી માટે પાંચ વર્ષ સુધી જુદાં જુદાં ગામ–સ્થળનું બુકીંગ થઈ ગયું હતું! બાપુની પધરામણી સર્વરોગ સારવાર કેમ્પ બની જતો. સર્વ ઈચ્છાપુર્તી દરબાર બની જતો! બાપુના સેવકો ગૌશાળા માટે ફાળો એકત્ર કરવામાં મસ્ત બની જતા!

બાપુ પોતાના માથા ઉપર જાદુઈ કાળી કામળી ફેરવે તેની દુઃખી, અપંગ, બીમાર લોકો પ્રતીક્ષા કરી રહ્યા હતા. ડાકલાં અને

સંગીતનો ધમધમાટ ચાલુ હતો. લોકો શ્રીફળ અને અગરબત્તી લઈને બાપુના ચરણસ્પર્શ કરી રહ્યા હતા.

સાંજના ચાર વાગ્યા. દુઃખી લોકોની લાઈન હજુ લાંબી હતી. એક મોટો ટ્રક ભરાય તેટલાં શ્રીફળનો ઉંચો ઢગલો થઈ ગયો હતો. બાપુને આશીર્વાદ આપવાનો થાક લાગ્યો ન હતો, તેઓ બમણી  ઉર્જાથી દુઃખી લોકોના માથા ઉપર કામળી ફેરવી રહ્યા હતા.

અચાનક બાપુની આંખો પહોળી થઈ ગઈ. એક લકવાગ્રસ્ત જુવાન બાપુના પગમાં ઢળી પડ્યો. બાપુએ ત્રણ–ચાર વખત તેના માથા ઉપર કાળી કામળી ફેરવી પણ જુવાન હલ્યો નહીં. જુવાન બેહોશ હતો. બાપુએ જુવાનને પોતાના પગ પાસેથી દુર ખસવા કીધું; પણ જુવાન સાંભળવાની સ્થીતીમાં ન હતો. બાપુને ગમ્ભીરતાનો ખ્યાલ આવી ગયો. ઉહાપોહ થાય તે પહેલાં, સર્વરોગ સારવાર કેમ્પ પુરો થાય છે અને હવે પછી જ્યાં કેમ્પ યોજાય ત્યાં દુઃખી લોકોએ હાજર રહેવું, તેવી બાપુએ જાહેરાત કરી.

એક અખબારમાં જાદુઈ કાળી કામળીના સમાચાર પ્રસીદ્ધ થયા. સામાન્ય રીતે આવા સમાચારો વાંચીને લોકો નજર ફેરવી લેતા હોય છે. કોઈ નીસ્બત ન હોય તે રીતે! પરન્તુ ગોધરાની એક સંસ્થા ‘હ્યુમેનીસ્ટ રૅશનાલીસ્ટ એસોશીયેશન’ના હોદ્દેદારોને આ સમાચારે વીચારતા કરી મુક્યા.

'હ્યુમેનીસ્ટ રૅશનાલીસ્ટ એસોશીયેશન', ગોધરાના પ્રમુખ મુકુન્દરાય કરસનદાસ સીંધવે તારીખ 12 ડીસેમ્બર, 2009ના રોજ તબીબી ડીગ્રી વગર કાળી કામળીવાળા બાપુ શરીરનાં તમામ રોગોની સારવાર કરે છે, તેથી ગુજરાત મેડીકલ પ્રેક્ટીશ્નર ઍક્ટ 1963ની કલમ : 34 હેઠળ કાળી કામળીવાળા બાપુ સામે ગુનો દાખલ કરવા માટે દાહોદના પોલીસ વડા તથા કલેક્ટરને ફરીયાદ કરી. દસ દીવસ થયા છતાં પોલીસે કોઈ કાર્યવાહી ન કરી, તેથી મુકુન્દરાયે તારીખ 22 ડીસેમ્બર, 2009ના રોજ રાઈટ ટુ ઈન્ફોર્મેશન ઍક્ટ, 2005 હેઠળ જીલ્લા પોલીસ વડાને એફ.આઈ.આર.ની નકલ આપવા માટે અરજી કરી. પોલીસ મુંઝાણી. આ પ્રકારનો ગુનો અગાઉ દાખલ થયેલ ન હતો. જીલ્લા પોલીસ વડા ડૉ. વીપુલ અગ્રવાલ હતા. તેઓ તબીબી ડીગ્રી ધરાવતા હતા. તેમના ધ્યાને આ બાબત આવી. તેમણે ગુનો દાખલ કરવા સુચના કરી. તારીખ 28 ડીસેમ્બર, 2009ના રોજ ઝાલોદ પોલીસ સ્ટેશનમાં કાળી કામળીવાળા બાપુ ઉર્ફે ગણેશ દેવાભાઈ ભરવાડ (ઉમ્મર : 34) સામે પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી. એમ. રાઠોડે ગુનો નોંધી તપાસ હાથ ધરી.

ગુનો દાખલ થતાં જ બાપુ ચોકી ગયા. તેમણે ભક્તજનોને કહ્યું : "આ તો અપમાન કહેવાય! આનો વીરોધ થવો જોઈએ. ખોટી ફરીયાદ કરનાર મુકુન્દરાય સામે ગુનો દાખલ કરી તેને જેલમાં પુરવો જોઈએ! હવનમાં હાડકાં નાખનારાઓ રાક્ષસ કહેવાય. મુકુન્દરાયને પકડીને મારી પાસે લાવો. એના માથા ઉપર કાળી કામળી ફેરવીને એને કાયમ માટે મુંગો કરી દઈશ!"

બાપુના ભક્તજનોની વીશાળ સંખ્યા જોઈને, એક રાજકીય પક્ષના હ્યુમન રાઈટ સેલ, ડૉક્ટર સેલ અને લીગલ સેલના કાર્યકર્તાઓએ દાહોદમાં તારીખ 24, ફેબ્રુઆરી, 2010ના રોજ રેલી કાઢી જીલ્લા પોલીસ વડા તથા કલેકટરને આવેદનપત્ર આપ્યું : "બાપુ કોઈ સારવાર કરતા નથી, દવા આપતા નથી. શ્રદ્ધાથી રોગમુક્તી કરે છે. કોઈ વળતર લેવાતું નથી. જેથી કલમ : 34 મુજબ ગુનો બનતો નથી. બાપુ સામેના ગુનામાં 'બી' સમરી ભરો અને ખોટી ફરીયાદ આપનારને જેલમાં પુરો! બાપુ દારુમુક્તી, દહેજમુક્તીનું કામ કરે છે. ધાર્મીક સંસ્કારોનું લોકોમાં સીંચન કરે છે. એની સામે ખોટી ફરીયાદ સાંખી લેવાશે નહીં! રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના દુ:ખી લોકોનું આ અપમાન છે. બાપુ સાચા લોકસેવક છે!"

બાપુના સર્વરોગ સારવાર કેમ્પ ચાલુ રહ્યા. ભક્તજનોની વીશાળ સંખ્યાને કારણે બાપુ સામેના ગુનાની તપાસ ધીમી ગતીએ ચાલુ હતી. ફરીયાદી મુકુન્દરાય ઉપર ફરીયાદ પાછી ખેંચવા દબાણ શરુ થયું. તેમને ધમકીઓ મળી. 'ગુજરાત–મુંબઈ રૅશનાલીસ્ટ એસોસીયેશન'ના પ્રમુખ પ્રૉફેસર અશ્વીન કારીયા તથા લોક વીજ્ઞાન કેન્દ્રના પ્રમુખ ડૉ. સુજાત વલીએ જીલ્લા પોલીસ વડા, કલેક્ટર, ગૃહ સચીવ અને રાજયપાલશ્રીને આવેદનપત્ર આપ્યું : "અન્ધશ્રદ્ધા ફેલાવનાર બાપુ સામે તાત્કાલીક પગલાં ભરો, બાપુ ગંભીર બીમારીવાળા લોકોને ખોટો વીશ્વાસ અપાવી છેતરે છે. જાદુઈ કાળી કામળીનાં ભરોસાને કારણે ઘણાં લોકોના મૃત્યુ થશે! બાપુના કાર્યક્રમના સ્થળે વીશાળ જનમેદની ઉમટે છે. કેટલાય માર્ગ અકસ્માત થયા છે.

કાર્યક્રમના સ્થળે પોલીસ બંદોબસ્ત હોય છે. નાગરીકોની સુરક્ષાના બદલે પોલીસ, અન્ધશ્રદ્ધાના પોષક કાર્યક્રમનો બંદોબસ્ત કરે છે, તે જરા પણ ઉચીત નથી. બાપુના કાર્યક્રમના બંદોબસ્તમાં રોકાયેલ પોલીસનો ખર્ચ સરકાર શા માટે ઉઠાવે છે?''

જાગૃત નાગરીકોએ જીલ્લા પોલીસ વડાની કચેરીએ ધરણાનો કાર્યક્રમ યોજવાનું નક્કી કર્યું. બીજી તરફ બાપુના સમર્થનમાં ભકતજનો મેદાને પડયા. ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં જાદુઈ કાળી કામળી, ચર્ચાનો મુદ્દો બની ગઈ! બાપુ બમણા ઉત્સાહથી સર્વરોગ સારવાર કાર્યક્રમ જુદાં જુદાં સ્થળોએ યોજતા હતા. ભક્તજનોની તાલાવેલી અને બાપુની પ્રચાર ઝુમ્બેશના કારણે જાગૃત નાગરીકોનો અવાજ દબાઈ ગયો!

કેટલાંક ભકતજનોએ ફરીયાદી મુકુન્દરાયને ઘેરી લઈ ફરીયાદ પરત ખેંચવા એફીડેવીટ કરાવી લેવાનું આયોજન કર્યું. જો ફરીયાદી તૈયાર ન થાય તો તેના હાથ–પગનો ભુક્કો કરવાનું પણ નક્કી કર્યું. તારીખ, સમય અને સ્થળની પસન્દગી થઈ.

દરમીયાન તારીખ 7 એપ્રીલ, 2010ને બુધવારના રોજ, સવારના 11:00 વાગ્યે જીલ્લા પોલીસ વડાની કચેરીએ એક મહીલા ચાર નાની બાળકીઓ સાથે રજુઆત કરવા પહોંચી. તેનું નામ હતું રાજીબહેન ભરવાડ (ઉમ્મર : 32). તેની રજુઆત સાંભળીને પોલીસની ઉંઘ ઉડી ગઈ. રાજીબહેને કહ્યું : "સાહેબ! મારી દીકરી સપના (ઉમ્મર

: 06), દેવલ (ઉમ્મર : 05), સીંદુરા (ઉમ્મર : 04) અને પાયલ (ઉમ્મર : 07 મહીના)ના પીતા કાળી કામળીવાળા બાપુ છે! હું તેમની પત્ની છું! મારા પતી મને છોડીને, અહીં તાન્ત્રીક વીધી કરીને લોકોની આંખમાં અને મગજમાં ધુળ નાખે છે! મારા પતીને દીકરો જોઈતો હતો, એટલે મને મારઝુડ કરતાં હતા. તેણે બીજા લગ્ન મુમ્બઈની સુનીતા સાથે કર્યા હતાં અને હાલમાં શીલ્પાને સાથે રાખે છે. એને જેલમાં પુરો, એની જાદુઈ કાળી કામળીમાંથી હવા નીકળી જશે! સાહેબ! એ પૈસાના ભુખ્યા છે, એટલે લોકો સાથે ઠગાઈ કરે છે!”

બીજા દીવસે અખબારોમાં રાજીબહેનની વ્યથા પ્રસીદ્ધ થઈ. બાપુના ભક્તજનો ઉપર વીજળી પડી હોય તેવો માહોલ બની ગયો. બાપુએ પોતાના કાર્યક્રમો મોકુફ કરી દીધા! જાગૃત નાગરીકોને મોટો પુરાવો મળી ગયો.

ચાર મહીના બાપુ એકાંતવાસમાં જતાં રહ્યાં; પરન્તુ પાંચમા મહીને બાપુએ સર્વરોગ સારવાર કાર્યક્રમની શરુઆત કરી દીધી. ભક્તજનોની સંખ્યા ઘટવાને બદલે વધી ગઈ! ઘુંટણનો દુખાવો કાળી કામળી ફરતા જ દુર થઈ જાય છે, એવો પ્રચાર જોરશોરથી ચાલુ કર્યો!

તારીખ 16 જુન, 2011. સાંજના પાંચ વાગ્યા હતા. પેરોલફર્લો સ્કવોડના પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી. કે. ખાંટ અને તેમની ટીમ ગોધરા–દાહોદ હાઈવે ઉપર ઓરવાડ ગામ નજીક વૉચમાં હતા ત્યારે એક કાળા રંગની કારને તેમણે રોકી. કારની પાછલી સીટમાં બાપુ બેઠા

હતા. બાપુએ કહ્યું : “સાહેબ! કાળી કામળી તમારા માથા ઉપર ફેરવું?”

“બાપુ! કાજળ કોટડીમાં એટલે કે લૉકઅપમાં અને જેલમાં કાળી કામળી ફેરવવાનો તમને સતત મોકો મળશે! તમે તમારા માથા ઉપર જ ફેરવ્યા કરજો!”

પોલીસે બાપુને એરેસ્ટ કર્યો. પોલીસે પુછ્યું : “ગણેશ! લોકો તારા કાર્યક્રમમાં કેમ ઉમટી પડતા હતા?”

“સાહેબ! ઈશ્વરને પ્રાર્થના કરવા છતાં સારું થતું ન હોય, મનોકામના પુર્ણ થતી ન હોય ત્યારે દુ:ખી વ્યક્તીઓ; ભુવાઓ, બાવાઓ, બાપુઓ, પાખંડીઓ પાસે આવે છે! એમની શ્રદ્ધા ટકાવી રાખવા નાટક કરવું પડે!”

“કેવું નાટક?”

“સાહેબ! જ્યાં હું કાર્યક્રમ યોજતો ત્યાં આગલી રાતે ત્રણ ટ્રકમાં અપંગો, રોગીઓને હું ઉતારી દેતો. એ બધાં મારા માણસો! સારું થઈ ગયાની વાતો કર્યા કરે! ભોળા લોકો જાદુઈ કાળી કામળીનો ચમત્કાર માને!”

**03**

# સાકરીયા બાપુ!



અનુક્રમણીકા

ભાવનગર જીલ્લાના પાલીતાણા પાસે શેત્રુંજી નદી ઉપર ડેમ છે. ડેમથી થોડે દુર એક નાનો આશ્રમ હતો. તેમાં એક સ્વામીજી (ઉમ્મર : 40) રહેતા હતા.

તારીખ 29 ડીસેમ્બર, 1992ને મંગળવાર. સવારના અગીયાર વાગ્યા હતા. રોજની માફક, બાજુના ગામનો રઘુ રબારી (ઉમ્મર : 25) સ્વામીજી માટે દુધ લઈને આશ્રમમાં આવ્યો. સ્વામીજીને દુધ આપ્યું પછી રઘુએ શરમાઈને પુછ્યું : “બાપુ! મારે સંતાનમાં કંઈ નથી! તમારી કૃપા થાય તો હું બાપ બનું!”

સ્વામીજી રઘુને થોડીવાર તાકી રહ્યા. પછી આશ્રમની રુમમાં ગયા. થોડીવારે બહાર આવ્યા અને રઘુને પુછ્યું : “ભક્ત! તારે ખરેખર સંતાન જોઈએ છે?”

“હા, બાપુ! કૃપા કરો!”

સ્વામીજીએ હવામાં હાથ ઉંચાનીચા કર્યા, મન્ત્રોચ્ચાર કર્યા અને વીજળી વેગે ખાલી હથેળીમાં સાકરનો ગાંગડો આવી ગયો! રઘુ સ્વામીજીને તાકી રહ્યો પછી પગે પડી કહ્યું : “સ્વામીજી તમે તો ચમત્કારી છો!”

“ભક્ત! લે આ સાકરનો ગાંગડો. તારી પત્નીને ખવડાવી દેજે. તારું કામ થઈ જશે!”

સાકરના પ્રસાદના કારણે કેટલાક લોકોને સંતાનપ્રાપ્તી થઈ હતી. તેથી સ્વામીજીની લોકપ્રીયતા વધતી જતી હતી. લોકો સ્વામીજીને સાકરીયા બાપુ તરીકે ઓળખતા હતા!

સ્વામીજીના આશ્રમથી થોડે દુર અક્ષરાનન્દ સ્વામી ઉર્ફે સનતભાઈ કવીની વાડી હતી. તે આર્યસમાજી હતા. તેમના ધ્યાને સાકરના પ્રસાદની વાત આવી. અક્ષરાનન્દને ખાતરી કરવાની ઈચ્છા થઈ. એક દીવસ તે સાકરીયા બાપુના આશ્રમે પહોંચ્યા, અને કહ્યું : “સ્વામીજી! તમે હવામાંથી સાકર કાઢો છો, એવી ખબર પડતા હું અહીં આવ્યો છું!”

સાકરીયા બાપુએ હવામાં હાથ ઉંચાનીચા કર્યા, મન્ત્રોચ્ચાર કર્યા અને ખાલી હથેળીમાં સાકરનો ગાંગડો પ્રગટ થયો! અક્ષરાનન્દ સાકરીયા બાપુને તાકી રહ્યા! સાકરનો પ્રસાદ લઈ અક્ષરાનન્દ પહોંચ્યા ‘ચમત્કાર ચકાસણી કેન્દ્ર’, પાલીતાણાના અગ્રણી ચતુરભાઈ ચૌહાણ (ઉમ્મર : 47) પાસે. અક્ષરાનન્દે કહ્યું : ‘‘ચતુરભાઈ! તમે પાલીતાણામાં બોર્ડ લગાવ્યા છે કે ચમત્કાર કરી બતાવો અને ત્રણ લાખ રુપીયા જીતો! તમે બોર્ડ ઉતારવી લો!”

“કેમ શું થયું?”

“મેં મારી સગી આંખે ચમત્કાર જોયો! જુઓ આ સાકરનો ગાંગડો! સાકરીયા બાપુએ હવામાંથી પ્રગટ કરીને મને આપ્યો છે! તમે બોર્ડ ઉતરાવી નાખો નહીં તો ત્રણ લાખ રુપીયા ગુમાવશો!”

“જુઓ! અક્ષરાનન્દ! જાદુગરના ખેલ આપણે જોઈએ છીએ. સગી આંખે ચમત્કાર દેખાય છે! પરન્તુ તેમાં કોઈ ચમત્કાર હોતો નથી, કરતબ હોય છે, ચાલાકી હોય છે!”

“સાકરીયા બાપુને તમે જાદુગર કહો છો?”

“ના, તે જાદુગર નથી! જાદુગર સાચા હોય છે. જાદુના ખેલ શરુ કરતાં પહેલાં જ તે જાહેર કરે છે કે આ ખેલ છે, તેમાં કોઈ ચમત્કાર નથી! જ્યારે સાકરીયા બાપુ જેવા કેટલાય સ્વામીઓ, મહર્ષીઓ, બાબાઓ, યોગીઓ, મહારાજો, મુનીઓ, સાંઈઓ, મુલ્લાઓ,

ફકીરો, પાદરીઓ, ભુવા, તાન્ત્રીકો, પ્રગટ બ્રહ્મ સ્વરુપો વગેરે બહુજન સમાજની શ્રદ્ધાનો ગેરલાભ લઈ, ચમત્કાર બતાવી; લોકોના તન, મન, ધનનું શોષણ કરે છે! ચમત્કાર કરનાર લોભી, લુચ્ચા, વીલાસી, દમ્ભી, ફરેબી હોય છે! ચમત્કારની શક્તી વડે તેનાં બધાં જ દુર્ગુણો ઢંકાઈ જાય છે, અને તે પવીત્ર–પુજનીય બની જાય છે!"

"ચતુરભાઈ! તમે પણ ચમત્કારમાં વીશ્વાસ કરતા થઈ જશો! એક વખત સાકરીયા બાપુને મળો! બાપુના આશ્રમે લોકોનું કીડીયારું ઉભરાય છે!"

"અક્ષરાનન્દ! હું તમને થોડાં પ્રશ્નો પુછું. તમે ઉત્તર આપશો?"

"જેટલાં પ્રશ્નો પુછવા હોય તે પુછો!"

"અક્ષરાનન્દ! મને કહો કે તમે રામાયણ વાંચી છે? સાંભળી છે?"

"વાંચી છે અને કથા પણ સાંભળી છે!"

"રામ માટે દુઃખદ પ્રસંગ કયો હતો?"

"સીતાનું રાવણ દ્વારા અપહરણ!"

"રામે સીતાને પરત મેળવવા પરીશ્રમ કર્યો હતો કે ચમત્કાર?"

"પરીશ્રમ કર્યો હતો!"

"મને કહો. અક્ષરાનન્દ! રામે ચમત્કાર કરીને સીતાનું અપહરણ કેમ અટકાવ્યું નહીં?"

"ચતુરભાઈ! તમારી વાત તાર્કીક છે, પણ તમે સાકરીયા બાપુને મળો!"

"અક્ષરાનન્દ! કૃષ્ણે કંસનો વધ કર્યો. કૃષ્ણે ચમત્કાર કરીને કંસનું હ્રદય બંધ કેમ ન કરી દીધું?"

"ચતુરભાઈ! તમારી વાત સાચી પણ; તમે એક વખત સાકરીયા બાપુને મળો!"

"ભલે. હું સાકરનો પ્રસાદ લેવા જરુર જઈશ!"

બીજા દીવસે ચતુરભાઈ ચૌહાણ અને પ્રાથમીક શાળાના શીક્ષક મનુભાઈ માળી સાકરીયા બાપુના આશ્રમે પગેરું મેળવવા પહોંચ્યા. બાપુને પ્રણામ કરી ચતુરભાઈએ કહ્યું : "સ્વામીજી! સાકરનો પ્રસાદ લેવા આવ્યો છું!"

"પ્રસાદ માટે પાત્રતા હોવી જોઈએ!"

"એટલે? હું સમજ્યો નહીં!"

"ભક્ત! ત્રણ શુક્રવાર સુધી અહીં આશ્રમે આવવું પડે! ચોથા શુક્રવારે પ્રસાદ મળે!"

ચતુરભાઈ અને મનુભાઈ માળી ચોથા શુક્રવારે સાકરીયા બાપુના આશ્રમે પહોંચ્યા. ચતુરભાઈએ કહ્યું : "સ્વામીજી! મારી સાથે મનુભાઈ માળી છે. એને સંતાન નથી. કૃપા કરો!"

સાકરીયા બાપુ થોડીવાર બન્નેને તાકી રહ્યા. પછી તેણે હવામાં હાથ ઉંચાનીચા કર્યા. આંખો બન્ધ કરી, મન્ત્રોચ્ચાર કર્યા અને જમણા હાથની ખાલી હથેળીમાં સાકરનો ગાંગડો પ્રગટ્યો!

સાકરીયા બાપુએ મનુભાઈને સાકરનો ગાંગડો આપી કહ્યું : "ભક્ત! તારી પત્નીને ખવડાવી દેજે! કામ થઈ જશે!"

ચતુરભાઈએ સાકરીયા બાપુની કરામત બારીકાઈથી નીહાળી અને કહ્યું : "સ્વામીજી! મારે સંતાન નથી! મને પણ સાકરનો ગાંગડો આપો!"

"ભક્ત! ચમત્કારમાં શક્તીનો વ્યય થાય છે! તું કાલે આવજે!"

"ના, સ્વામીજી! મને આજે જ સાકરનો પ્રસાદ આપો!"

ચતુરભાઈનો પ્રસાદ લેવાનો હઠાગ્રહ ચાલુ રહ્યો. સ્વામીજી મુંઝાયા. થોડીવાર તે આશ્રમની રુમમાં ગયા. કાગળ ખખડતો હોય તેવો અવાજ ચતુરભાઈને સમ્ભળાયો! સ્વામીજી બહાર આવ્યા. હવામાં હાથ

ઉંચા કર્યા, મન્ત્રોચ્ચાર શરુ કર્યા ત્યાં ચતુરભાઈએ સ્વામીજીના હાથ પકડી લીધા. સ્વામીજીની બગલમાં સાકરનો ગાંગડો છુપાવ્યો હતો તે નીચે પડી ગયો! સ્વામીજીએ ગુસ્સે થઈને કહ્યું : “ભક્ત, તે મને સ્પર્શ કેમ કર્યો? તારા સ્પર્શના કારણે સાકરનો ગાંગડો હથેળીમાં પ્રગટ થવાને બદલે બગલમાંથી પ્રગટ્યો!”

ચતુરભાઈએ પોતાના બન્ને હાથ હવામાં આમતેમ ફેરવ્યા પછી સ્વામીજીને બન્ને હથેળીઓ બતાવીને પુછ્યું : “સ્વામીજી! મારી હથેળીમાં કંઈ છે?”

“ના. ભક્ત! તારી હથેળી ખાલી છે!”

ચતુરભાઈએ ફરી હવામાં હાથ આડાઅવળા ફેરવ્યા, મન્ત્રોચ્ચાર કર્યા પછી તેમણે કહ્યું : “સ્વામીજી! જુઓ. આને ચમત્કાર કહેવાય!”

ચતુરભાઈના હાથમાંથી કંકુ ખર્યું! સ્વામીજી ફાટી આંખે તાકી રહ્યા! થોડીવાર પછી સ્વામીજી ચતુરભાઈને રુમની અન્દર લઈ ગયા અને પુછ્યું : “ભક્ત! ખાલી હથેળીમાંથી કંકુ કઈ રીતે કાઢ્યું? આ ચમત્કાર તો મારે શીખવો છે!”

“સ્વામીજી! હાથમાંથી કંકુ ખરે તે ચમત્કાર નથી! કરતબ છે!”

“ભક્ત! પણ મારે એ કરતબ શીખવું છે!”

"શા માટે?"

"ભક્તોને આંજી નાખવા!"

"એક શરત છે!"

"કઈ શરત છે?"

"સ્વામીજી! પાલીતાણામાં આવી જાહેરમાં સાકરીયા પ્રસાદનો પ્રયોગ તમે કરો તો હું ખાલી હથેળીમાંથી કંકુ કાઢવાનો કરતબ તમને શીખવું!"

આ સમય દરમીયાન રઘુ રબારી દુધ લઈને આશ્રમમાં આવ્યો હતો અને તેણે ચતુરભાઈનો કંકુનો પ્રયોગ જોયો. રઘુએ કહ્યું : "ચતુરભાઈ! સાકરીયા બાપુએ મને ઘણા સાકરના ગાંગડા આપ્યા અને તે બધાં મારી પત્ની ખાઈ ગઈ છતાં પરીણામ ન આવ્યું! ત્રણ વરસથી બાપુ માટે દુધ લઈને હું આવતો હતો પણ હવે પછી અહીં દુધ લઈને ક્યારેય નહીં આવું!"

ચતુરભાઈ અને તેના મીત્ર મનુભાઈ માળી અક્ષરાનન્દની વાડીએ પહોંચ્યા. મનુભાઈના હાથમાં સાકરનો ગાંગડો હતો. તે જોઈને અક્ષરાનન્દે કહ્યું : "ચતુરભાઈ! તમે સગી આંખે ચમત્કાર જોયો ને? તમારા બોર્ડ ઉતરાવી નાખો! ત્રણ લાખનું ઈનામ આપવાની તૈયારી કરો!"

"અક્ષરાનન્દ! સાકરીયા બાપુ આવતી કાલે આશ્રમમાં હશે તો બોર્ડ ઉતરાવીને હું પાલીતાણા છોડીને જતો રહીશ!"

ચતુરભાઈએ અક્ષરાનન્દને બધી વાત કરી. બીજા દીવસે અક્ષરાનન્દ સાકરીયા બાપુના આશ્રમે ગયા. તેને ચમત્કાર દેખાયો : સાકરીયા બાપુ અદૃશ્ય થઈ ગયા હતા!

♦♦♦♦♦

**04**

# દેતે હૈં ભગવાન કો ધોખા,
# ઈન્સાં કો કયા છોડેંગે!



અનુક્રમણીકા

તારીખ 10 માર્ચ, 2000ને મંગળવાર. સમય સવારના આઠ. ‘સુરતથી મીનાવાડા’ સ્પેશીયલ બસમાં લોકો ભક્તી રસમાં ડુબેલાં હતા. માતાજીના ગીતો ગવાતાં હતાં. સૌ માતાજીના દર્શન માટે જઈ રહ્યા હતા.

વચ્ચે એક હૉટલ ઉપર બસ ઉભી રહી. સૌ ફ્રેશ થયા. હૉટલની બાજુમાં કેસેટની દુકાન હતી. ત્યાં મીનાવાડાના માતાજીની

કેસેટ વાગતી હતી. કેટલાંક લોકોએ કેસેટ ખરીદી. બસના ડ્રાઈવર શાંતીલાલે કહ્યું : “ખોબા જેવડા ગામમાં ટોળેટોળાં એકઠાં થાય છે. માતાજીની ઉમ્મર ચૌદ વર્ષની છે; પરન્તુ પરચા ગજબ છે! આરતી વેળાએ માતાજી હવામાં બે ફુટ ઉંચા થાય છે! કાદવમાં ફસાયેલી ભેંસોને માતાજીએ બહાર કાઢી આપી હતી! માતાજીએ પોતાના ખેતરમાં વાંસ અને પતરાથી પોતાનું સ્થાનક બનાવ્યું છે. રોજે પચ્ચીસથી પચાસ હજાર શ્રદ્ધાળુઓ દર્શને આવે છે. ટ્રેકટર, મેટાડોર, લક્ઝરી બસ, રીક્ષા વગેરે વાહનો મુકવાની જગ્યા હોતી નથી! માતાજીની એક ઝલક મેળવવા ધક્કા–મુક્કી થાય છે. સ્થાનકે લાઈટની પુરતી સુવીધા ન હોવાથી કેટલાય લોકો વીખુટા પડી જાય છે. ચારે બાજુ હાટડીઓના કારણે મેળા જેવો માહોલ જોવા મળે છે! દરેક હાટડી–વાળાઓ માતાજીની કૃપાથી સધ્ધર થઈ ગયા છે! તમે નહીં માનો, પરન્તુ એક વખત હું માતાજીના દર્શને ગયો. માતાજીએ મને મુઠ્ઠી વાળવાનું કહ્યું. હું મુઠ્ઠીવાળીને દસ મીનીટ બેઠો. મુઠ્ઠી ખોલી તો હથેળી લાલ થઈ ગઈ! માતાજીએ કહ્યું હથેળીમાં શેષનાગના દર્શન થાય છે? મેં કહ્યું કે દેખાય છે! માતાજી ચમત્કાર કરે છે!”

સૌ ડ્રાઈવરને તાકી રહ્યા. બસ મીનાવાડા પહોંચી. ત્યાં બીજા ડ્રાઈવર્સ પણ શેષનાગના દર્શનની વાત કરતા હતા! માનવ મહેરામણ ઉમટ્યો હતો. માતાજીના દર્શન કરવા કઈ રીતે, તે પ્રશ્ન હતો. શ્રદ્ધાળુઓ ભીંસાઈ રહ્યા હતા. માતાજીના દર્શનની તાલાવેલી, શ્રદ્ધાળુઓને બેબાકળા બનાવતી હતી. સ્વયંસેવકો વ્યવસ્થા જાળવવા માટે આડેધડ

ડંડા મારતા હતા. સૌને માતાજી તરફ જવું હતું; પરન્તુ સ્વયંસેવકો શ્રદ્ધાળુઓને ઉલટી દીશામાં ધકેલી રહ્યા હતા.

સુરતની 'સત્યશોધક સભા'ના કાર્યકર સીદ્ધાર્થ દેગામી, મધુભાઈ કાકડીયા, ગુણવંત ચૌધરી, જયસુખ કોઠીયા અને પરેશ લાઠીયા માતાજીને મળવા ઉતાવળા થતા હતા પણ મેળ પડતો ન હતો. 'ગુજરાત–મુમ્બઈ રૅશનાલીસ્ટ એસોસીએશન', અમદાવાદના કાર્યકર પીયુષ ચૌહાણ–ઍડવોકેટ, સુનીલ ગુપ્તા, લંકેશ ચક્રવર્તી, સુરેશ પરીખ અને ગીરીશ ચાવડા પણ માતાજીને મળવા આતુર હતા! આ બધાં માતાજીનું પગેરું શોધવા મીનાવાડા આવ્યાં હતાં! માતાજીની મુલાકાત કઈ રીતે કરવી, તે પ્રશ્ન હતો.

મધુભાઈએ કહ્યું : "પીયુષભાઈ! એક યુક્તી છે! ટોળા ઉપર ડંડા વીંઝતા સ્વયંસેવકના કાનમાં ફુંક મારો કે અમે બધાં મુમ્બઈથી આવીએ છીએ! અમારા શેઠ મોટા ઉદ્યોગપતી છે અને માતાજીના ભક્ત છે. આવતી પુનમે દર્શન કરવા આવશે. અમને શેઠે મોકલ્યા છે. માતાજીને કોઈ ચીજવસ્તુની જરુર હોય તો જાણી લાવો, એવો હુકમ અમારા શેઠે કર્યો છે! માતાજીની મુલાકાત ગોઠવી આપો!"

પીયુષભાઈએ સ્વયંસેવકના કાનમાં ફુંક મારી. સ્વયંસેવક તરત જ માતાજી પાસે ગયો. પન્દર મીનીટ પછી તેણે પરત આવીને કહ્યું : "પીયુષભાઈ, ચાલો માતાજી બોલાવે છે!"

સૌ માતાજી પાસે પહોંચ્યા. આશીર્વાદ લીધા. શ્રદ્ધાળુઓ રુપીયાનો વરસાદ વસાવતા હતા. થોડીવાર થાય એટલે માતાજીના સગાંઓ રુપીયાનો ઢગલો બે હાથે ભેગો કરીને સલામત જગ્યાએ મુકી આવતા હતા. ક્યારેક માતાજી પણ ભાખોડીયાભેર રુપીયા વીણવા મંડી પડતા હતા! નારીયેળ અને ચુંદડીનો મોટો ઢગલો થયો હતો.

મધુભાઈએ કહ્યું : “માતાજી! અમે મુમ્બઈથી આવીએ છીએ!”

“મધુભાઈ, તમને સૌને અહીં મોકલવા માટે મેં જ તમારા શેઠને સ્વપ્નમાં જઈને કહ્યું હતું! તમારા શેઠને કહેજો કે અમારે અહીં ભવ્ય મન્દીરનું નીર્માણ કરવું છે! શ્રદ્ધાળુઓ માટે ધર્મશાળા અને ભોજનશાળા ઉભી કરવી છે! લાઈટની વ્યવસ્થા અને પાણી માટે બૉર કરાવવો છે!”

“માતાજી! અમારા શેઠ આ બધું કરાવી દેશે! અમારી ઈચ્છા એક પરચો જોવાની છે!”

“મધુભાઈ, જમણા હાથની મુઠ્ઠી વાળો. ભીંસ આપો. પાંચ મીનીટ પછી તમારી મુઠ્ઠીમાં શેષનાગ દેખાશે!”

મધુભાઈએ પાંચ મીનીટ પછી પોતાની મુઠ્ઠી ખોલી કહ્યું : “માતાજી! મારી મુઠ્ઠીમાં શેષનાગ તો ઠીક, સાપોલીયું પણ દેખાતું નથી!”

“મધુભાઈ, શ્રદ્ધા હોય તો દેખાય!”

“માતાજી! ચમત્કાર કે પરચો નાનો કે મોટો દેખાડે તેને અમદાવાદના ‘ગુજરાત–મુમ્બઈ રૅશનાલીસ્ટ એસોસીએશને’ રુપીયા ચોસઠ લાખનું ઈનામ જાહેર કર્યું છે! પરચો બતાવો અને ચોસઠ લાખ મેળવી લો!”

“મધુભાઈ, કોઈના કહેવાથી ચમત્કાર કરાય નહીં!”

“માતાજી! ચોસઠ લાખ માટે નહીં; પણ અમો શ્રદ્ધાળુઓને પરચો દેખાડો!”

“સાત મંગળવાર આવો! પરચો દેખાશે!”

“માતાજી! તમે શા માટે ઢોંગ કરો છો? તમારામાં કોઈ દીવ્ય શક્તી નથી કે પરચા–શક્તી નથી!”

“મધુભાઈ, તમે શું બકો છો? માતાજીનું અપમાન કરો છો? થોડા દીવસ પહેલાં એક અખબારમાં મીનાવાડાના માતાજી અંગે લેખ પ્રગટ થયેલો. તમે નહીં માનો, પણ એ લેખકના ખુબ હોશીયાર સંતાનનું મરણ થઈ ગયું! લેખ પ્રગટ કરનાર અખબારનું પ્રીન્ટીંગ મશીન બંધ પડી ગયું! મશીનની મરામત કરાવી તો એક કરોડનો ખર્ચ થયો!”

“માતાજી! એવું કશું બન્યું નથી! એ બધાં જુઠ્ઠાણાં છે! માતાજી તમારા માથે જે મુગટ છે, તે તમને દીવ્યશક્તીએ આપેલો નથી. પુંઠા ઉપર રંગીન કાગળો ચોંટાડીને મુગટ બનાવેલો છે. બહુરુપી પહેરે તેવો મુગટ દીવ્યશક્તી ન આપે! દીવ્યશક્તીનો મુગટ તો સોનાનો હોય,

ડાયમંડનો હોય! તમે આરતી કરો છો ત્યારે તમારા ગળામાં નાગદેવ હોય છે, આરતી વેળાએ તમારા વાળ લાંબાટુંકા થાય છે, આરતી વખતે તમારા પગ બે ફુટ અધ્ધર થઈ જાય છે, દીવ્યશક્તીએ તમને ત્રીશુળ, શ્રીફળ અને ચુંદડીની ભેટ આપી છે, આ બધાં ગપ્પાં છે! તમે ત્રીકાળ જ્ઞાની છો, એ દાવો બીલકુલ પોલો છો! તમે માતાજીની ભુમીકા ભજવો છો; પણ અમે કોણ છીએ તેની તમને કોઈ જાણકારી પણ નથી! ભોળા લોકોને છેતરવાનું બંધ કરો!”

“તમે કોણ છો? હું નારાજ થઈશ તો તમે સૌ અહીં જ સળગીને મરી જશો!”

“માતાજી! અમે સુરતની ‘સત્યશોધક સભા’ના કાર્યકરો છીએ. અમારી સાથે ‘ગુજરાત–મુમ્બઈ રેશનાલીસ્ટ એસોસીએશન’, અમદાવાદના કાર્યકરો પણ છે. અમારું કામ ઢોંગીઓને ખુલ્લા પાડવાનું છે! તમારા કહેવાથી અમે સળગી જવાના નથી. અમે જાણીએ છીએ કે તમારાથી સળીના બે ટુકડા થઈ શકે તેમ નથી!”

“હું કોઈને આમન્ત્રણ આપતી નથી. શ્રદ્ધા હોય તે આવે! અહીં હજારો માણસો આવે છે, તે બધાનાં દુ:ખ દુર થાય છે. ફાયદો થાય છે, તેથી સૌ આવે છે, તે બધા ખોટા અને તમે સાચા? અમે સમાજસેવા કરીએ છીએ!”

“માતાજી! લોકો કામકાજ છોડીને અહીં દર્શને આવે છે! માનતા માને છે! ખોટા વીશ્વાસમાં રહે છે કે માનતાવાળું કામ માતાજીની

કૃપાથી થઈ જશે! માનતાવાળી માનસીકતાને કારણે લોકોની દુર્દશા થાય છે! સમાજની અધોગતી થાય છે! તરકટ કરનારાને ઘી–કેળાં અને મોજમઝા! ધતીંગ કરનારા સમાજસેવા કરી શકે નહીં! દેતે હૈ ભગવાન કો ધોખા, ઈનસાં કો ક્યા છોડેંગે!”

સત્યશોધક ટીમ સુરત પરત જઈ રહી હતી ત્યારે બસના ડ્રાઈવરે પુછ્યું : “મધુભાઈ, આજે હથેળીમાં શેષનાગના દર્શન થયા! હું ધન્ય બની ગયો! તમને દર્શન થયા કે નહીં?”

મધુભાઈ ડ્રાઈવરને તાકી રહ્યા!

♦♦♦♦♦

**05**

# બાબો કે બેબી?



અનુક્રમણીકા

“તમે આ જુઓ!”

“શું છે?”

“જ્યોતીષાચાર્ય પંડીત વીષ્ણુ દત્તજીની જાહેરખબર! બાબો આવશે કે બેબી તે અગાઉથી જ કહી દે છે!”

“પણ પંડીતજીને કઈ રીતે ખબર પડે?”

"પતી–પત્નીની કુંડળી જોઈને! આપણે પંડીતજીને મળીએ!" રાધાબહેને આગ્રહ કર્યો.

રાકેશભાઈ પટેલ (ઉમ્મર : 37) અને રાધાબહેન પટેલ (ઉમ્મર : 35) બન્ને શીક્ષક હતાં. લગ્નજીવન સુખી હતું. બે દીકરીઓ હતી, ડીમ્પલ (ઉમ્મર : 10) અને આશા (ઉમ્મર : 08).

પંડીત વીષ્ણુ દત્તજી, હૉટલમાં રોકાયા હતા. ફોન કરીને ઍપોઈન્ટમેન્ટ મેળવ્યા બાદ મળી શકાશે, તેમ જાહેરખબરમાં લખ્યું હતું. રાધાબહેને ફોન કરી ઍપોઈન્ટમેન્ટ લઈ લીધી!

તારીખ 30 જાન્યુઆરી, 1977ને રવીવાર. રાકેશભાઈ અને રાધાબેન પંડીતજી પાસે પહોંચ્યા. વેઈટીંગ રુમમાં એક ભાઈ બેઠા હતા. તે ખુબ ખુશમીજાજમાં હતા. તેના હૈયામાં આનન્દ છલકાતો હતો. રાકેશભાઈ તેને તાકી રહ્યા. એ ભાઈ બોલ્યા : "પંડીતજી મહાન જયોતીષાચાર્ય છે! આજે હું એની પુજા કરવા આવ્યો છું. પંડીતજી બાબામાંથી બેબી અને બેબીમાંથી બાબો કરી શકે છે! મેં તેમને મારી જન્મકુંડળી દેખાડી હતી. તેણે કહ્યું કે બેબી આવશે! મેં આગ્રહ કર્યો કે મારે બાબો જોઈએ છે! પંડીતજીએ રુપીયા છ હજાર લીધા અને વીધી કરી. તમે નહીં માનો, મારે ત્યાં બાબાનો જન્મ થયો!"

રાકેશભાઈ અને રાધાબહેનને પંડીતજીમાં શ્રદ્ધા દૃઢ થઈ ગઈ!

થોડીવાર પછી પંડીતજીના અંગત મદદનીશે રાકેશભાઈ અને રાધાબહેનને રુમમાં જવાની સુચના કરી. બન્ને રુમમાં દાખલ થયા. પંડીતજીનો ચહેરો ચમક્તો હતો. કપાળમાં અર્ધચન્દ્રાકાર તીલક શોભી રહ્યું હતું. માથાના લાંબાવાળ ખભા ઉપર પથરાયેલા હતા. કાળા કપડામાં પંડીત વીષ્ણુ દત્તજી (ઉમ્મર : 40) તાન્ત્રીક જેવા લાગતા હતા. પંડીતજીએ પુછ્યું : “રાકેશભાઈ! બોલો, શું સમસ્યા છે?”

“પંડીતજી! કોઈ સમસ્યા નથી! અમને કુતુહલ થાય છે કે બાબો થશે કે બેબી?”

“રાકેશભાઈ! તમારી જે ઈચ્છા હશે તે થશે! પરન્તુ વીધી કરવી પડશે. તેનો ખર્ચ રુપીયા ત્રણ હજાર થશે!”

“પંડીતજી! ભલે ખર્ચ થાય!”

“રાકેશભાઈ! બાબામાંથી બેબી અને બેબીમાંથી બાબાની ટ્રાન્સફર કરવી હોય તો રુપીયા છ હજારનો ખર્ચ થશે!”

“પંડીતજી! અમારે એવી કોઈ ટ્રાન્સફર નથી કરાવવી! અમારે માત્ર જાણવું છે કે આ વખતે બાબો થશે કે બેબી?” રાધાબહેને પુછ્યું.

પંડીતજીએ જન્મકુંડળીનો અભ્યાસ કર્યો પછી કહ્યું : “રાધાબહેન! ખુશ થાવ! તમારે ત્યાં બાબો આવશે!”

રાધાબહેન અને રાકેશભાઈની તમન્ના પુરી થવાની હતી. બન્ને ખુશ–ખુશ થઈ ગયાં. બન્નેએ નાની પાર્ટીનું આયોજન કર્યું. સગા તથા મીત્રોને બોલાવ્યા. સૌને ઉત્સાહથી કહ્યું કે અમારે ત્યાં બાબો આવી રહ્યો છે!

બન્યું ઉલ્ટું. રાધાબહેન બેબીની માતા બની! સૌએ પુછ્યું, આમ કેમ થયું? રાધાબહેન અને રાકેશભાઈને આઘાત લાગ્યો. બેબી આવી તેનો વસવસો ન હતો; પરન્તુ જ્યોતીષાચાર્ય પંડીત વીષ્ણુ દત્તજી એ પોતાની સાથે ઠગાઈ કરી હતી, એની વ્યથા હતી!

રાકેશભાઈએ, મીત્ર ડૉ. જેરામભાઈ જે. દેસાઈ (ઉમ્મર : 40)ને સઘળી વાત કરી. જેરામભાઈ સરદાર પટેલ યુનીવર્સીટી, વલ્લભવીદ્યાનગરના ફીઝીકલ એજ્યુકેશનના ડાયરેક્ટર હતા. તેઓ નડીયાદમાં 'વહેમ, અન્ધશ્રદ્ધા નીવારણ કેન્દ્ર' ચલાવતા હતા. જેરામભાઈએ પુછ્યું : "રાકેશભાઈ! તમે બન્ને શીક્ષક છો, તમે જ્યોતીષાચાર્ય પંડીતની વાત માની કેમ લીધી?"

"જેરામભાઈ! તમે પણ એને માનવા લાગો! એવું એણે અમારી સાથે કર્યું હતું!"

"શું કર્યું હતું?"

“જેરામભાઈ! અમે પંડીત વીષ્ણુ દત્તજીને મળવા ગયા. વેઈટીંગ રુમમાં એક ભાઈ બેઠા હતા. તેણે કહ્યું કે પંડીતજી બેબીમાંથી બાબો કરી દે છે!”

“રાકેશભાઈ! આવા માણસો વેઈટીંગ રુમમાં જ નહીં, સમાજમાં પણ ફરતા હોય છે, એ બધાં એજન્ટ હોય છે!”

“જેરામભાઈ! અમે પંડીતજીને મહાન માનતા હતા. કેમ કે અમારી સામે તેમણે એક ચીઠ્ઠીમાં બાબો કે બેબી આવશે, એમ લખી એક કવરમાં ચીઠ્ઠી મુકી અને કવર બન્ધ કરી દીધું. કવરને સીલ કર્યું. કવર ઉપર અમારી બન્નેની સહી લીધી. પંડીતજીએ પણ સહી કરી અને કવર તીજોરીમાં મુકી દીધું. પછી કુંડળીનો અભ્યાસ કર્યો અને અમને કહ્યું કે બાબો આવશે! પંડીતજી અમને બનાવી ગયો! ત્રણ હજાર રુપીયા લઈ ગયો! એ ઠગને પકડવો છે!”

“રાકેશભાઈ! ઠગનું પગેરું ભાગ્યે જ મળે! તમારા ત્રણ હજાર રુપીયા ગયા જ સમજો! તમે અન્ધશ્રધ્ધાનો ભોગ બન્યા છો! તમે પંડીતજી પાસે ગયા તે પહેલાં મને વાત કરી હોત તો હું તમારી સાથે આવત અને એ ઠગનો પર્દાફાશ કરત!”

“જેરામભાઈ! મારે એને સીધો કરવો છે!”

“રાકેશભાઈ! છેતરાઈ ગયા પછી, ઠગને સીધો કરવાની દરેકને તીવ્ર ઈચ્છા થતી હોય છે! ફરી કોઈ વખત વલ્લભવીદ્યાનગરમાં પંડીતજી આવે તો મને જાણ કરજો. હું તમારી સાથે આવીશ!”

તારીખ 31 જુલાઈ, 1977ને રવીવાર. અખબારમાં જ્યોતીષાચાર્ય પંડીત વીષ્ણુ દત્તજીની જાહેરખબર હતી! વલ્લભ વીદ્યાનગરમાં તેમનો કેમ્પ હતો!

રાકેશભાઈ અને જેરામભાઈએ બન્ને પહોંચ્યા પંડીતજી પાસે. જેરામભાઈએ કહ્યું : “પંડીતજી! તમે આ રાકેશભાઈને બાબો આવશે, તેમ કહ્યું હતું અને આવી બેબી! આવું કેમ થયું?”

“જેરામભાઈ! કુંડળીઓ પ્રમાણે સાચું છે!”

“કેવી રીતે સાચું છે?”

“જેરામભાઈ! આ તીજોરીમાં કવર પડયું છે. આ કવર ઉપર રાકેશભાઈ અને રાધાબહેનની સહી છે. મારી સહી પણ છે. કવર ઉપર સીલ છે. તમે કવર ખોલો!”

રાકેશભાઈએ કવર હાથમાં લીધું. પોતાની અને રાધાબહેનની સહીની ખરાઈ કરી. સહીઓ બરાબર હતી! તેણે કવર ખોલ્યું. અન્દરથી ચીઠ્ઠી નીકળી. ચીઠ્ઠીમાં લખ્યું હતું : “બેબી આવશે!”

રાકેશભાઈને વીજળીનો ઝટકો લાગ્યો હોય તેમ પંડીતજીને તાકી રહ્યા, પછી પુછ્યું : “પંડીતજી! બેબી આવશે તેવું તમે અગાઉથી જાણતા હતા તો શા માટે તમે જુઠું બોલ્યા?”

“રાકેશભાઈ! ઉગ્ર ન થાવ! મેં ચીઠ્ઠીમાં જે લખ્યું છે તે મુજબ થયું છે! મેં તો તમારા સન્તોષ ખાતર બાબો આવશે, તેમ કહ્યું હતું!”

જેરામભાઈના મનમાં ગુસ્સો પ્રગટ્યો! તેણે આંખો બન્ધ કરીને મન્ત્રોચ્ચાર શરુ કર્યા! પંડીતજી જેરામભાઈને તાકી રહ્યા, પુછ્યું : “જેરામભાઈ! તમે શું કરી રહ્યા છો?”

“પંડીતજી! હું જ્યોતીષવીદ્યા જાણું છું! તમારે જેલયાત્રાનો યોગ છે! સાચું બોલવું છે કે?”

“પંડીત વીષ્ણુ દત્તજી તરત જ જેરામભાઈના પગે પડી ગયો! રાકેશભાઈ પંડીતજીને તાકી રહ્યા. જેરામભાઈએ કહ્યું : “પંડીત! હવે ઉભો થા! રાકેશભાઈને તારી જ્યોતીષવીદ્યા સાચી લાગે છે! એને સમજાવ કે તેં કઈ રીતે જ્યોતીષ વીદ્યાનો ઉપયોગ કર્યો હતો?”

“જેરામભાઈ! રાકેશભાઈ! મને માફ કરો. મારે જેલયાત્રાએ જવું નથી! સાચી હકીકત એ છે કે જ્યારે કોઈ પતી–પત્ની કુંડળીઓ જોવરાવવા આવે ત્યારે હું ચીઠ્ઠીમાં કાયમ લખતો કે બેબી આવશે! ચીઠ્ઠી કવરમાં મુકી, કવરને સીલ કરતો અને પતી–પત્નીની સહી લેતો! હું જેમનું જ્યોતીષ જોતો તેમાં પચાસ ટકાને બાબો આવતો! બાબાના

જન્મના કારણે તેઓ ખુશખુશાલ થઈ જતા અને મારા આશીર્વાદ લેવા પડાપડી કરતા! ચીઠ્ઠીને ભુલી જતા! જેમને ત્યાં બેબી અવતરે, તેમાંથી ભાગ્યે જ કોઈ મારી પાસે આવતા! હું એમની નજર સામે જ કવર ખોલતો. ચીઠ્ઠીમાં લખ્યું હોય, બેબી આવશે! એટલે તેઓ, મને મહાન જ્યોતીષી માનીને મારા ચરણસ્પર્શ કરે, મને ધન્ય કરે! જ્યોતીષવીદ્યા બાબામાંથી બેબી કે બેબીમાંથી બાબો કરી શકે નહીં! મારે સાત દીકરીઓ છે! જ્યોતીષવીદ્યા મને ઉપયોગી નથી થઈ, તો બીજાને કઈ રીતે ઉપયોગી થાય?”

♦♦♦♦♦

**06**

# ધુણે ત્યારે બીજી ભાષા બોલે!



અનુક્રમણીકા

પાલીતાણા નજીક ઘેટી ગામે જટાશંકર ત્રીવેદી રહેતા હતા. તે હેડ કોન્સ્ટેબલ હતા. પરીવારમાં પત્ની ઉષા, દીકરી કીરણ (ઉમ્મર : 22), દીકરા ભરત અને સુરેશ હતા. બન્ને દીકરા કીરણથી મોટા હતા, બન્ને જૈન ધર્મશાળામાં મુનીમ તરીકે નોકરી કરતા હતા. કીરણ હોંશીયાર અને સ્વરુપવાન હતી!

પરીવાર સુખી હતો; પણ એક ઘટનાના કારણે પરીવાર ચીંતામાં મુકાઈ ગયો.

કીરણે એકાએક ધુણવાનું શરુ કર્યું! ધુણે ત્યારે વીચીત્ર ભાષા, કોઈને ન સમજાય તેવું, બોલતી હતી! જટાશંકર અને ઉષાબહેનની ઉંઘ ઉડી ગઈ! બન્ને ભાઈઓ ભુવા તાન્ત્રીકો પાસે ગયા. દોરાધાગા અને માદળીયા લાવી કીરણને બાંધ્યા પણ ફેર પડ્યો નહીં.

પરીવારજનો કીરણને સાળીંગપુર હનુમાનજીના મન્દીરે લઈ ગયા. કાળો દોરો બાંધ્યો! બે–ચાર દીવસ કીરણ શાંત રહી; પણ અઠવાડીયા પછી કીરણનું શરીર ધ્રુજવા લાગ્યું. શરીર ધ્રુજે ત્યારે કીરણ વીચીત્ર ભાષા બોલતી હતી! કીરણનું આવું વર્તન કોઈને સમજાતું ન હતું.

ભરત અને સુરેશને જાણવા મળ્યું કે અમરેલીમાં ગેબનશા નામના ફકીર છે, તે આવા કેસને સાજા કરી દે છે!

બીજા અઠવાડીયે ભરત અને સુરેશ– કીરણને લઈને અમરેલી ગેબનશા ફકીર પાસે પહોંચ્યા. ભરતે કહ્યું : “ફકીરજી! મારી બહેન કીરણને શું થયું છે? કોઈએ મેલીવીધા કરી છે? કોઈની નજર પડી છે?”

ફકીર ગેબનશાએ ગુગળનો ધુપ કર્યો. મન્ત્રોચ્ચાર કર્યા. મોરપીંછની સાવરણી કીરણના શરીર ઉપર ફેરવી. ફકીરે લીલા રંગના

મોટા કપડાંથી કીરણનું શરીર ઢાંકી દીધું. ફકીરે પુછ્યું : “બોલ તું કોણ છે?”

“ફકીરજી! હું કીરણ છું!”

“તારા શરીરમાં કોણ આવે છે?”

“મારા શરીરમાં કોઈ આવતું નથી!”

“તું ખોટું કેમ બોલે છે?”

“ફકીરજી! હું ખોટું બોલું છું, એમ તમે કયા આધારે કહો છો?”

“કીરણ! હું ફકીર છું. હું બધું જાણું છું!”

“ફકીરજી! તમે કશુંય જાણતા નથી! તમે ઢોંગ કરો છો!”

“આ છોકરીને બોલવાનું ભાન છે કે નહીં?” ફકીર ગેબનશા, ભરત અને સુરેશ ઉપર ગુસ્સે થઈ ગયા!

ભરતે કહ્યું : “ફકીરજી! કીરણને બોલવાનું ભાન નથી રહ્યું એટલે તો તમારી પાસે એને લાવ્યા છીએ! ગુસ્સો ન કરો. ઈલાજ કરો!”

ફકીરે એલ્યુમીનીયમનો દસ પૈસાનો સીક્કો કીરણની હથેળીમાં મુક્યો અને કહ્યું : “સીક્કાને મુઠ્ઠીમાં છુપાવી દે! જો સીક્કો બે મીનીટમાં

ગરમ થાય તો તારામાં જીનાત છે, એવું નક્કી થશે! જો સીક્કો ઠંડો પડવા લાગે તો તારામાં ભુત છે, એવું નક્કી થશે!”

ફકીરે મન્ત્રોચ્ચાર શરુ કર્યા. ગુગળના ધુપમાં વધારો કર્યો. મોટેથી બુમો પાડી. મોરપીંછની સાવરણી કીરણના માથા ઉપર ફેરવી. અચાનક કીરણે બુમ પાડી : “આ સીક્કો બહુ ગરમ થઈ ગયો છે!”

કીરણે સીક્કો ફેંકી દીધો. ફકીર ગેબનશાએ નીદાન કર્યું : “કીરણની પાછળ જીનાત છે! સાવચેતી રાખવી પડશે!”

ભરતે કહ્યું : “ફકીરજી! જીનાત કીરણને હેરાન ન કરે એ માટે કંઈક કરો!”

“જીનાત સ્પાયડરમેન જેવો છે! એનું કામ જ ચોંટવાનું છે. કીરણ દેખાવડી છે, એટલે ખતરો વધુ છે! પણ તમે ચીંતા ન કરો. મારી ઉપર બધું છોડી દો! દસ હજાર રુપીયાનો ખર્ચ થશે. જીનાત પાકીસ્તાન નાસી જશે!”

“ફકીરજી! અગીયાર હજાર રુપીયા લઈ લો! પણ કીરણને જીનાત સ્પર્શી ન શકે, તેવો વીધી કરો!”

કીરણ અને તેના બન્ને ભાઈઓ ઘરે આવ્યા. થોડા દીવસ ઘરમાં શાંતી રહી. કીરણનું ખાવા–પીવાનું ઓછું થઈ ગયું! એના વજનમાં સાત–આઠ કીલોનો ઘટાડો થઈ ગયો! એનો ચહેરો કરમાયેલો રહેતો હતો. જટાશંકર અને ઉષાબહેનને ચીંતા કોરી ખાતી હતી. બન્ને

ધાર્મીક અને આધ્યાત્મીક સાહીત્ય વાંચતા. અગોચર કીસ્સાઓ વાંચતા. કીરણને સારું થઈ જાય તે માટે ઠેરઠેર જતા. કીરણને સાથે લઈ જતા. ઉંઝા પાસે ઉનાવા પીર મીરાદાતાર છે, ત્યાં કીરણને દેખાડી; પણ ફેર ન પડ્યો. છેવટે ગીરનાર ઉપર દાતાર દરગાહે કીરણને લઈ ગયા.

મુંજાવરે કીરણને પુછ્યું : “શું થાય છે તને?”

“મુંજાવરજી! મને કશુંય થતું નથી. મારી વેદના કોઈ સમજી શક્તું નથી!”

“શું છે તારી વેદના?”

“મારી વેદના તમને કહેવાનો કોઈ અર્થ નથી!”

જટાશંકરે કહ્યું : “મુંજાવરજી! કીરણનાં શરીરમાં જીનાત છે, એ જવાબ આપી રહ્યો છે!”

મુંજાવરે ગુગળનો ધુપ કર્યો. કીરણની ચારે બાજુ ધુપ ફેરવ્યો. કીરણ બેહોશ થઈ ઢળી પડી અને વીચીત્ર ભાષામાં કંઈક બોલાવા લાગી!

મુંજાવરે કહ્યું : “જટાશંકર! કીરણ જે ભાષા બોલે છે તે કુરાનની પાક આયતો છે!”

"મુંજાવરજી! કીરણ બ્રાહ્મણની દીકરી છે અને કુરાનની આયાતો બોલે! નક્કી જીનાતનું આ કામ છે! કીરણે ક્યારેય કુરાન જોયું પણ નથી કે વાંચ્યું પણ નથી! એને અરબી કે ઉર્દુ ભાષા પણ આવડતી નથી!"

"જટાશંકર! તમારી આ દીકરી કુરાનની પાક આયાતો બોલે છે, તે હકીક્ત છે!"

"પણ એવું કઈ રીતે બને? "

"જટાશંકર! કીરણ પુર્વજન્મમાં મૌલવી હતી!"

જટાશંકર અને ઉષાબહેનનું વીચારતન્ત્ર ખોરવાઈ ગયું. બન્ને કીરણને તાકી રહ્યા. કીરણ નીચે જોઈને મુંજાવરની વાતો સાંભળતી હતી. ભરત અને સુરેશ પણ મુંઝવણમાં મુકાઈ ગયા.

ભરત અને સુરેશ, કીરણને પાલીતાણાના ડૉકટર લાલાણી પાસે લઈ ગયા. ડૉકટરે કીરણને તપાસીને કહ્યું : "કીરણને કશું જ નથી થયું!"

"સાહેબ! કીરણ કુરાનની આયાતો બોલે છે, એનું કારણ શું? પુર્વજન્મમાં એ મુસ્લીમ હતી?"

"ભરતભાઈ! તમારા પ્રશ્નનો જવાબ હું આપી શકું તેમ નથી!"

“પણ ડૉક્ટરસાહેબ! ગેબનશા ફકીરે કીરણની હથેળીમાં સીક્કો આપ્યો ત્યારે તે ગરમ કેમ થઈ ગયો હતો? કુરાનની આયાતો બોલવાનું કારણ જીનાત છે?’’

“જુઓ, સીક્કા ઉપર કેમીકલ લગાડ્યું હોય તો તે ગરમ થઈ જાય! પરન્તુ તેને જીનાત સાથે કોઈ સમ્બન્ધ નથી. તબીબીશાસ્ત્રમાં આવું કંઈ આવતું નથી!”

“ડૉક્ટરસાહેબ! કીરણ પુર્વજન્મમાં પુરુષ હોય અને આ જન્મમાં મહીલા, એવું કઈ રીતે બને?”

“ભરતભાઈ! તમારા પ્રશ્નોના જવાબ મારી પાસે નથી. મારી સલાહ છે કે તમે કીરણને મનોચીકીત્સક–સાયકીયેટ્રીસ્ટ(માનસીક રોગોના ડૉક્ટર) પાસે લઈ જાવ.”

“સાહેબ! કીરણને મનોચીકીત્સક પાસે લઈ જવામાં જોખમ છે!”

“શું જોખમ છે?”

“કીરણની સગાઈ તુટી જાય! વેવાઈને ખબર પડે કે!!!”

“ભરતભાઈ! કોઈને ખબર ન પડે, એવું તમે ઈચ્છો છો?”

“બરાબર સાહેબ!”

“જુઓ. રૅશનાલીસ્ટ ચતુરભાઈ ચૌહાણ પાલીતાણામાં ‘ચમત્કાર ચકાસણી કેન્દ્ર’ ચલાવે છે. કીરણનાં શરીરમાં પ્રવેશી ગયેલું જીનાત એ કાઢી શકશે! એમને મળો.”

તારીખ 29 ડીસેમ્બર, 1990ને શનીવાર. પરીવારજનો કીરણને લઈને ચતુરભાઈ ચૌહાણ (ઉમ્મર : 45) પાસે પહોંચ્યા. જટાશંકરે કહ્યું : “સાહેબ! અમે હેરાન પરેશાન થઈ ગયા છીએ! કોઈ ઉપાય બતાવો!”

ચતુરભાઈએ કીરણનું નીરીક્ષણ કર્યું. એનો ચહેરો વાંચ્યો અને કહ્યું : “કીરણને વળગાડ વળગ્યો હોય તેવું લાગતું નથી!”

“સાહેબ! કીરણ ગીતાના શ્લોક બોલે તે સમજાય; પણ કુરાનની પાક આયાતો!”

“જટાશંકરભાઈ! કીરણને પુરતા આરામ અને ખોરાકની જરુર છે. એનું શરીર દુબળું થઈ ગયું છે. આવી સ્થીતીમાં મગજમાં અવ્યવસ્થા સર્જાય. અજાગૃત મગજ જાગૃત થાય અને અજાગૃત મગજની સંઘરેલી જુની વાતો બહાર આવે! ચીત્તભ્રમ–સીઝોફ્રેનીયા થાય! આ સ્થીતીમાં તેના મનમાં અને વર્તનમાં ઉન્માદ જોવા મળે. ગાંડપણનાં લક્ષણો જોવા મળે. આવી વ્યક્તી હતાશ થઈ જાય, ભાંગી પડે. છીન્નભીન્ન થઈ જાય! માનસીક ભ્રમણાઓ થાય. ભ્રમણાઓ આભાસ સર્જે. વ્યક્તીના સંસ્કાર અનુસાર ભુત દેખાય! માતાજી દેખાય! પણ કીરણનો કીસ્સો જુદો જ છે!”

"કઈ રીતે જુદો છે?" ઉષાબહેને પુછ્યું.

"તમે સૌ પરીવારજનો થોડો સમય બહાર બેસો. હું કીરણની પુછપરછ કરવા ઈચ્છું છું."

પરીવારજનો બહાર જઈને બેઠાં. ચતુરભાઈએ પુછ્યું : "કીરણ! તું વીસ વર્ષની હતી ત્યારે શું કરતી હતી?"

"કૉલેજમાં ભણતી હતી."

"તું છ–સાત વર્ષની હતી ત્યારે શું કરતી હતી?"

"સાહેબ! ત્યારે મારા પપ્પા ભાવનગર પોલીસ ખાતામાં નોકરી કરતાં હતાં. અમે પોલીસ લાઈનમાં રહેતા હતા. અમારા કવાર્ટરની બાજુમાં હસનચાચા રહેતા હતા. તેમનો દીકરો નુરો મારી ઉમ્મરનો હતો. એ રુપાળો હતો. સુંદર કપડાં પહેરે. માથે ટોપી પહેરે. સવારમાં કુરાન વાંચે. હું એને સાંભળું. મને અમુક યાદ રહી જતું હતું! નુરો ઉર્દુ વાંચે તે બોલી શકું; પણ લખી કે વાંચી શકતી નથી!"

"પછી શું થયું?"

"સાહેબ! મારા પપ્પાની બદલી પાલીતાણા થઈ ગઈ."

"કીરણ! તું આ ઉમ્મરે કુરાનની આયાતો કેમ બોલે છે?"

" સાહેબ! એવું કેમ થાય છે, એની મને ખબર નથી! પણ ઘરમાં સૌને વળગાડ વળગ્યો છે!"

"કીરણ! તું શું કહેવા માંગે છે?"

"સાહેબ! હું સાચું કહું છું. મારી ઈચ્છા ન હતી છતાં મારી સગાઈ ગામડાના છોકરા સાથે કરી છે! મારે ગામડામાં જવું નથી, મારે શહેરમાં જ રહેવું છે! પરન્તુ મારી વાત કોઈએ માની નહીં. મેં ખાવા–પીવાનું ઓછું કરી નાખ્યું. ક્યારેક હું સાનભાન ગુમાવી દેતી. કદાચ એવી સ્થીતીમાં મારા અજાગૃત મનમાંથી કુરાનની આયાતો નીકળતી હશે! સાહેબ! મને ગામડામાં પરણાવવાનો વળગાડ મારા પરીવારજનોને વળગ્યો છે, તેમાંથી મને છોડાવો!"

◆◆◆◆◆

07

# અદ્‌ભુત અરીસો!



અનુક્રમણીકા

“અબ્દુલભાઈ! મારા ઘરમાં ચોરી થઈ છે. કોઈ ચોર ઘરમાંથી પચાસ હજાર લઈ ગયો છે. પોલીસમાં ફરીયાદ કરી પણ પોલીસ પણ ચોર શોધી શકી નથી. મારા પૈસા ક્યારે પરત મળશે?”

“સરોજબહેન! તમે ચીંતા છોડો. આ સંગીતા ચોરને શોધી કાઢશે!”

“અબ્દુલભાઈ! સંગીતા તો નાની છોકરી છે. બાળક કહેવાય! એ કઈ રીતે ચોરનું પગેરું મેળવી શકે?”

"સરોજબહેન! સંગીતાએ અગાઉ કેટલાય ચોરોની માહીતી આપી છે! થોડાં સમય પહેલાં પોલીસ કમીશનર ઑફીસમાંથી બે પોલીસ અધીકારી આવ્યા હતા. તેઓ ઘરફોડીયાને શોધતાં હતા; પણ એનું પગેરું મળતું ન હતું. સંગીતાએ તરત જ ઘરફોડીયાના નામ–ઠેકાણાં કહી દીધાં!"

સરોજબહેનના ચહેરા ઉપર આશાનું કીરણ ફરી વળ્યું. અબ્દુલ કાદર શેખે (ઉમ્મર : 50) સંગીતાને કહ્યું : "બેટી સંગીતા! આ સરોજબહેનના ઘરમાંથી ચોરી કરનાર કોણ છે? હાલ એ કઈ જગ્યાએ છે?"

સંગીતાએ અરીસામાં જોઈને કહ્યું : "ચોર દેખાય છે! પાંચ ફુટ ઉંચાઈ છે. શરીરનો રંગ કાળો છે!"

સરોજબહેન સંગીતાને થોડીવાર તાકી રહ્યાં, પછી પુછ્યું : "સંગીતા! મને તો અરીસામાં કંઈ દેખાતું નથી. તને કઈ રીતે દેખાય છે?"

"સરોજબહેન! આ અરીસો ચમત્કારીક છે. અબ્દુલચાચા છ મહીના પહેલાં અજમેરથી લાવ્યા છે. આ અરીસામાં બીજા કોઈને કંઈ દેખાતું નથી. અબ્દુલચાચાને પણ કંઈ દેખાતું નથી. માત્ર મને જ બધું દેખાય છે!"

"સંગીતા! ચોરનું નામ શું છે? હાલ એ કઈ જગ્યાએ છે?"

"સરોજબહેન, ચોરનું નામ છગન છાટકો છે. એની ઉમ્મર પચ્ચીસ વર્ષની છે. હાલ તે કામરેજ ચાર રસ્તાએ ઉભો છે. તેના ખીસ્સામાં ચાલીસ હજાર છે! તેણે કાળું પેન્ટ અને કાળો શર્ટ પહેરેલો છે! સરોજબહેન તમે તાત્કાલીક કામરેજ ચાર રસ્તા પર પહોંચો! ચોર ત્યાં બે કલાક રોકાવાનો છે!"

સરોજબહેન તરત જ રીક્ષામાં બેસી કામરેજ ચોકડી તરફ રવાના થયા.

પછી મીનાબહેન, દક્ષાબહેન, સમજુબહેન, યાસ્મીનબહેન, સતારભાઈ, પરેશભાઈ, ભુપતભાઈ, શંકરભાઈ, ગુલાબભાઈ વગેરેએ સંગીતાને પ્રશ્નો પુછયા. સંગીતાએ અરીસામાં જોઈને જવાબો આપ્યા! કોઈએ એક પ્રશ્ન પુછ્યો, તો કોઈએ પન્દર પ્રશ્નો પુછ્યા. પ્રશ્નદીઠ એકતાલીસ રુપીયા અરીસા પાસે  મુકવાની પ્રથા હતી. છેલ્લા પાંચ મહીનાથી અરીસા પાસે રુપીયાનો ઢગલો થતો હતો! સુરત શહેરમાં જ નહીં; પણ દુરદુર સુધી અદ્ભુત અરીસાની ચર્ચાએ જોર પકડ્યું. મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી લોકો અબ્દુલભાઈના ઘેર આવવા લાગ્યા. સુરતના રુદરપુરા વીસ્તારમાં, બૉમ્બે કૉલોનીમાં પોતાના પરીવાર સાથે અબ્દુલ શેખ રહેતા હતા. બાજુમાં બચુભાઈ શર્મા રહેતા હતા. સંગીતા (ઉમ્મર : 11) બચુભાઈની દીકરી. અબ્દુલભાઈનો અરીસો અને તેમાં માત્ર સંગીતાને ખોવાયેલ વસ્તુઓ, ખોવાયેલ વ્યક્તીઓ દેખાતી હતી, એનું અચરજ સૌને થતું હતું!

તારીખ 03 ફેબ્રુઆરી, 2002ને રવીવાર. બપોરના 12:30 થયા હતા. અબ્દુલભાઈના ઘેર એક બહેન આવ્યા. અબ્દુલભાઈએ પુછ્યું : "બહેન, તમારું નામ?"

"મારું નામ ઝેહરાબહેન સાયકલવાળા છે!"

"શું સમસ્યા છે? આ સંગીતા અરીસામાં જોઈને સચોટ જવાબ આપશે!"

ઝેહરાબહેને સંગીતા તરફ જોયું. સંગીતાનો નીર્દોષ ચહેરો મરક–મરક હસતો હતો. ઝેહરાબહેને કહ્યું : "સંગીતા! મારી સમસ્યા જુદી છે!"

"જે હોય તે કહો. આ અરીસો અદ્‌ભુત છે. જે કંઈ પુછવું હોય તે પુછો તેનો ઉકેલ તે બતાવે છે!"

"સંગીતા, મારા પતીનું નામ ફીરોઝ છે. સાલો દારુડીયો છે! મને મારઝુડ કરે છે! આ મારઝુડ બન્ધ થઈ જાય એવી કોઈ તરકીબ છે?"

સંગીતા ગમ્ભીર બની અરીસાને તાકી રહી. તેના ચહેરા ઉપર હાવભાવ ફરતા રહ્યા. થોડીવારે સંગીતાએ કહ્યું : "જુઓ, ઝેહરાબહેન, ઉપાય સાવ સરળ છે. રસ્તા ઉપર હોય તેવી કોઈ પણ દરગાહ ઉપર શુક્રવારે સફેદ ફુલ ચડાવશો તો મારઝુડ સાવ બન્ધ થઈ જશે!"

ઝેહરાબહેન સંગીતાને તાકી રહ્યા, પછી પુછ્યું : “સંગીતા! તારી આટલી નાની ઉમ્મરમાં તને આવું બધું કોણે શીખવ્યું છે?”

“કોઈએ મને શીખવ્યું નથી. આ તો અરીસાની કમાલ છે. મારી દૃષ્ટી અરીસા ઉપર પડે એટલે મને દેખાય છે!”

ઝેહરાબહેન વધુ પ્રશ્નો પુછવા માંગતા હતા; પણ અબ્દુલભાઈએ તેમને રોક્યા અને કહ્યું : “ઝેહરાબહેન, બીજા પ્રશ્નો માટે આવતા રવીવારે આવજો. આજે ભીડ વધુ છે. બીજાનો વારો આવવા દો!”

“અબ્દુલભાઈ! હું કલાકથી બેઠો છું. હવે મારો વારો!” ગુણવંતભાઈ ચૌધરી વચ્ચે બોલી ઉઠ્યા.

“ગુણવંતભાઈ, બોલો તમારી સમસ્યા શું છે? “અબ્દુલભાઈએ સૌને શાંત રહેવા ઈશારો કર્યો. છ–સાત માણસો સંગીતાને તાકી રહ્યા હતા.

ગુણવંતભાઈએ સંગીતાના માથા ઉપર હાથ મુકીને પુછ્યું : “દીકરી સંગીતા! મારી વીસ વરસની દીકરી પાયલ છેલ્લા ચાર દીવસથી ઘેર આવી નથી. 17 ફેબ્રુઆરીના રોજ પાયલના મેરેજ છે. હું કોઈને મોઢું દેખાડી શકું તેમ નથી! પાયલ કયાં છે? કોની સાથે છે?”

સંગીતા અરીસાને તાકીને કહ્યું : “ગુણવંતકાકા! ચીંતાનો વીષય છે. પાયલ બહુ જ દુ:ખી છે. રડે છે!”

“સંગીતા, મને વીશ્વાસ છે કે પાયલ ક્યારેય રડે નહીં! સંગીતા, તને ઝાખું તો દેખાતું નથી ને? અરીસા ઉપર કપડું ફેરવ. કદાચ સ્પષ્ટ દેખાય!”

સંગીતાએ અરીસા ઉપર કપડું ફેરવી સફાઈ કરી, પછી કહ્યું : “ગુણવંતકાકા, પાયલ બહુ જ રડે છે! એનો અવાજ મને સમ્ભળાય છે! એની બાજુમાં પાંચ ફુટ ઉંચો યુવાન છે. યુવાન શરીરે કાળો છે. તેણે જાંબલી કલરનો શર્ટ પહેર્યો છે. સુરતના રેલવે સ્ટેશને બન્ને બેઠાં છે. મુમ્બઈ જવાની તૈયારીમાં છે! પાયલ ઘેર પરત ફરે તેવું તમે ઈચ્છતા હો તો હાલ નવસારી પહોંચો. મેઈન બજારમાં દરગાહ છે, ત્યાં કાળો દોરો ચડાવો, એક કાળો દોરો તમારા જમણા કાંડે બાંધજો, પાયલ દોડતી–દોડતી ઘરે પરત આવી જશે!’’

એ સમયે, સમસ્યા લઈને આવનારાઓમાં મધુભાઈ કાકડીયા પણ હતા, તેમણે કહ્યું : “અબ્દુલભાઈ, આ અરીસો ખરેખર ચમત્કારીક છે! મને પણ અરીસામાં ઘણું બધું દેખાય છે!”

“મધુભાઈ! તમને તમારું પ્રતીબીમ્બ દેખાતું હશે!”

“અબ્દુલભાઈ! મને તો આ અરીસામાં તમારા તરકટનું પગેરું દેખાય છે! તમે પાડોશીની દીકરીને પૈસા આપીને, એના ભોળપણનો લાભ લઈને તમે ધતીંગ શરુ કરેલા છે. શ્રદ્ધાળુ લોકોને લુંટવાનું બન્ધ કરો!”

“મધુભાઈ! વીચારીને બોલો. હું લોકોને આમન્ત્રણ આપતો નથી. સંગીતા જે કહે છે, તે સાચું છે! એને અરીસામાં જે દેખાય છે તે કહે છે!”

“અબ્દુલભાઈ, સંગીતાને અરીસામાં કંઈ જ દેખાતું નથી. તમે જે શીખવ્યું છે તે સંગીતા બોલે છે! અરીસો કે સંગીતાની દૃષ્ટી ચમત્કારીક નથી! મારા ખીસ્સામાં સો રુપીયાની નોટ છે, તેના નમ્બર સંગીતા અરીસામાં જોઈને કહી દે તો તમારા અને સંગીતાના પગ ધોઈને, ચરણામૃત પીશ! બોલો છે તૈયારી?”

અબ્દુલભાઈ અને સંગીતા, મધુભાઈ કાકડીયાને તાકી રહ્યા. પછી બન્નેને પરસેવો વળવા લાગ્યો. મધુભાઈએ કહ્યું : “અબ્દુલભાઈ, આ ઝેહરાબહેન સાયકલવાળા, ગુણવંતભાઈ ચૌધરી, એડવોકેટ જગદીશભાઈ વક્તાણા, એડવોકેટ/નોટરી ભરતભાઈ શર્મા, અને મારી સાથેના કાર્યકરો ‘સત્યશોધક સભા’, સુરતના સભ્યો છે. અમારું કામ, તરકટનો પર્દાફાશ કરવાનું છે. સરોજબહેને સત્યશોધક સભા સમક્ષ ફરીયાદ કરી હતી એટલે અમે સૌ અહીં આવ્યા છીએ! તમે આ કુમળી છોકરીને અવળા રવાડે શા માટે ચડાવો છો?”

અબ્દુલભાઈએ હાથ જોડ્યા. ઝેહરાબહેન સાયકલવાળાએ કહ્યું : “અબ્દુલભાઈ, મેં લગ્ન જ નથી કર્યા! મારઝુડનો પ્રશ્ન જ નથી. વળી આ ગુણવંતભાઈ ચૌધરીને પાયલ નામની કોઈ દીકરી જ નથી! અદ્‌ભુત અરીસો આવો હોય? આવું તુત તમને કઈ રીતે સુઝયું?”

“ઝેહરાબહેન! મને માફ કરો. આ તુત આજથી બન્ધ કરું છું. લેખીત ખાતરી આપું! પૈસાની લાલચમાં આવીને મેં સંગીતાને કેવા પ્રશ્નોમાં શું બોલવું તે શીખવ્યું હતું! પ્રશ્નદીઠ 41/- રુપીયા હું લેતો હતો અને તેમાંથી પ્રશ્નદીઠ દસ રુપીયા સંગીતાને આપતો હતો!”

◆◆◆◆◆

**08**

# ગોવીન્દનો આત્મા જવાબ ન આપી શક્યો!



અનુક્રમણીકા

તારીખ 30 ડીસેમ્બર, 1990ને રવીવારે સાંજના પાંચ થયા હતા. ભાવનગર જીલ્લાના બગદાણા ગામે લોકશાળાના વીદ્યાર્થીઓનો નેશનલ સર્વીસ સ્કીમ(NSS)નો કેમ્પ હતો. 'ઝેર તો પીધા જાણી જાણી'ના લેખક મનુભાઈ પંચોળી 'દર્શક' (ઉમ્મર : 76) ઉપસ્થીત હતા. 'ચમત્કાર ચકાસણી કેન્દ્ર', પાલીતાણાના ચતુરભાઈ ચૌહાણ (ઉમ્મર : 45) વીદ્યાર્થીઓ સમક્ષ ચમત્કારનો પર્દાફાશ કરી રહ્યા હતા. વીદ્યાર્થીઓ કુતુહલથી ચતુરભાઈના પ્રયોગો નીહાળી રહ્યા હતા. ચતુરભાઈએ વીદ્યાર્થીઓને કહ્યું : “તમારા મનમાં પ્રશ્નો ઉદ્ભવતા હોય તો પુછો!”

"ચતુરભાઈ! ચમત્કાર થાય છે કે નહીં?"

"ચમત્કાર માત્ર ભણતરથી થાય! તમારામાંથી કોઈ ડૉક્ટર બનશે, એન્જીનીયર બનશે, કોઈ ઉચ્ચ અધીકારી બનશે, કોઈ મુખ્યમન્ત્રી કે પ્રધાનમન્ત્રી બનશે! ભણતર માણસને સારો નાગરીક બનાવે છે! ભણતર, માણસને જેલમાં જતા રોકે છે! આવું બને તે ચમત્કાર કહેવાય! બીજી કંઈ પણ રીતે ચમત્કાર થઈ શકે નહીં."

"ચતુરભાઈ! ભુત–પ્રેત છે કે નહીં?"

"જુઓ. આ બધું અજ્ઞાની કે લાલચુ માણસોએ ઉભી કરેલી ભ્રમ જાળ છે. તન, મન અને ધનનું શોષણ કરવાના આ તરીકા છે! ભુવાઓ પોતાની ગરીબાઈનું ભુત કાઢી શક્તો નથી! એટલે કે પોતાની સ્થીતી સુધારી શક્તો નથી! વીંછીનું ઝેર ઉતારનારને વીંછી ડંખ મારે તો તે પોતાનું ઝેર ઉતારી શક્તો નથી! કેમ કે તે જાણે છે કે પોતે ઝેર ઉતારવાનો ઢોંગ કરે છે!"

"પણ આપણે હકીકતમાં જોઈએ છીએ કે અમુકને વીંછીએ ડંખ માર્યો હોય અને ઝેર ઉતારનાર પાસે તેને લઈ જવામાં આવે તો ઝેર ઉતરી જાય છે! એવું કેમ?"

"વીંછીનું ઝેર ઉતરી જાય છે તે વાત સાચી; પરન્તુ તેમાં કોઈ મન્ત્ર–તન્ત્ર કામ કરતા નથી! સાયકોલૉજી કામ કરે છે! અહીં મનુભાઈ પંચોળી બેઠા છે. કોઈ વીદ્યાર્થીને વીંછી ડંખ મારે તો તેને પહેલેથી કહેવું

પડે કે મનુભાઈ ગમે તેવા વીંછીનું ઝેર ચપટી વગાડતા ઉતારી નાખે છે! પછી જ્યાં વીંછીએ ડંખ માર્યો હોય ત્યાં મનુભાઈ મન્ત્રોચ્ચારનો ઢોંગ કરતા–કરતા સ્પર્શ કરે તો વીંછીનું ઝેર ઉતરી જશે! તમે આ પ્રયોગ કરી શકો છો!"

"ચતુરભાઈ! માણસ જીવતો હોય ત્યારે પોતાનો ઉધ્ધાર કરી શક્યો ન હોય અને તેના મરણ પછી તેના આત્માનો ઉધ્ધાર થાય? તેને સ્વર્ગમાં સ્થાન મળે?"

"જુઓ, વીદ્યાર્થીમીત્રો! એવું કહેવાય છે કે સ્વર્ગમાં કશીય મહેનત કર્યા સીવાય બધી સુખ–સગવડો મળે છે. રંભા, ઉર્વશી, મેનકા, તીલોત્તમા વગેરે રુપાળી અપ્સરાઓ સેવામાં હાજર રહે છે! એને સ્વર્ગ કહેવાય કે અડ્ડો? માણસનો ઉધ્ધાર ભણતર, વીવેકબુદ્ધી અને પરીશ્રમથી થાય, મન્ત્ર–તન્ત્રથી ન થાય! પરલોકમાં સ્વર્ગ છે કે નહીં, તેની ખબર નથી; પરન્તુ આ લોકમાં સ્વર્ગ જરુર ઉભું કરી શકાય છે!"

"ચતુરભાઈ! મૃત્યુ પછી માણસનો આત્મા ભટકતો રહે છે, એ વાત સાચી?"

"મરણ પછી આત્મા ભટકે છે કે નહીં તેની ખબર નથી; પરન્તુ ભટકતા આત્માની શાંતી માટે જે વીધીઓ આપણે કરીએ છીએ તે સાવ ખોટી છે!"

“ચતુરભાઈ! તમે ક્યા આધારે કહો છો કે મરણ પાછળની વીધીઓ ખોટી છે?’’

“ગાય અને ભેંસને આત્મા હોય કે નહીં?”

“દરેક જીવને આત્મા હોય! શરીરમાંથી આત્મા જતો રહે એટલે મૃત્યુ થાય! શરીર નાશવન્ત છે, આત્મા અમર છે! આત્મા બીજો જન્મ ધારણ ન કરે ત્યાં સુધી ભટકતો રહે છે. મનુષ્ય જેવા કર્મો કરે તેવો આત્માનો નવો જન્મ થાય. સારા કર્મો કર્યા હોય તે પુણ્યાત્મા, પાપ કર્યા હોય તે પાપાત્મા અને જેની વાસના, ઈચ્છા અધુરી રહી જાય તે પ્રેતાત્મા બને! ચોરાશી લાખ જન્મ લેવા પડે! એવું કથાકારો, શાસ્ત્રીઓ, સ્વામીઓ, બાપુઓ રટણ કર્યા કરે છે, તે સાચું છે?”

“વીદ્યાર્થીમીત્રો! આ બધી ભ્રમજાળ છે. આત્માની શાંતી માટે ખર્ચાળ વીધીઓ, પુજાપાઠ, મન્ત્રજાપ, તર્પણ, શ્રાદ્ધ, નારાયણબલી વગેરેમાં ધન વેડફાય છે. ગાય અને ભેંસના મરણ પછી તેના આત્માની શાંતી માટેની કોઈ વીધી કરતું નથી! શું માણસનો આત્મા, ગાય–ભેંસના આત્મા કરતાં હલકો છે કે તેને શાંતીની જરુર પડે? શું ગાય–ભેંસના આત્માના મોક્ષ માટે નહીં ને આપણા જ માટે વીધીઓ કરવી પડે? આત્માના મોક્ષ માટે આપણે જે વીધીઓ કરીએ છીએ તે આપણા સંતોષ માટે કરીએ છીએ! આત્માના સંતોષ માટે નહીં!”

"ચતુરભાઈ! માની લઈએ કે માતાજી નથી, ભગવાન નથી, પુનર્જન્મ નથી, કર્મ મુજબનું ફળ મળતું નથી તો માણસે સારો વ્યવહાર શા માટે કરવો જોઈએ! નીતી મુજબ શા માટે જીવવું જોઈએ!"

"વીદ્યાર્થીઓ! તમે તમારી જાતને પુછો. તમારી ચીજવસ્તુ કોઈ ચોરી જાય તો તમને ગમે? તમારી સાથે છેતરપીંડી થાય તો તમને ગમે? તમારી ઉપર હુમલો થાય, તમારો કોઈ તીરસ્કાર કરે, તમને કોઈ ખોટું કહે તો તમને ગમે? બીલકુલ ન ગમે! જે વર્તન આપણને ગમતું નથી, તેવું વર્તન આપણે બીજા સાથે કરવું ન જોઈએ. આ થઈ નીતીમત્તા! આ નીતીમત્તા એ જ ધર્મ! આ નીતીમત્તા એ જ સંસ્કાર!"

"ગરીબો, વંચીતો, દલીતો(ભારતીય બંધારણ મુજબ : અનુસુચીત જાતી અને અનુસુચીત જન જાતી) તેના ગત જન્મના કર્મના કારણે દુ:ખી થાય છે, એ સાચું?"

"તે બીલકુલ ખોટું છે! ગરીબો, વંચીતો, દલીતોના દુ:ખનું કારણ શોષણ છે! તકનો અભાવ છે! અન્યાયી સમાજવ્યવસ્થા છે! અન્ધશ્રદ્ધા છે! ભણતરનો અભાવ છે!" ચતુરભાઈ અટક્યા; તેના કાને ડાકલાંનો અવાજ સંભળાયો! ગામમાં ડાકલાં વાગી રહ્યા હતા. વૈજ્ઞાનીક અભીગમ કેળવવાની ચર્ચા ચાલતી હતી એવા સમયે ડાકલાંનો અવાજ આવતા રમુજનું દૃશ્ય ખડું થયું!

મનુભાઈ પંચોલીએ કહ્યું : “ચતુરભાઈ! અન્ધશ્રદ્ધા આપણા ખભે ચડી ગઈ છે, એને પછાડવી જ પડશે! તમે લોકશીક્ષણનું ખરું કામ કરો છો!”

ચતુરભાઈ, થોડા વીદ્યાર્થીઓ સાથે લઈને ગામમાં જ્યાં ડાકલાં વાગતા હતા ત્યાં પહોંચ્યા. ચતુરભાઈએ પુછ્યું : “ભુવાજી! ડાકલાં કેમ વગાડો છો?”

“પવીત્ર પ્રસંગ છે! અરજણભાઈનો દીકરો ગોવીન્દ સોળ વરસનો હતો. નવમા ધોરણમાં ભણતો હતો. કેન્સરના કારણે તેનું મરણ થયું. એની પરણવાની ઈચ્છા, અરમાનો અધુરા રહેવાથી, તેના આત્માને શાંતી મળે તે માટે લીલ પરણાવવી પડે!”

“ભુવાજી! ગોવીન્દની ઈચ્છા અધુરી રહી ગઈ છે, એની ખબર કઈ રીતે પડી?”

“ગોવીન્દનો આત્મા ભટકે છે! થોડા સમય પછી ગોવીન્દનો આત્મા કોઈના શરીરમાં પ્રવેશ કરશે. ગોવીન્દ ખુદ બોલશે!”

ચતુરભાઈ મુંઝવણમાં પડ્યા. ભુવાજીને સમજાવવાનો કોઈ અર્થ ન હતો. ચતુરભાઈએ ગોવીન્દના કુટુમ્બીજનોને સમજાવી જોયા; પણ સૌએ કહ્યું : “ ભુવાજી કરે અને કહે તે સાચું!”

ભુવાજીએ ડાકલાંનો રમરમાટ શરુ કર્યો. કેટલાયના શરીરમાંથી ધ્રુજારી પસાર થઈ ગઈ! ચતુરભાઈની મુંઝવણ વધી ગઈ. ભુવાજીનો

પર્દાફાશ કઈ રીતે કરવો? ગોવીન્દના કુટુમ્બીજનોને કઈ રીતે સમજાવવા?

સૌ કુતુહલથી ભુવાજીને તાકી રહ્યા હતા. ગોવીન્દના આત્મા સાથે વાત કરવાની તાલાવેલી કુટુમ્બીજનોને હતી. ડાકલાંના અવાજથી વાતાવરણમાં ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. ભુવાજીના વેશ, વાણી અને ડાકલાંને કારણે અગોચર તત્ત્વની ચર્ચા સૌ કરવા લાગ્યા.

ત્યાં ભુવાજીએ ત્રાડ પાડી. ગોવીન્દના ભાભી કાશીબહેનનું (ઉમ્મર : 30) શરીર ધ્રુજવા લાગ્યું. ભુવાજીએ કાશીબહેનને પુછ્યું : "કોણ છો?"

"હું ગોવીન્દ છું!"

"ગોવીન્દ! તું ક્યાં હતો?"

"ભુવાજી! હું કેટલાંય લોક ફરીને આવ્યો છું!"

"અહીં કેમ આવ્યો છે?"

"ભુવાજી! હું તમારો મહેમાન છું!"

"ગોવીન્દ! તારી કોઈ ઈચ્છા છે?"

"ભુવાજી! લીલ પરણાવવી પડશે! પરણવાની મારી ઈચ્છા અધુરી રહી ગઈ છે."

“ગોવીન્દ! ચીંતા ન કર! લીલની વીધી જ થઈ રહી છે!”

“ગોવીન્દ! તારી બીજી કોઈ ઈચ્છા અધુરી રહી ગઈ છે?”

“ના ભુવાજી ના! બીજી કોઈ ઈચ્છા અધુરી નથી રહી!”

ચતુરભાઈ અચરજ પામી ગયા. કાશીબહેનના શરીરમાં ગોવીન્દના આત્માએ પ્રવેશ કર્યો હતો, અને કાશીબહેન– ગોવીન્દ વતી બોલી રહ્યા હતા! સૌ કુટુમ્બીજનો કાશીબહેનને પગે લાગી રહ્યા હતા! ભુવાજી ડાકલાંની તમતમાટી બોલાવી રહ્યા હતા. ચતુરભાઈ મનમાં ને મનમાં મુંઝાતાં હતા. ભુવાજીનું તર્કટ કઈ રીતે ખુલ્લું કરવું? ધતીંગનું પગેરું કઈ રીતે મેળવવું, તે અંગે ચતુરભાઈ વીચારી રહ્યા હતા. વીદ્યાર્થીઓ ચતુરભાઈને તાકી રહ્યા હતા!

ચતુરભાઈએ કહ્યું : “કાશીબહેન! હું પુછું તેનો જવાબ આપશો?”

“હું ગોવીન્દ છું! કાશીબહેન નહીં! જે પુછવું હોય તે પુછો!”

કાશીબહેન સતત ધુણી રહ્યા હતા. કાશીબહેન બે ચોપડી જ ભણ્યા હતા. ચતુરભાઈએ પુછ્યું : “ગોવીન્દ! તું ભણવામાં હોશીયાર હતો?”

“હા, હું પ્રથમ નમ્બરે જ પાસ થતો!”

“ગોવીન્દ! તને એ.બી.સી.ડી. આવડે છે?”

“એ તો હું પાંચમાં ધોરણમાં શીખી ગયેલો!”

“ગોવીન્દ! તારા મોઢે મારે એ.બી.સી.ડી. સાંભળવી છે! એક વખત બોલી જા! મારી પાસે પુસ્તક છે. તેમાં એ.બી.સી.ડી. છે. તું જોઈને પણ બોલી શકે છે!”

ચતુરભાઈએ કાશીબહેન સામે પુસ્તક મુક્યું. કાશીબહેને વાંચવાનો પ્રયત્ન કર્યો; પણ તે એ. બી. સી. ડી. વાંચી શક્યા નહીં! કાશીબહેનના શરીરમાંથી ધ્રુજારી તરત જ અલોપ થઈ ગઈ! ગોવીન્દનો આત્મા બોલતો બન્ધ થઈ ગયો!

ભુવાજીએ ડાકલાં બન્ધ કરીને ચતુરભાઈને કહ્યું : “તમારી જેવા નાસ્તીકની હાજરીના કારણે ગોવીન્દનો આત્મા નાસી ગયો!”

ચતુરભાઈએ ગોવીન્દના પરીવારજનોને સમજાવ્યા. ભુવાજીની સ્થીતી કફોડી થઈ ગઈ!

ચતુરભાઈએ કહ્યું : “ભુવાજી! ભટકતા આત્માની ચીંતા કરવાને બદલે હવે પછી તમારા શરીરમાંથી આત્મા નાસી ન જાય તેની ચીંતા કરજો!”

♦◆♦◆♦

## 09

# તાવીજ પહેરવાથી શૌહર સારું કમાશે!



અનુક્રમણીકા

“મૌલવીજી! મારું નામ રેશ્મા. આ મારી નાની બહેન સાયરા છે. સાયરા માનસીક અસ્થીર છે. સારવાર ચાલુ છે. તમે નુરહજુરી ઈલમના જાણકાર છો, એવી મને જાણકારી મળી એટલે અમે તમારી પાસે આવ્યા છીએ!”

“રેશ્મા! તમે યોગ્ય જગ્યાએ આવ્યા છો. સાયરાની સ્થીતી મેલીવસ્તુના કારણે થઈ છે. મેલીવસ્તુનો નીકાલ દવાખાનામાં ન થાય. એકસો એકાવન ટકા સારું થઈ જશે. લોકો યુ.કે., યુ.એસ.એ., કેનેડા અને ઓસ્ટ્રેલીયાથી મારી પાસે આવે છે! અશક્ય કશું નથી, બધું શક્ય છે!”

“મૌલવીજી! સાયરાને સારું થઈ જાય તો અમારી ચીંતા ટળે. સાયરા તેર વર્ષની થઈ છતાં તેની માનસીક ઉમ્મર ચાર–પાંચ વર્ષના બાળક જેવી જ છે!”

“રેશ્મા! ચીંતા છોડી દે. સાયરાની જવાબદારી મારી. એવું કોઈ કામ નથી, જે મારાથી ન થાય! ખતરનાક ઈચ્છાધારી વશીકરણ, શત્રુનાશ, ધારેલી વ્યક્તીનું મીલન, સૌતનમુક્તી, એક તરફી પ્રેમ, દારુ છોડાવવા, સન્તાનપ્રાપ્તી, ધંધામાં બરક્ત, છુટાછેડા, પતીપત્ની વચ્ચે અણબનાવ, મન્ત્રતન્ત્ર, મુઠચોટ, સગાઈ, ગુપ્તબીમારી, વીઝામાં વીલમ્બ, બગડેલા સમ્બન્ધ સુધારવા વગેરે સમસ્યાઓનો મારી પાસે ઉકેલ છે. મેં કરેલું કામ કોઈ તોડી શકે નહીં. અને મારી પહેલાં કોઈ કામ કરી બતાવે તો રુપીયા પાંચ લાખનું ઈનામ આપવાની મેં જાહેરાત કરી છે!”

રેશ્મા સાદીકઅલી પટેલ (ઉમ્મર : 21) અંકલેશ્વર તાલુકાના જીતાલી ગામની હતી. તેની શાદી થઈ ગઈ હતી. પતી સાદીકઅલી સાઉથ આફ્રીકામાં ધંધા અર્થે ગયા હતા. રેશ્મા પીયરમાં હતી. નાની બહેનની ચીંતામાં તે જીવ બાળી રહી હતી. તે ઈચ્છતી હતી કે સાયરાને જલદી સારું થઈ જાય! મૌલવીજીના એ શબ્દો ‘એવું કોઈ કામ નથી જે મારાથી ન થાય!’– રેશ્માના હૃદયને ખુબ ગમ્યા! તેણે કહ્યું : “મૌલવીજી! મને શ્રદ્ધા છે. તમારા શબ્દો, આશીર્વાદ હકીકત બને!”

“રેશ્મા! ઉપરવાળો જરુર મદદ કરશે!”

મૌલવીજીએ ગ્લાસમાં પાણી લીધું. ગ્લાસમાં ત્રણ ફુંક મારી. પછી તે પાણી સાયરાને પીવડાવી દીધું! કહ્યું : “રેશ્મા! આવતા શુક્રવારે સાયરાને લઈને આવજે. બીજી વીધી કરવાની જરુર છે!”

મૌલવીજીનું નામ હતું ઈકબાલ અહમદ દેસાઈ (ઉમ્મર : 58). સુરતના તડકેશ્વર વીસ્તારમાં રહેતા હતા. દોરા–ધાગા, તન્ત્રમન્ત્ર દ્વારા ઈલાજ કરતા હતા. તે કાયમ લીલા રંગની વેશભુષામાં રહેતા. ગળામાં ચમકદાર નંગોની ત્રણ–ચાર માળાઓ પહેરતાં. તેમનું વ્યક્તીત્વ ધ્યાનાકર્ષક હતું!

શુક્રવારે રેશ્મા, સાયરાને લઈને મૌલવીજી પાસે આવી, કહ્યું : “મૌલવીજી, છેલ્લાં એક વીકથી સાયરાને સારું રહે છે. તોફાન ઓછા કરે છે! મને વીશ્વાસ બેસી ગયો છે કે સાયરાને જલદી સારું થઈ જશે!”

“રેશ્મા! ઈલમની અસર છે! એવું કોઈ કામ નથી, જે મારાથી ન થાય!”

મૌલવીજીએ કાળો દોરો હાથમાં લીધો. તેના ઉપર ત્રણ ફુંક મારી. પછી તે દોરો સાયરાના જમણા કાંડે બાંધી દીધો! લોબાનનો ધુપ કર્યો. મન્ત્રતન્ત્રની વીધી કરી, કહ્યું : “રેશ્મા, આવતા શુક્રવારે એકલી આવજે. સાયરાને સાથે લાવવાની જરુર નથી. કુટુમ્બના કોઈ એક સભ્ય ઉપર વીધી કરીએ તો પણ બીજા સભ્ય ઉપર અસર થાય છે!”

સાયરાને સાથે લઈને સુરત જવું–આવવું મુશ્કેલ હતું. રેશ્માને શાંતી થઈ. શુક્રવારે રેશ્મા મૌલવીજી પાસે પહોંચી. મૌલવીજીએ પુછ્યું : “રેશ્મા! સાયરાને કેમ છે?”

“મૌલવીજી! ઘણો સુધારો છે!”

“થોડા દીવસોમાં સાયરાને સારું થઈ જશે! રેશ્મા, આજે તને જુદા કારણસર મેં અહીં બોલાવી છે!”

“મૌલવીજી! કહો કયું કારણ છે?”

“રેશ્મા! તું ગુપ્તતા! જાળવે તો કહું!”

“મૌલવીજી! કસમ ખાઈને કહું છું. તમે જે કંઈ કહેશો તે કોઈને નહીં કહું!”

“રેશ્મા! સાઉથ આફ્રીકામાં તારા શૌહરને ધંધામાં મુશ્કેલી છે!”

“મૌલવીજી! તમને કઈ રીતે ખબર પડી?”

“રેશ્મા! મન્ત્રતન્ત્રની વીધી દ્વારા મને જાણવા મળ્યું છે!”

રેશમાના ચહેરા ઉપર ચીંતાના વાદળો ઘેરાવા લાગ્યા. તેના કપાળે પરસેવો વળી ગયો. રેશ્માએ કહ્યું : “મૌલવીજી! આનો કોઈ ઉકેલ તમારી પાસે છે?”

"રેશ્મા! ચીંતા કેમ કરે છે? એવું કોઈ કામ નથી, જે મારાથી ન થાય!"

મૌલવીજીએ લોબાનનો ધુપ કર્યો. અગરબત્તીઓ પેટાવી. રેશ્માના માથા ઉપર મોરપીંછની સાવરણી ફેરવી. કાળા રંગના તાવીજ ઉપર ત્રણ ફુંક મારી અને તે તાવીજ રેશ્માના જમણા બાવડા ઉપર બાંધીને મૌલવીજીએ કહ્યું : "રેશ્મા! આ તાવીજ પહેરવાથી શૌહર સારું કમાશે! કોઈ અડચણ નહીં આવે!"

રેશ્માના ચહેરા ઉપર ખુશીઓ આળોટવા લાગી! તેણે મૌલવીજીને સલામ કરીને કહ્યું : "મૌલવીજી! ખરેખર, તમે જે કરી શકો, તે કોઈ ન કરી શકે! તમે મને ચીંતાના દરીયામાં ડુબતી બચાવી લીધી છે!"

"રેશ્મા! એક નાનકડી વીધી બાકી છે. એ વીધી પછી કોઈ ચીંતા જ નહીં રહે! આ વીધી જીતાલી ગામે, તારા નીવાસસ્થાને કરવી પડશે!"

"મૌલવીજી! તમે મારા ઘેર આવશો, એ તો અમારું સદ્ભાગ્ય કહેવાય! મારા માતા–પીતા તમારા દર્શન કરવા આતુર છે! હું તો રાજી–રાજી થઈ જઈશ!"

તારીખ 14 નવેમ્બર, 2011ને સોમવાર. બપોરના ત્રણ વાગ્યે મૌલવીજીએ, રેશ્માના ઘેર પધરામણી કરી. ઘરના સભ્યો

આનન્દવીભોર બની ગયા! મૌલવીજીએ કહ્યું : “વીધીમાં બે કલાક લાગશે, ત્યાં સુધી રેશ્મા સીવાયના સૌ સભ્યોને, ઘરથી સો મીટર દુર જઈને ઉભા રહેવાનું છે! વીધી પુરી કર્યા બાદ હું અહીંથી જતો રહું ત્યારે જ તમારે પરત આવવાનું છે!”

ઘરના સૌ સભ્યો નીવાસસ્થાન છોડીને જતા રહ્યા ત્યારે મૌલવીજીએ કહ્યું : “રેશ્મા! આ વીધી ગુપ્ત છે અને બન્ધ રુમમાં જ કરવી પડશે!”

“ભલે. મૌલવીજી!”

“રેશ્મા! આજની વીધી પછી તારા શૌહરની બરકત થશે! શરત એટલી છે કે વીધીની કોઈ વાત ક્યારેય કોઈને કરવાની નથી. સાદીકને પણ નહીં! જો કોઈને ગન્ધ પણ આવશે તો વીધીની અવળી અસર થશે. સાયરા વધુ પાગલ થઈ જશે. રેશ્મા, તારી પણ એવી જ હાલત થઈ જશે! સાદીક તને છોડીને જતો રહેશે!”

“મૌલવીજી! હું કસમ ખાઈને કહું છું. વીધી કાયમ ગુપ્ત જ રહેશે!”

“રેશ્મા! આવી અદ્‌ભુત પ્રતીબદ્ધતા હોય, આવી શ્રદ્ધા હોય, તો જ વીધી, તન્ત્રમન્ત્રની અસર થાય!”

મૌલવીજીએ બન્ધ રુમમાં વીધીની તૈયારી કરી. તેમણે લીલા રંગની વેશભુષા ઉતારીને એક બાજુએ મુકી. રેશ્મા હેબતાઈ ગઈ.

મૌલવીજીએ કહ્યું : "રેશ્મા! સંકોચ છોડી દે! સંકોચ કરીશ તો વીધી બીજી વખત કરવી પડશે!"

"મૌલવીજી! તમે શું કરી રહ્યા છો? આને વીધી કહેવાય?"

"રેશ્મા! આ વીધીનો એક નાનકડો ભાગ છે. વીધી કરવાથી ફાયદો છે, ન કરવાથી કલ્પના ન કરી શકીએ, તેવું નુકસાન થાય!"

"મૌલવીજી! આવું કામ તમે કઈ રીતે કરી શકો? તમારી ઉમ્મર તો જુઓ!"

"રેશ્મા! એવું કોઈ કામ નથી, જે મારાથી ન થાય!"

"મૌલવીજી! તમે સમજ્યા નહીં. હું તમારી દીકરી જેવી છું! દીકરી સાથે આવી વીધી કેમ થઈ શકે?"

રેશ્માનું વીચારતન્ત્ર ખોરવાઈ ગયું. તે બેહોશ થઈ ઢળી પડી. મૌલવીજીએ વીધી પુર્ણ કરી.

તારીખ 01 જાન્યુઆરી, 2012ના રોજ સાદીકભાઈ સાઉથ આફ્રીકાથી પરત ફર્યા. રેશ્માને સાસરીએ તેડી ગયા. અચાનક રેશ્માને ઉલટી થઈ. તેની સાસુને શંકા ગઈ. રેશ્માનું મેડીકલ ચેકઅપ કરાવ્યું. રેશ્માના પેટમાં બે મહીનાનો ગર્ભ હતો! પતી સાદીકભાઈએ રેશ્માને ધરપત આપી. રેશ્માએ જે બન્યું હતું તેનું વર્ણન કર્યું.

અંકલેશ્વર તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે. આઈ. વસાવાએ રેશ્માની ફરીયાદ રજીસ્ટર કરી, મૌલવીજીને જેલમાં પુર્યો!

♦♦♦♦♦

## 10

# ચમત્કારીક સ્પર્શ!




અનુક્રમણીકા

“સીદ્ધાર્થભાઈ! પાદરીજી ચમત્કાર કરે છે! તમે નહીં માનો, મચ્છર મારવાના સ્પ્રેનો છંટકાવ માંદા માણસ ઉપર કરે છે, તો તે સાજો થઈ જાય છે! તરત ઈલાજ! કોઈપણ મુશ્કેલી દુર થઈ જાય! મન્ત્રશક્તી વડે પેટ્રોલને પાઈનેપલ જ્યુસમાં બદલી નાંખે છે! પોતાના ભક્તોને પથ્થર ખવડાવે તો પણ તે રોટલીમાં પરીવર્તીત થઈ જાય છે! ગર્ભવતી મહીલાઓના પેટ ઉપર પગ રાખીને, આવનાર બાળકને ખરાબ આત્માઓના પડછાયાથી બચાવે છે! લોકોના પગ પાણીમાં મુકાવે છે, ત્યારે પાણી લાલ રંગનું થઈ જાય છે! પગમાંથી લોહી નીકળે છે, તેની સાથે નડતર પણ નીકળી જાય છે!”

"મધુભાઈ, કોણ છે આ પાદરી?"

"સીદ્ધાર્થભાઈ, સોનગઢ તાલુકાના પીપળકુવા ગામે ત્રણ દીવસના કેમ્પનું આયોજન થયેલું છે. પાદરી રજા સફાના સ્પર્શ કરીને અસાધ્ય રોગ ભગાડવાના છે! કેન્સર, ડાયાબીટીસ, અન્ધાપો, પંગુતા, શારીરીક ખોડખાંપણને દુર કરવાના છે. લોકોના ટોળેટોળાં ઉમટવાના છે! પત્રીકા અને પોસ્ટર દ્વારા કેમ્પનો પ્રચાર થઈ રહ્યો છે! જીલ્લાના ઉચ્ચ અધીકારીઓ હાજર રહેવાના છે!"

"આપણે પીપળકુવા ગામે જઈશું. પાદરીજીના આશીર્વાદ ગ્રહણ કરીશું અને પેટ્રોલમાંથી પાઈનેપલનું જયુસ બનાવશે તો મોજથી પેટ ભરીને પીશું!"

તારીખ 19 માર્ચ, 2000ને રવીવાર. સુરતની 'સત્યશોધક સભા'ના કાર્યકર સીદ્ધાર્થ દેગામી, મધુભાઈ કાકડીયા અને ગુણવંત ચૌધરી સોનગઢ પોલીસ સ્ટેશને પહોંચ્યા. સવારના દસ વાગ્યા હતા. મધુભાઈએ પોલીસ ઈન્સ્પેક્ટર પવારને કહ્યું : "સાહેબ! અમારે પાદરીજીને સ્પર્શ કરવો છે! તેમનો રોગ અમારે દુર કરવો છે! અમને મંજુરી આપો!"

"પાદરીજી ખુદ બીજાના રોગ મટાડે છે. ત્રણ દીવસનો કેમ્પ છે. એમનો રોગ દુર કરવાની ચીંતા તમને કેમ છે?"

“સાહેબ! પાદરીજીના કારણે જાહેર આરોગ્ય જોખમાય છે! લોકો વીશ્વાસમાં રહે છે કે રોગ મટી જશે! પરન્તુ રોગ વકરે છે! માંદા લોકોની સ્થીતી વધુ ખરાબ થઈ જાય છે! પાદરીજી અન્ધશ્રદ્ધાના ડૉઝ આપે છે! ચમત્કારની વાતો ફેલાવી, પોતાનો ઈરાદો પાર પાડવાનો રોગ એને વળગેલો છે. અમે, એનું પગેરું મેળવવા માંગીએ છીએ!”

“મધુભાઈ, તમે પાદરીજીના કેમ્પ ઉપર જાવ તો ત્યાં બખેડો થાય. ત્યાં પાંચ–છ હજાર લોકોની મેદની હશે. તમે ત્યાં જઈને પાદરીજીનો વીરોધ કરો તો શ્રદ્ધાળુ લોકો તમારી ઉપર હુમલો કરે. અમે તમને ત્યાં જવાની મંજુરી આપી શકીએ નહીં.”

“સાહેબ! અમને પાંચ–છ પોલીસનો બન્દોબસ્ત આપો. અમે પાદરીજીને આજે સ્પર્શ કરવા ઈચ્છીએ છીએ!”

“મધુભાઈ, તમે સમજો. શ્રદ્ધાળુ લોકો પાદરીજીને ગૉડ માને છે! અને તમે એને માણસ બનાવવા જાવ તો મોટી અવ્યવસ્થા સર્જાય! ભયંકર ગડબડ થાય! એવી બબાલ હું ઈચ્છતો નથી.”

“સાહેબ! અમારી સાથે એક દર્દી છે. એ મુંગો છે. એને પાદરીજી બોલતો કરી આપે તો અમે પાદરીજીના શીષ્ય બની જઈશું! આ પત્રીકા જુઓ. પાદરીજીએ હજારો મુંગા લોકોને બોલતા કર્યા છે, એવો દાવો કર્યો છે!”

"મધુભાઈ, તમારી જેમ હું પણ રેશનલ મીજાજ ધરાવું છું. પરન્તુ હું તમને ત્યાં નહીં જવા આગ્રહ કરું છું. ઉપરાંત હું તમારી સાથે પોલીસ પણ મોકલી શકું નહીં. કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે જોવાની મારી ફરજ છે!"

"સાહેબ! કોઈ રસ્તો કાઢો. અમારે પાદરીજીને મળવું જ છે!"

"મધુભાઈ, હું વ્યવસ્થા કરું છું. પાદરીજીની સભા પુરી થયા પછી, તેમના ઉતારે તમે તમારા દર્દી સાથે મળી શકો, તે માટે હું ગોઠવણ કરી આપીશ. રાત્રે નવ વાગ્યે મારો સમ્પર્ક કરજો!"

સત્યશોધક સભાની ટીમ બપોરે એક વાગ્યે સુરત પરત આવી. એ સમયે પીપળકુવા ગામેથી ફોન આવ્યો : "સીદ્ધાર્થભાઈ! પાદરીજીએ ચમત્કારનું વાવાઝોડું ઉભું કર્યું છે! લોકોની લાંબી–લાંબી લાઈન થઈ ગઈ છે. પાદરીજીનો સ્પર્શ થતાં જ લોકોની તકલીફોનો અન્ત આવી જાય છે!"

"આને માસ–હીસ્ટેરીયા કહેવાય! સામુહીક ગાંડપણ!"

"સીદ્ધાર્થભાઈ! તમે શું કહેવા માંગો છો?"

"જુઓ. કોઈ કથાકારની સભામાં પાંચ લાખ લોકો બેઠાં હોય તો, એ મેદની જોઈને જ લોકો અંજાઈ જાય છે! પછી તે કથાકાર ભલે રાજાશાહી–સામન્તશાહી સામાજીક મુલ્યોનું રટણ કરતા હોય! એવાં મુલ્યો સમાજને પછાત બનાવતા હોય, સમાજને અવળી દીશામાં

ધકેલતા હોય! લોકો વીશાળ ભીડ જોઈને વીચારવાનું બન્ધ કરી દે છે! સૌ એમ માને છે કે આટલા બધાં લોકો એકઠાં થયા છે, એટલે કથાકારમાં ઉચ્ચકોટીનું સત્ત્વ જરુર હશે! કથાકાર કલાકાર હોય છે, ભાષા ઉપર પ્રભુત્વ હોય છે. વશીકરણ માટે આટલું પુરતું હોય છે. કથાકારમાંથી મહાત્મા બનવા માટે કથાકારે માત્ર કપાળમાં કાળું તીલક અને ખભે કાળી–પીળી કામળી નાખવાની રહે! પાદરીજીએ કથાકારની જેમ કોઈ વેશભુષા ધારણ કરેલી છે?”

“હા, વેશભુષા ઉત્તમ છે! ગળાથી લઈને પગ સુધીનો સફેદ કોટ પહેર્યો છે. માથે સફેદ ટોપી ધારણ કરેલી છે! હાથમાં ધાર્મીક પુસ્તક છે. મન્ત્રોચ્ચાર કરે છે. સ્પર્શ કરે છે અને ચમત્કાર થાય છે!”

“તમે જાતે ચમત્કારનો અનુભવ કર્યો છે?”

“ના. સીદ્ધાર્થભાઈ! લોકો વાતો કરે છે!”

“બીલકુલ સાચું! ચમત્કાર ક્યારેય થતો નથી, પણ તેની ચર્ચા બહુ થાય છે!”

રાત્રીના દસ વાગ્યા સુધી, સોનગઢ પોલીસ સ્ટેશનના ફોનની રાહ જોઈ, છેવટે સીદ્ધાર્થભાઈએ પોલીસ ઈન્સ્પેક્ટરને ફોન કર્યો : “સાહેબ! પાદરીજી ઉતારાના સ્થળે અમને મુલાકાત આપવાના હતા, શું થયું?”

"સીદ્ધાર્થભાઈ! પાદરીજીના પી.એ. સાથે વાતચીત ચાલે છે. તમે સુરતથી રવાના થઈ સોનગઢ પોલીસ સ્ટેશને આવો. હું તમારી સાથે આવીશ!"

'સત્યશોધક સભા'ની ટીમ પર્દાફાશ માટે તૈયાર બેઠી હતી. દર્દી તરીકે કોણે, કેવો ઢોંગ કરવો, તેનું રીહર્સલ થઈ ગયું હતું. સોનગઢ જવા રવાના થયા ત્યાં પોલીસ ઈન્સ્પેક્ટર પવારનો ફોન આવ્યો : "સીદ્ધાર્થભાઈ! તમે ચમત્કાર કર્યો છે! પાદરીજી અદશ્ય થઈ ગયા છે! તમારે તો સ્પર્શ કરવાની પણ જરુર ન પડી!"

◆◆◆◆◆

**11**

# નાગાબાપુનો ચમત્કાર



અનુક્રમણીકા

“રુડી! તું રોજે નાગાબાપુની ઝુંપડીએ કેમ જાય છે?”

“તમને વાંધો છે? મને ત્યાં શાંતી મળે છે!”

“ઘરમાં શાંતી નથી મળતી?”

“ના!”

“હું કહું છું કે તારે બાપુની ઝુંપડીએ જવાનું નથી, સમજી?”

“ઘરમાં મને સુનું સુનું લાગે છે. લગ્ન થયાને પાંચ વર્ષ થયાં. પગલીનો પાડનાર નથી. છોકરા હોય તો ઘરમાં ગમે! નાગાબાપુએ સણોસરાના એક બહેનને આશીર્વાદ આપ્યા હતા, એને જોડીયા બે છોકરા થયા! હું તો બાપુની ઝુંપડીએ રોજ જવાની!”

રુડીની ઉમ્મર પાંત્રીસ વર્ષની હતી. ભાવનગર જીલ્લાના ઈશ્વરીયા ગામે પતી સાથે તે પાંચ વરસથી રહેતી હતી. ગામમાં કાનજીભાઈ પટેલની વાડી હાઈવે ટચ હતી. આ વાડીના એક ખુણે નાગાબાપુ ઝુંપડી બાંધીને બે વર્ષથી રહેતા હતા. એની ઉમ્મર પચાસ વર્ષની હતી. શીહોર તાલુકાના ગામડાઓમાં નાગાબાપુની સુવાસ ફેલાયેલી હતી! 1971માં પાકીસ્તાન અને બાંગ્લાદેશની લડાઈ વખતે નાગાબાપુ નાગાલેન્ડમાં હતા. ત્યાં યોગસાધના કરી, તેથી તારીખ 16 ડીસેમ્બર, 1971, નેવું હજાર પાકીસ્તાની સૈનીકોને, બાંગ્લાદેશમાં ભારતીય સૈન્ય સમક્ષ સરેન્ડર થવું પડયું હતું! નાગાબાપુ આ વાત સૌને વારંવાર કહેતા હતા. લોકો નાગાબાપુને અહોભાવથી તાકી રહેતા!

રુડી બાપુ માટે દુધ લઈને કાયમ ઝુંપડીએ જતી. કાનજીભાઈની 14 વર્ષની દીકરી સમજુ; પણ બપોરે અને સાંજે ટીફીન લઈને ઝુંપડીએ જતી. બાપુની ઝુંપડીએ સેવા–ચાકરી માટે ભોળા ભક્તજનોની લાઈન લાગતી! નાગાબાપુ હવામાં હાથ વીંઝતા અને ખાલી હથેળીમાંથી કંકુ ખરતું! ક્યારેક ભભુતી ખરતી! દીવસે–દીવસે નાગાબાપુના ભક્તજનોની સંખ્યા, કુદકે ને ભુસકે વધતી જતી હતી!

નાગાબાપુ માત્ર લંગોટી પહેરતા. આ ત્યાગભાવનાને કારણે નાગાબાપુ લોકોમાં પ્રીય થઈ ગયા હતા!

દરમીયાન એક દીવસ નાગાબાપુ ઝુંપડીએથી નીકળી રોડ ઉપર જતા હતા, ત્યાં રાજકોટ તરફથી એક જીપ સડસડાટ આવી, તેમને ટક્કર મારી પછાડી દીધા. બાપુના જમણા પગે ફ્રેક્ચર થયું. બાપુએ ડૉક્ટર પાસે સારવાર લીધી, પગે પાટો બંધાવ્યો. સોનગઢ પોલીસ સ્ટેશનમાં કેસ કર્યો.

અકસ્માત કરનાર જીપ ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો–ઑપરેટીવ બેંક, સોનગઢ શાખાની હતી અને તેમાં બ્રાન્ચ મેનેજર સુધીરભાઈ ઓઝા હતા.

બાપુના પગે પાટો આવ્યો એટલે રુડી સાથે રણછોડ ભરવાડ પણ બાપુની ખબર કાઢવા ઝુંપડીએ ગયો. રણછોડે પુછ્યું : “બાપુ! પગ ભાંગવાનું કારણ?”

“બન્દર! અકસ્માત!” બાપુ પુરુષને બન્દર અને મહીલાને બન્દરીયા કહીને જ બોલાવતા હતા! બાપુ હીન્દીમાં બોલતા અને ગુજરાતી સમજતા હતા.

“બાપુ! તમે ચમત્કારીક છો. જીપ ટક્કર મારશે, એની ખબર તમને કેમ ન પડી? તમારો પગ કેમ ભાંગ્યો? તમે રુડીને ડૉક્ટર પાસે જવાનીના પાડો છો, અને તમે ડૉક્ટર પાસે સારવાર કેમ કરાવી?”

નાગાબાપુ રણછોડના પ્રશ્નથી મુંઝાયા. ત્યાં કાનજીભાઈ પટેલે કહ્યું : “બાપુ! તમારી યોગસાધનાને કારણે નેવું હજાર પાકીસ્તાની સૈનીકો ભારતને શરણે આવ્યા! તમારો પગ ભાંગનાર જીપચાલક અને બ્રાન્ચ મેનેજર સુધીરભાઈને તમે જવા કેમ દીધા? અકસ્માતવાળી જગ્યાએ એને પછાડી કેમ ન દીધા?”

“બાપુ! તમે ચમત્કાર કરો!” રણછોડ અને બીજા ભક્તોએ હઠ પકડી.

બાપુએ એક કુકડો મંગાવ્યો, પછી કહ્યું : “દેખો. યહ ચમત્કાર! મૈંને કુકડે પે મારણવીદ્યા કીયા હૈ, કુકડે કા પંખ કાટુંગા તો મેનેજર કા હાથ કટ જાયેગા! કુકડે કા પૈર કાટુંગા તો ઉસકા પૈર કટ જાયેગા! કુકડા મરેગા તો મેનેજર નરક મેં જાયેગા!”

ભક્તજનો હચમચી ગયા! રણછોડે કહ્યું : “બાપુ! કુકડાને છોડી મુકો. મેનેજર બ્રાહ્મણ છે. બ્રાહ્મણની હત્યા થાય એવું અમે ઈચ્છતા નથી!”

રુડીએ પણ કુકડાને છોડી મુકવા બાપુને વીનન્તી કરી; પણ બાપુ મક્કમ હતા. વાત મેનેજર સુધી પહોંચી. તેમની ઉંઘ હરામ થઈ ગઈ. વાત ફરતી ફરતી ગાંધીનગર મુખ્યમન્ત્રી સુધી પહોંચી. મેનેજરને બચાવી લેવા નેતાઓ નાગાબાપુની ઝુંપડીએ પહોંચ્યા. બાપુને સમજાવ્યા. બાપુએ કહ્યું : “નેતાજી! મેનેજર કો દંડ ભોગના હી હોગા! અગર વો

હમે પચાસ હજાર રુપીયા દે, તો હમ કુકડે કો છોડકર, મારણવીધી વાપસ લેના સોચ શકતે હૈ!”

મેનેજર સુધીરભાઈ પાસે પચાસ હજાર રુપીયા ન હતા. બીજી કોઈ રીતે બાપુ માને તેમ ન હતા. મેનેજર ખુબ જ ગભરાઈ ગયા. માળા જપવા લાગ્યા! પાલીતાણાના ભૈરવનાથ મન્દીરમાં કથા બેસાડી. હનુમાનજીના મન્દીરોમાં તેલ ચડાવ્યું. દોરાધાગા કર્યા. ભજનભક્તીમાં તે ડુબી ગયા! અન્ત નજીક હોવાથી ધાર્મીકવીધી શક્ય તેટલી કરી લેવાની કામગીરીમાં સુધીરભાઈ ગુંથાઈ ગયા!

આ આખો કીસ્સો તારીખ 27 મે 1981ના રોજ અખબારોમાં ચમક્યો. પાલીતાણામાં ચતુરભાઈ ચૌહાણ (ઉમ્મર : 36) ‘ચમત્કાર ચકાસણી કેન્દ્ર’ ચલાવતા હતા, તેના ધ્યાને આ ઘટના આવી. ચતુરભાઈએ તરત જ મેનેજર સુધીરભાઈનું પગેરું મેળવ્યું. તેમને મળીને કહ્યું, “સાહેબ! તમે ચીંતા છોડો. તમારે કંઈ જ કરવાની જરુર નથી!”

“કેમ?”

“જુઓ. હું તમારા માટે મરવા તૈયાર છું! હું નાગાબાપુની મારણવીદ્યા મારી ઉપર લેવા તૈયાર છું!”

મેનેજર સુધીરભાઈનો જીવ હેઠો બેઠો. એને પરમ શાંતી થઈ. એનામાં થોડી હીમ્મત પ્રગટી!

ચતુરભાઈ નાગાબાપુની ઝુંપડીએ પહોંચ્યા, કહ્યું : “બાપુ! મૈં પત્રકાર હું. અમદાવાદ સે આયા હું.”

“તુમારા નામ?”

“બાપુ! મેરા નામ ચતુર હૈ. બાપુ! મુઝે કોઈ ચમત્કાર દીખાઓ!”

“ચતુરજી! તુમ ચમત્કાર નહીં દેખ પાઓગે. તેરી ચમડી ફટેગી! ખુન બહેગા! જીસ કી મૈંને સાધના કીયા હૈ, વહ ભુત સાકાર હોગા! તેરી જીન્દગી ખતરે મેં પડ જાયેગી!”

“બાપુ! મુઝે ચમત્કાર દેખના હૈ. ભલે મેરી જાન ચલી જાય!”

“અચ્છા. રાત કો ઢાઈ બજે મેરી ઝુંપડી મેં આના!”

“બાપુ! ચમત્કાર દેખે બીના મૈં યહા સે જાના નહીં ચાહતા હું.”

“ચતુરજી! તુઝે ડર નહીં લગતા?”

“બાપુ! મૈં ડરતા નહીં. યે સબ ઢોંગ હૈ, ધતીંગ હૈ. મૈં પત્રકાર નહીં હું. મૈં ચમત્કાર કો ચેલેંજ કરનેવાલા હું!”

નાગાબાપુનો પીત્તો ગયો! રુડીબહેન અને સમજુ બેઠાં હતાં છતા બાપુ ભયંકર ગાળો બોલવા લાગ્યા. ભક્તજનોએ બાપુને આજીજી

કરી : “બાપુ! શાંત થાવ! ચતુરભાઈને એકાદ ચમત્કાર બતાવી દો એટલે તે અહીંથી જતા રહેશે!”

નાગાબાપુ નાનકડો ચમત્કાર કરી શક્યા નહીં.

ચતુરભાઈએ કહ્યું : “બાપુ! મેરા ચમત્કાર દેખના હૈ?”

“દીખાઓ!”

ચતુરભાઈએ હવામાં હાથ ફેરવ્યા પછી જમણા હાથની મુઠ્ઠીમાં ફુંક મારી અને મુઠ્ઠી ખુલ્લી કરી ત્યાં હથેલીમાંથી કંકુ ખર્યું! ભક્તજનો ચતુરભાઈને તાકી રહ્યા! ચતુરભાઈએ કહ્યું : “ભક્તજનો મોટો ચમત્કાર એક અઠવાડીયામાં તમને જોવા મળશે!”

ચતુરભાઈએ સોનગઢ, આંબલા, સણોસરા, ઈશ્વરીયા વગેરે ગામોમાં ‘ચમત્કારથી ચેતો’ કાર્યક્રમ હેઠળ ચમત્કારનો પર્દાફાશ કરી જબરજસ્ત જાગૃતી કેળવી! સાતમા દીવસે ચમત્કાર થયો! નાગાબાપુ ઝુંપડીમાંથી અદૃશ્ય થઈ ગયા! ચતુરભાઈના કહેવાથી રુડીબહેને સારવાર કરાવી અને વર્ષ પછી તે એક પુત્રની માતા બની!

♦◆♦◆♦

**12**

# ચોપડાવાળા ચમત્કારી ભુવાજી!



અનુક્રમણીકા

તારીખ 02 સપ્ટેમ્બર, 2001ને રવીવાર. ભુવાજીએ મહીલાને પુછ્યું : "તમારું નામ?"

"ભુવાજી! મારું નામ બેરોઝબહેન દારુવાલા!"

"બોલો! શું તકલીફ છે?"

"ભુવાજી! મારા પતી એક મહીલા પાછળ ગાંડા થઈ ગયા છે! એનું ગાંડપણ દુર થાય તે માટે હું અહીં આવી છું!"

“બેરોઝબહેન! ચીંતા ન કરો. વીધી કરવી પડશે! ખર્ચ થશે!”

“ખર્ચ માટે હું તૈયાર છું; પણ મારા પતીને સારું તો થઈ જશે ને?”

“સો ટકા ગેરેન્ટી! મારી પાસે આવનાર હજુ સુધી નીરાશ થઈને પરત ગયા હોય એવું બન્યું નથી!” ભુવાજીએ એક ચોપડો ખોલ્યો અને તેમાં બેરોઝબહેનની મુંઝવણ ટપકાવી લીધી, પછી કહ્યું : “બેરોઝબહેન! આવતા રવીવારે આવજો. ત્યાં સુધીમાં માતાજી આ ચોપડામાં પ્રવેશ કરીને તમારી મુંઝવણ દુર કરી દેશે!”

બેરોઝબહેન દારુવાલાના ચહેરા ઉપર ખુશી દોડી ગઈ! ભુવાજીનું નામ હતું અરવીંદ મોહનલાલ ભગત (ઉમ્મર : 55 વર્ષ). મુળ ભરુચના; પણ સુરત મ્યુનીસીપલ કૉર્પોરેશનમાં હેલ્થ વીભાગમાં રોજમદાર હતા એટલે સુરતમાં વેડ રોડ ઉપરની બહુચરનગર સોસાયટીમાં રહેતા હતા. અભ્યાસ અગીયાર ધોરણ સુધીનો. ભુવાજીએ પોતાના ઘેર જ માતાજીની બેઠક ઉભી કરી હતી. મંગળવાર અને ગુરુવારે સાંજના છ થી આઠ અને રવીવારે સવારના આઠથી સાંજના આઠ સુધી ભુવાજીના ઘેર ધમધમાટ રહેતો હતો. 1973થી તેણે લોકોના દુ:ખ દર્દ દુર કરવાનું શરુ કર્યું હતું. બહુચરનગર સોસાયટીની આજુબાજુની સોસાયટીઓમાં ભુવાજીની સેવાની સુગંધ ફેલાઈ ગઈ હતી! તેનો પહેરવેશ જોતાં જ તેનામાં દૈવી શક્તી હોય તેવું લોકોને લાગતું હતું! રેશમી સ્લીવલેસ ઝભ્ભો, નીચે પોતડી, ગળામાં માળાઓ,

કપાળમાં ટીલાં ટપકાં, લાંબા વાળ, લાંબી દાઢી વગેરે ભુવાજીની આભા વધારતા હતા!

બેરોઝબહેન ભુવાજીને તાકી રહ્યા. દરમીયાન એક યુવકે ભુવાજીના પગ પકડી લીધા અને કહ્યું : “ભુવાજી! મારા દસ લાખ રુપીયા ફસાઈ ગયા છે! કંઈક કરો!”

“યુવક! ઉભો થા! તારું નામ?”

“ભુવાજી! તમે બધું જાણો છો! ત્રીકાળ જ્ઞાની છો! મારા નામની તમને ખબર જ હોય! હોય કે નહીં?”

“અરે યુવક! તું નશો કરીને આવ્યો છે? માતાજીની બેઠકમાં શીસ્ત રાખવી પડે!”

“ભુવાજી! મેં નશો નથી કર્યો. અમારું કામ લોકોને, અજ્ઞાનના નશામાંથી બહાર કાઢવાનું છે!”

“યુવક! તું શું કહેવા માંગે છે?”

“ભુવાજી! મારી સાથે અહીં કોણ કોણ આવ્યા છે, તેના નામોની તમને ખબર છે!”

“યુવક! હું બધું જાણું છું! પણ એ બધું તને કહેવાનો અર્થ નથી! માતાજીને બધું જ કહીશ!”

“ભુવાજી! માતાજી તમારું સાંભળે છે?”

“બીલકુલ મને સાંભળે છે!”

“ભુવાજી! તમે ચમત્કારી છો! અમને પણ એકાદ ચમત્કાર બતાવો!”

“યુવક! ચમત્કાર જોવા માટે પાત્રતા હોવી જોઈએ! તારી પાત્રતા જણાતી નથી!”

ભુવાજી નારાજ થઈ ગયા. માતાજીની બેઠકમાં બીજા ભક્તો પણ બેઠા હતાં. એક ભક્તે કહ્યું : “યુવક! ભુવાજી ચમત્કારી છે! તું ભુવાજીની પરીક્ષા લેવા માંગે છે? ભુવાજીએ અસંખ્ય લોકોના દુઃખ–દર્દ દુર કર્યા છે! ભુવાજી લોકોના તારણહાર છે! ભુવાજીની વીધીના કારણે કેટલીય મહીલાઓને સંતાનપ્રાપ્તી થઈ છે! ભુવાજીના ગળામાં બે રક્ષાપોટલી છે, બન્ને બાવડા ઉપર ચાર–ચાર રક્ષાપોટલીઓ છે, તે માતાજીએ બાંધેલી છે! ભુવાજી વળગાડ કાઢે છે. ભુતપ્રેત, ચુડેલ, મામાપીરને ભગાડે છે! શક્તીપાત કરે છે. કુંડલીને જાગૃત કરે છે! ભુવાજી જપ, તપ, મન્ત્ર, તન્ત્ર, કીયાકાંડ, હોમહવન, ગ્રહદોષ, મેલીવીદ્યા, વાસ્તુશાસ્ત્ર, વશીકરણ વગેરેના નીષ્ણાત છે! ભુવાજીએ અસાધ્ય રોગો દુર કર્યા છે! ભુવાજી સુરતરત્ન છે! ભુવાજીનું સન્માન કરવું જોઈએ!”

“બરાબર છે! ભુવાજી સુરતરત્ન છે!” દસબાર ભક્તો એક સાથે બોલી ઉઠયા.

ભુવાજીને ગન્ધ આવી ગઈ. યુવક સાથે બીજા માણસો હતા. સ્થાનીક ટીવી ચેનલના વીડીયોગ્રાફર પણ હતા. યુવકે કહ્યું : “ભુવાજી! તમે કશું જાણતા નથી! બધું જાણો છો તેવો ઢોંગ કરો છો! મારું નામ તમે જાણી શક્યા નહીં! ભુવાજી! મારું નામ સીદ્ધાર્થ દેગામી છે. મારી સાથે મધુભાઈ કાકડીયા, ખીમજીભાઈ કચ્છી, ગુણવંત ચૌધરી, એડવોકેટ જગદીશ વક્તાણા, પરેશ લાઠીયા, મહેશ જોગાણી અને બેરોઝબહેન દારુવાલા છે! બેરોઝબહેન હજુ અપરણીત છે, છતાં તેના પતીનું ગાંડપણ દુર કરવા તમે સો ટકા ગેરંટી આપો છો! ભવીષ્યમાં શું થશે, તેની વાતો કરી ભક્તોને અન્ધ બનાવો છો; પણ વર્તમાનમાં તમારી સાથે કોણ છે, એ તમે જાણી શક્તા નથી! અમે ‘સત્યશોધક સભા’, સુરતના સભ્યો છીએ તમારો પર્દાફાશ કરવા અહીં આવ્યા છીએ!”

એક ભક્ત મહીલા ગુસ્સે થઈ ગઈ. તેણે કહ્યું : “ભુવાજી! આ ‘સત્યશોધક સભા’ના સભ્યોને પાઠ ભણાવો. મુઠ મારો. ચમત્કાર કરો. બધાંને લકવો થઈ જાય, તેવું કરો!”

ભુવાજીનું શરીર ધ્રુજવા લાગ્યું. ભક્તોને લાગ્યું કે ભુવાજીના શરીરમાં માતાજીએ પ્રવેશ કર્યો છે! ભુવાજીના આખા શરીરે પરસેવો વળી ગયો. મધુભાઈ કાકડીયાએ પુછ્યું : “ભુવાજી! છેલ્લી તક આપું છું. તમે એ કહી શકશો કે અહીં ક્યા પોલીસ ઈન્સ્પેક્ટર આવી રહ્યા છે?”

ભુવાજી ‘સત્યશોધક સભા’ના સભ્યોના પગે પડી ગયા અને કહ્યું : “મને માફ કરો! પોલીસને બોલાવશો નહીં. હું ચમત્કારી નથી. તર્કટ કરું છું. ઘણા પોલીસ અધીકારીઓને મેં વીટીઓ આપી છે. તેમને ખબર પડશે તો મને ઝુંડી કાઢશે! અન્ધશ્રદ્ધાની ખેતી સરળ છે, અને ઉત્પાદન થોકબન્ધ મળે છે! આ એવો ધન્ધો છે, જેમાં ઈન્વેસ્ટમેન્ટની જરુર નથી કે રૉ મટીરીઅલની જરુર પડતી નથી! મફતીયા ભક્તો શ્રમદાન કરે છે! હું માત્ર લણણી કરું છું! ઉપભોગ કરું છું! પરન્તુ આજથી અન્ધશ્રદ્ધાની ખેતી બન્ધ!”

“ભુવાજી! કાયમી ધોરણે તમારું હૃદય પરીવર્તન થયું છે, એની કોઈ ખાતરી?” મધુભાઈ કાકડીયાએ પુછ્યું.

“મધુભાઈ! મારી પાસે ચાર ચોપડા છે. આ ચોપડા તમને આપું છું. આ ચોપડામાં તર્કટલીલા મેં નોંધી છે!”

“ભુવાજી! મને એ સમજાવો કે તર્કટનો હીસાબ રાખવાનું કારણ શું?”

“મધુભાઈ! મારી સેવાની ખ્યાતી એટલી ફેલાઈ ગઈ હતી કે લોકોનો ધોધ માતાજીની બેઠક તરફ વહેવા લાગ્યો. હું કેટલાં લોકોને યાદ રાખું? કોની કેવી સમસ્યા છે, એ યાદ રાખવાનું મુશ્કેલ બન્યું! મેં ચોપડામાં હીસાબ શરુ કર્યો. નામ, ઠેકાણું, સમસ્યાઓની નોંધ કરતો. ઉપાયની નોંધ કરતો, પછી રવીવારે, મંગળવારે કે ગુરુવારે લાલચુ

ભક્તોને બોલાવતો અને સમસ્યાનું નીરાકરણ કરતો હતો! મધુભાઈ! પોલીસને બોલાવશો નહીં!"

"ભુવાજી! ચીંતા ન કરો. કોઈ પોલીસ ઈન્સ્પેક્ટર અહીં આવી રહ્યા નથી. મેં તો હવામાં તીર છોડ્યું હતું! આ તો અમારી યુક્તીપ્રયુક્તી હતી! ભુવાજી! તમારા ધન્ધાની સફળતાનું રહસ્ય શું છે? શા માટે લોકો તમારી પાસે આવે છે?"

"મધુભાઈ! ભુવાજી પાસે સમસ્યા લઈને આવનાર માનસીક રોગી હોય છે! પછી તે રોગી મટીને ભક્ત થઈ જાય છે! રોગી ભુવાજીને તબીબ માને છે! સાચી સમસ્યામાં ભુવાજી પાસેથી ઉકેલ મેળવવાની લાલચ કે આકાંક્ષા રાખવી તે રોગ છે! મધુભાઈ! સોળ વર્ષની દીકરી ઘેરથી જતી રહી હોય તો તેને શોધવી પડે. પોલીસને જાણ કરવી પડે. પરન્તુ દીકરીના ઠેકાણા માટે ભુવાજી કે મૌલવીને ત્યાં માબાપ જાય તો તે માનસીક રોગ છે! આવા રોગી ભુવાજી પાસે આવે ત્યારે ઘણાં રોગીઓ કંઈને કંઈ જોવડાવવા આવેલા હોય તેમને જુએ છે, એટલે તે એવું માનવા લાગે છે કે દીકરીને શોધવા પોલીસની મદદ માંગનારા ગાંડા છે! દીકરીને ભુલ સમજાય અને ઘેર પાછી ફરે તો ભુવાજીની સફળતાના નગારાં વાગે! દીકરી મળી ન આવે તો ભુવાજી પાસે કારણો તૈયાર હોય છે. નડતર, મુઠચોટ, વશીકરણ, ગ્રહદશા, મેલીવીદ્યા! બે ત્રણ વર્ષ સુધી આવા કારણો ઉપર ધન્ધો ચાલે, છેવટે કહેવાનું– ગત જન્મના કર્મબન્ધન! આમાં ભુવાજીની કોઈ જવાબદારી જ ન આવે! ભુવાજી પાસે લોકો મન મુકીને છેતરાય! ભુવાજી તન, મન અને ધનનો

ઉપયોગ કરે, તેમ છતાં લોકો ભુવાજીના આશીર્વાદ મેળવવા તડપતા રહે! કોઈ પણ ધન્ધો આની તોલે ન આવે! સમાજ જો માંદો રહેવા માંગતો હોય તો મારા જેવા ભુવાજી, સાધુ, બાપુ, મૌલવી, સ્વામીઓ સમાજને મળી જાય છે! ટુંકમાં માંગ છે, તો પુરવઠો હાજર છે!"

"ભુવાજી! તમારા આ ચોપડા અંગે સ્પષ્ટતા કરો!"

"મધુભાઈ! આ ચાર ચોપડા જાન્યુઆરી, 2001થી શરુ થાય છે. આઠ મહીનાની નોંધ છે. કુલ 771 રોગીઓ મારી પાસે આવ્યા. તેમાં મહીલાઓ : 465 હતી અને પુરુષો : 306 હતા! 771 પૈકી સુરત શહેરના : 650, સુરત બહારના : 112 અને વીદેશના : 09 રોગીઓ હતા! રોજના ત્રણ નવા અને ત્રણ જુના રોગીઓ આવતા હતા. સુરત શહેરમાં 1,504 જેટલા ભુવાં, પીર, જ્યોતીષીઓ છે. રોજ 3,000 જેટલાં માણસો સુરત શહેરમાં સ્વેચ્છાએ રોગી બને છે! 771 રોગીઓમાં 675 હીન્દુ હતા, 71 મુસ્લીમ હતા, 20 જૈન અને પાંચ ઈસાઈ હતા! 771 પૈકી 600 રોગીઓ ઉપલા મધ્યમ વર્ગના અને શ્રીમન્ત વર્ગના હતા. તેમાં દસ એન્જીનીયર અને પાંચ ડૉકટર હતા! સમસ્યાઓની દૃષ્ટીએ વર્ગીકરણ કરીએ તો 771 પૈકી 307 કૌટુમ્બીક, 225 આર્થીક અને 239 શારીરીક રોગોની મુંઝવણી હતી! 771 પૈકી 77ને રાહત થઈ જાય તો તે 77 માણસો ભુવાજીની ચમત્કારીક શક્તીનો પ્રચાર કરે છે અને 694 રોગીઓ મુંગા રહે છે! રોગી દીઠ 1,000/- રુપીયાની ફી ગણીએ તો રુપીયા 7,71,000/– આવક થઈ! હું સ્વીકારું છું કે આ ઉપચાર નથી, છેતરપીંડી છે!"

"ભુવાજી! લોકો કઈ કઈ સમસ્યાઓ લઈને તમારી પાસે આવતા હતા?"

"મધુભાઈ! હસવું આવે તેવી સમસ્યાઓ લઈને લોકો આવતા. કૌટુમ્બીક સમસ્યાઓમાં, દીકરીને સારું ઠેકાણું મળે, પતીની દારુ–જુગારની લત, પતીપત્ની વચ્ચે મનમેળનો અભાવ, પ્રેમીકાનું સમર્પણ, રખાતને દુર કરવી, વીરોધીને લકવો થઈ જાય, તેના ઝાડા–પેશાબ બન્ધ થઈ જાય, પતીપત્ની વચ્ચે મનમેળ તુટી જાય, પુત્રપ્રાપ્તી થાય વગેરેનો સમાવેશ થાય! જ્યારે શારીરીક રોગ અંગેની મુશ્કેલીઓ બીજા ક્રમે આવે છે. તેમાં મુખ્યત્વે સંતાનપ્રાપ્તીની ઝંખના, પેટનો દુઃખાવો, માથાનો દુઃખાવો, ઉંઘ ન આવવી, આપઘાત કરવાની ઈચ્છા વગેરેનો સમાવેશ થાય છે. આર્થીક મુંઝવણમાં મુખ્યત્વે કુટુમ્બના સભ્યો વચ્ચે મીલકતોની વહેંચણી, મકાનનું વેચાણ, ધન્ધો વધારવો, હરીફને પછાડવો, દેવું ભરપાઈ કરવું, ઉઘરાણી પતાવવી વગેરેનો સમાવેશ થાય છે! સંતાનપ્રાપ્તીની વીધીમાં મહીલાને હું એકાન્તમાં બોલાવતો હતો!"

"ભુવાજી! એવી કોઈ સમસ્યા તમારી પાસે આવી હતી કે જેમાં તમને સફળતા મળેલ ન હોય?"

"મધુભાઈ! બે સમસ્યા એવી હતી કે જેમાં મને સફળતા મળી ન હતી! એક કીસ્સામાં, એક યુવકે મારી પાસે ફરીયાદ કરેલી કે મારા ગળામાં વાયુ ભરાઈ ગયો છે, તેને કાઢી આપો! જયારે બીજા કીસ્સામાં, એક હીરાના વેપારીએ પાંચ હજાર આપીને કહેલ કે મકાન ઉપરનો

પાણીનો ટાંકો રાત્રે ભર્યો હતો, જે સવારે ખાલી થઈ ગયો હતો, એનું કારણ શોધી આપો! આ ચારેય ચોપડાનો અભ્યાસ, ‘સત્ય શોધક સભા’ કરશે, તો ઘણાં રહસ્યો જાણવા મળશે!”

◆◆◆◆◆

## 13

# આગીયો ભુત!



અનુક્રમણીકા

"કેમ ઉદાસ છો? તારી સાસુએ કાંઈ કીધું છે?" બાવીસ વર્ષની ગીતાને તેની માતા કૈલાસબહેને પુછ્યું.

"ના મમ્મી! મારી સાસુએ કાંઈ કીધું નથી!"

કૈલાસબહેનનું મન માનતું ન હતું. ગીતા મનમાં ને મનમાં મુંઝાતી હોય તેમ લાગતું હતું! ગીતા સાસરેથી પીયરમાં મળવા આવી હતી.

કૈલાસબહેનની ચીંતા સાચી પડી. ત્રીજા દીવસે. કૈલાસબહેન અને ગોરધનભાઈ ચૌધરી વાડીમાં કામ કરતા હતા ત્યાં ચીસ સાંભળી! વાડીમાં ઘર પાસે કુવો હતો ત્યાં પાણીની કુંડીમાં ગીતા ભયભીત થઈને પડી હતી! કૈલાસબહેન અને ગોરધનભાઈ દોડતા આવ્યા. પુછ્યું, “ગીતા! શું થયું તને? તારો ચણીયો સળગેલો કેમ છે?”

ગીતા કશું બોલી નહીં. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. કુવા પાસેના મકાનોમાં જઈને જોયું તો ચાદર, ગોદડાં પણ સળગેલાં હતા!

કૈલાસબહેને પતીને કહ્યું, “ગીતા બોલતી નથી; પણ તેના હૈયામાં મુંઝવણ જરુર છે! એને કંઈક થઈ ગયું હોય તેમ મને લાગે છે! આપણે ડૉક્ટરને દેખાડીએ!”

માતા–પીતા ગીતાને ડૉક્ટર પાસે લઈ ગયા. ડૉક્ટરે કહ્યું, “ગીતાને કંઈ થયું નથી! એને હુંફની જરુર છે!”

ગીતા સુનમુન રહેતી હતી. એના ચહેરા ઉપર માતા–પીતાને ઉદાસી દેખાતી હતી. કૈલાસબહેનને થયું કે કોઈની નજર લાગી હશે! એટલે મરચાંના ધુપથી નજર ઉતારી! છતાં ફેર ન પડ્યો. કૈલાસબહેને માતાજીની માનતા માની! એ પછી; પણ ગીતાના ચહેરા ઉપર ખીલખીલાટ જોવા ન મળ્યો!

થાકી હારીને માતા–પીતા ગીતાને બાજુના ગામમાં ભુવા પાસે લઈ ગયા. ભુવાએ દીપ–ધુપ કર્યા. જુવારના દાણા પટમાં ફેંકયા.

ગણતરી કરી, પછી કહ્યું : “જુઓ, ગોરધનભાઈ! તમારી દીકરી ગીતા ઉપર આગીયા ભુતની નજર પડી છે! ગીતાને આગીયો ભુત સતાવે છે!”

“ભુવાજી! ભુતને ભગાડો!”

“એ માટે વીધી કરવી પડશે! માતાજી એક બોકડાનું બલીદાન માગે છે!”

“ભુવાજી! બોકડાનું બલીદાન એટલે હીંસા કહેવાય. અમારા કારણે નીર્દોષ પશુની હીંસા થાય, એવું હું ઈચ્છતો નથી! બીજી કોઈ વીધી કરો!”

“જુઓ, ગોરધનભાઈ! હું માતાજીને વીનન્તી કરીશ. માતાજી રાજી થશે તો બીજી વીધી કરીશ!”

ભુવાજીએ શરીર ધ્રુજાવ્યું. દાણા નાખ્યા. ગણતરી કરી અને કહ્યું : “ગોરધનભાઈ, રુપીયા દસ હજાર થશે! માતાજીનો માંડવો કરવો છે! જમણવાર થશે!”

“ભલે ભુવાજી!” ગોરધનભાઈએ ભુવાજીને પૈસા આપ્યા.

ગીતાને સારું થઈ જશે, પહેલાં જેવો ખીલખીલાટ પાછો આવશે, તેવી આશાથી માતા–પીતા રાહ જોવા લાગ્યા!

થોડાં દીવસ પછી વીચીત્ર ઘટના બની. કૈલાસબહેન ગામમાં ગયા હતા. ગોરધનભાઈ રજકામાં પાણી વાળતા હતા. ત્યાં સુકી જુવારની ગંજી સળગી! આગની મોટી–મોટી જવાળાઓ અને ધુમાડો દેખી ગામલોકો દોડી આવ્યા. સૌએ પ્રયત્નો કર્યા પણ આગ બુઝાણી નહીં. પચ્ચીસ હજારની જુવારની કડબ ખાખ થઈ ગઈ!

ગીતા, કૈલાસબહેન અને ગોરધનભાઈ ત્રણેય ખુબ જ ગભરાઈ ગયા. ભુવાજીની વાત સાચી પડી હતી. આગીયા ભુતનું આ કરતુત હતું, એમ માની ત્રણેય જણા ભુવાજી પાસે પહોંચ્યા. ભુવાજીએ કહ્યું : “આગીયો ભુત ખુબ શક્તીશાળી છે, એને બાંધવા માટે મોટી વીધી કરવી પડશે!”

“ભુવાજી! તાત્કાલીક વીધી કરો. આગીયો ભુત ગીતાનો જીવ લેશે! ગીતાનું ખાવું, પીવું, ઉંઘવું હરામ થઈ ગયું છે. તેને ચીત્તભ્રમ થઈ ગયુ છે! તેને કંઈ યાદ રહેતું નથી! અભરાઈ ઉંધી પાડે છે!” કૈલાસબહેને ભુવાજીના પગ પકડીને વીનન્તી કરી.

ભુવાજીએ વીધી કરી. થોડાં દીવસ ગીતાને સારું રહ્યું, પણ એક દીવસ ગીતાના માથે જાણે આકાશ તુટી પડયું!

કૈલાસબહેને જમાઈ સુરેશને ફોન કર્યો : “ગીતાને તેડી જાવ! હવે સારું છે!”

સુરેશે કહ્યું કે મારી મમ્મી સાથે વાત કરો. કૈલાસબહેને સુરેશની મમ્મી સવીતાબહેનને ફોન કર્યો : “સવીતાબહેન! ગીતાને હવે સારું રહે છે. તમે તેડી જાવ!”

“કૈલાસબહેન! તમારી ગીતાને પુછો. તે પ્રથમ વખત સાસરે આવી ત્યારે ત્રણ મહીનાનો તેને ગર્ભ હતો! આવું કઈ રીતે બને! ગીતાનો પગ કુંડાળામાં પડી ગયો છે! ગીતાને તમારે ઘેર જ રાખો. અમારે જોઈતી નથી!”

કૈલાસબહેનને હવે સમજાયું કે ગીતા કેમ સુનમુન રહેતી હતી! કૈલાસબહેન ગીતાને પુછતા; પણ ગીતા મૌન રહેતી હતી. કશું કહેતી ન હતી. આવું થયું હોવાની તો કલ્પનાય નહોતી કરી. કૈલાસબહેનને ગીતા ઉપર ભરોસો હતો. ગીતાનો પગ ક્યારેય કોઈ કુંડાળામાં ન પડે તેની ખાતરી હતી; પણ વાસ્તવીકતા જુદી હતી. ગીતાને પુછ્યું તો વાત સાચી નીકળી. ગીતા ગર્ભવતી હતી અને સાતમો મહીનો જતો હતો.

કૈલાસબહેન અને ગોરધનભાઈ ચીંતામાં પડી ગયા. બન્ને ગીતાને લઈને ભુવાજી પાસે ગયા. ભુવાજીએ દાણા જોયા અને કહ્યું : “આ બધું આગીયો ભુત કરે છે!”

“ભુવાજી! આગીયા ભુતને ખતમ કરો!”

“ગોરધનભાઈ! ભારે વીધી કરવી પડશે!”

“ભુવાજી! અતી ભારે વીધી કરો!”

"ગોરધનભાઈ! ચીંતા છોડો. આગીયો ભુત ભાગી જશે! અમેરીકા જતો રહેશે!"

ગોરધનભાઈએ ભુવાજીને પૈસા આપ્યા. ભુવાજીએ વીધી શરુ કરી. ભુવાજીનુ આખુંય શરીર ધ્રુજવા લાગ્યું. ભુવાજીએ બુમબરાડા શરુ કર્યા. ગીતાને ચોટલેથી પકડીને આમતેમ ફંગોળી અને કહ્યું : "સાલા આગીયા ભુત! તારે જવું છે કે તારું ગળુ દબાવી દઉં?"

ગીતા રડવા લાગી. એના પેટમાં હલચલ મચી ગઈ. ભુવાજીએ કહ્યું : "ગોરધનભાઈ! હવે આગીયો ભુત ગીતાને હેરાન નહીં કરે. મેં એને ભગાડી મુક્યો છે!"

કૈલાસબહેન અને ગોરધનભાઈ ભુવાજીના પગે પડી ગયા!

થોડા દીવસ પછી, અધુરા મહીને ગીતા માતા બની! તેને દીકરી જન્મી. એકવીસમા દીવસે આગીયો ભુતે ન કરવાનું કર્યું! દીકરીને રાતે કોઈ ઉઠાવી ગયું! ગામમાં ચકચાર મચી ગઈ. એકવીસ દીવસની દીકરીને કોણ લઈ ગયું હશે, શા માટે લઈ ગયા હશે, તેની અટકળો વહેતી થઈ ગઈ! ગીતા ગાંડા જેવી થઈ ગઈ. કૈલાસબહેન અને ગોરધનભાઈ આગીયા ભુતને દોષ દેવા લાગ્યા. બન્નેને આમાં ભુવાજીનો જ વાંક દેખાતો હતો, વીધીના નામે પૈસા પડાવી લીધા; પણ નીરાકરણ ન કર્યું! બીજા દીવસે બાજુના ખેતરમાં, અવાવરુ કુવામાંથી મૃત હાલતમાં નવજાત દીકરી મળી આવી, પાટણ જીલ્લાના ધીણોજ ગામમાં વાતોનો વંટોળ ચડ્યો!

ગામમાં હાઈસ્કુલ હતી. તેના આચાર્યને આગીયા ભુત અંગે શંકા ગઈ. તેણે ‘ચમત્કાર ચકાસણી કેન્દ્ર’, પાલીતાણાના ચતુરભાઈ ચૌહાણ (ઉમ્મર : 39)ને આખી ઘટનાની જાણ કરી. ચતુરભાઈએ તારીખ 22 ફેબ્રુઆરી, 1984ના રોજ ધીણોજ ગામની મુલાકાત લીધી. હાઈસ્કુલમાં ‘ચમત્કારથી ચેતો’ કાર્યક્રમ રજુ કરી લોકજાગૃતી કેળવી. હાઈસ્કુલના એક શીક્ષીકાબહેન મારફતે ચતુરભાઈએ ગીતાને સમજાવી. કૈલાસબહેન અને ગોરધનભાઈને સમજાવ્યા.

ચતુરભાઈએ ગીતાને પુછ્યું : “ગીતા! સંકોચ રાખ્યા વીના જે સાચું હોય તે કહે!”

“સાહેબ! મારો પતી સુરેશ બાજુના ગામમાં શીક્ષક છે. સુરેશ મને સાસરે તેડી ગયો. ત્યારે મેં મારી સાસુને કહ્યું કે મારે ત્રીજો મહીનો જાય છે. ત્યારે મારી સાસુએ મારી વાત સાંભળ્યા વીના જ મને કહી દીધું કે તું અમારા ઘરમાં ન શોભે! તું એક વર્ષ પછી સાસરે આવી છો અને ત્રણ મહીનાનો ગર્ભ શી રીતે હોય! એમ કહેતાં મારી સાસુએ મને મારી! મારો પતી સુરેશ વચ્ચે ન પડ્યો. એ ચુપચાપ નોકરીએ જતો રહ્યો! સાહેબ, ખરેખર આગીયો ભુત છે જ નહીં!”

“ગીતા! ભુવાજીએ આગીયા ભુત માટે બે વખત વીધી કરી ત્યારે તું કેમ કંઈ બોલી નહીં?”

“સાહેબ! હું બધું જાણતી હતી, ભુવાજી ખોટું બોલતા હતા! પરન્તુ મારા પીતાને સન્તોષ થતો હતો! એટલે હું ચુપ રહી!”

"ગીતા! આગ કેમ લાગતી હતી?"

"સાહેબ! હૈયામાં આગ હોય તો ભડકો થાય જ! હું રોતી કકળતી પીયર આવી હતી. ગામમાં સૌ આડાઅવળી વાતો કરતા હતા! મેં આપઘાતનો નીર્ણય કર્યો. મેં શરીર ઉપર કેરોસીન છાંટ્યું! દીવાસળી ચાંપી! ચણીયો સળગ્યો, ગોદડા સળગ્યા! હું મોતથી ડરી ગઈ. હું વીજળી વેગે પાણીની કુંડીમાં પડી! મોત પાછું ફરી ગયું! પછી એક દીવસ હું કપડાં ધોતી હતી. પીતા રજકામાં પાણી વાળતા હતા. માતા ગામમાં ગઈ હતી. પીતાના ઝભ્ભામાંથી દીવાસળીનું બાકસ નીકળ્યું. મેં નજીકની ઘાસની ગંજી સળગાવી અને તેમાં કુદી પડવા તૈયારી કરી પણ છેલ્લી ઘડીએ હું ડરી ગઈ! એ પછી તો મારું પેટ બહાર દેખાવા લાગ્યું. હું કંઈ વીચારી શક્તી ન હતી. મને કંઈ યાદ રહેતું ન હતું. મારું શરીર ધ્રુજતું! હું અભરાઈ ઉપરથી વાસણ લેવા જાઉં તો આખી અભરાઈ હેઠી પડે! મારા શરીર અને મન ઉપર કાબુ ન રહ્યો! વીધી કરતી વખતે ભુવાજીએ મને આમતેમ બહુ પછાડી, એટલે સાતમા મહીને હું માતા બની. મારા દુઃખનું કારણ મારી દીકરી હતી, એવું માની મેં દીકરીને દુધ પીતી કરી અને રાતે પાડોશીના કુવામાં એને મેં ફેંકી દીધી!"

"ગીતા! તેં માતા થઈને દીકરીની હત્યા કરી?"

"સાહેબ! શું કરું? આગીયા પતીને કારણે હું મજબુર હતી! હું સાચું કહું છું. મારો પતી સુરેશ પહેલાં મારા ગામે આવતો, અને પછી નોકરીવાળા ગામે જાય. આ વાત મારા સાસુ જાણતા ન હતા! અમારી

વાડીમાં કુવા પાસે નાનું મકાન છે, ત્યાં અમે એકાંતમાં મળતા અને દુનીયાને ભુલી જતા! મારી દીકરી મારા પતીની જ હતી! પરન્તુ મારો પતી, તેની મમ્મીને કંઈ ચોખવટ ન કરી શક્યો, કે ન તેણે મારો બચાવ કર્યો!”

♦♦♦♦♦

**14**

# આ કેવી અન્ધશ્રદ્ધા!



અનુક્રમણીકા

તારીખ 31 મે, 2015ને રવીવાર. દાહોદ જીલ્લાના ઝાલોદ સરકારી દવાખાનામાં અરેરાટી ફેલાઈ ગઈ! સીત્તેર વર્ષના મેનચીબહેન મનજીભાઈ નીનામા રાતે સુતા હતા ત્યારે તેના શરીર ઉપર કુહાડીના ઘા કોઈએ ફટકાર્યા હતા. હાલત ગમ્ભીર હતી. તે બોલી શક્તા ન હતા. સવારે આઠ વાગ્યે તેના ખોળીયામાંથી જીવ નીકળી ગયો!

મેનચીબહેનના શરીર ઉપરના ઘાતકી ઘા જોઈને ઝાલોદ પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ સબઈન્સ્પેક્ટર અશોક ગઢવી ધ્રુજી ઉઠ્યા.

મેનચીબહેનના 35 વર્ષના પુત્ર રાજુભાઈની ફરીયાદ નોંધવાની શરુઆત પી.એસ.આઈ. ગઢવીએ કરી, પુછ્યું : “રાજુભાઈ, આ હત્યા કોણે કરી હશે?”

“સાહેબ! મને ખબર નથી!”

“તમારી માતાને કોઈની સાથે બોલાચાલી થયેલી? જમીનનો કે ઘરનો ઝઘડો હતો? કોઈ વેરઝેર હતું?”

“સાહેબ! એવું કોઈ કારણ ન હતું.”

“મને આખી વાત કરો.”

“સાહેબ! ઝાલોદ તાલુકાના પડીમહુડી ગામે નીનામા ફળીયામાં અમે રહીએ છીએ, પાંચ વીઘા જમીન છે. ખેતી અને મજુરી કરું છું. મારા પીતા મનજીભાઈ, હું નાનો હતો ત્યારે ગુજરી ગયા હતા. મારે ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનો છે. સૌથી મોટા શકલીબેન, પછી માનસીંગભાઈ, રસલીબેન, બલ્લુ, જહુતીબેન અને રાકેશ છે. હું સૌથી નાનો છું. મારા લગ્ન ઝાલોદ તાલુકાના વગેલા ગામની શીલ્પા (ઉમ્મર : 26) સાથે ચાર વર્ષ પહેલાં થયેલા છે. બલ્લુ, રાકેશ અને હું સાથે જ રહીએ છીએ. સાહેબ! બલ્લુભાઈનો પગ એકાદ મહીના પહેલા ભાંગી

ગયો હતો તેથી તે ઢાઢીયા ગામે તેના સાઢુભાઈના ઘેર ગયા હતા. રાકેશભાઈ અને તેની પત્ની આણંદ ખાતે મજુરીએ ગયા હતા. મારી સાસરીમાં લગ્ન હોવાથી હું અને શીલ્પા વગેલા ગામે ગયા હતા. ઘેર મારી માતા એકલા જ હતા! આજે સવારે સાત વાગ્યે મારા ભત્રીજા સંજયનો ફોન મારા સાળા યોગેશ ઉપર આવ્યો. સંજયે મને કહેલું કે તમારો ફોન બન્ધ કેમ આવે છે? મેં કહ્યું કે મોબાઈલ ફોનની બેટરી ઉતરી ગઈ છે! સંજયે કહ્યું કે રાતના અઢી વાગ્યે, મેનચીબહેને બુમાબુમ કરી. અમે દોડીને ગયા. જોયું તો ઘરની બહાર ખાટલામાં મેનચીબહેન લોહીલુહાણ હાલતમાં હતા. કણસતા હતા. અમે 108 બોલાવી. રાતના ચાર વાગ્યે ઝાલોદ સરકારી દવાખાને લઈને આવ્યા છીએ. તમે જલદી પહોંચો! એટલે હું અને શીલ્પા અહીં દવાખાને આવ્યા.”

“તમને કોઈના ઉપર શક–વહેમ છે?”

“ના, સાહેબ!”

ગઢવીએ ફરીયાદ રજીસ્ટર થવા પોલીસ સ્ટેશને મોકલી. પી.એસ.ઓ. હેડ કોન્સ્ટેબલ કીશોરભાઈ ગણેશભાઈએ આઈ.પી.સી. કલમ – 302 હેઠળ ગુનો રજીસ્ટર કર્યો. સી.આર.પી.સી. કલમ – 157 હેઠળનો રીપોર્ટ કર્યો અને આગળની તપાસ માટે કાગળો પી. એસ. આઈ. ગઢવી તરફ મોકલી આપ્યા.

પોલીસે મેનચીબહેનની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કર્યું. લાશ પોસ્ટ મોર્ટમ થવા મેડીકલ ઑફીસરને સોંપી. ડોગ સ્કવોડ અને એફ.એસ.એલ.ને સન્દેશો પાઠવ્યો.

તપાસ અધીકારી ગઢવી ગુનાવાળી જગ્યાએ પહોંચ્યા. બનાવવાળી જગ્યાનું પંચનામું કર્યું. હત્યા થઈ ત્યાં લોહીવાળી કુહાડી પડી હતી, તે કબજે કરી. મેનચીબહેનની બુમો સાંભળીને જે લોકો દોડી આવ્યા હતા તેમના નીવેદનો નોંધ્યા. બાતમીદારોને સતર્ક કર્યા. જાણીતા ગુનેગારોને ચેક કર્યા. ડોગ સ્કવોડ અને એફ.એસ.એલ. દ્વારા તપાસ થઈ; પરન્તુ હત્યાની કોઈ કડી ન મળી.

ચોથા દીવસે, જીલ્લા પોલીસ વડા મયંકસીંહ ચાવડાએ ગુનાવાળી જગ્યાની વીઝીટ કરી. ગુનેગારને શોધી કાઢવા તાકીદ કરી. તપાસ અધીકારી ગઢવીના મનમાં શંકાઓ ઉભી થઈ : “મેનચીબહેનનાં શરીર ઉપરથી કે તેના ઘરમાંથી કોઈ ચીજવસ્તુ ગઈ ન હતી! ચોરી કે લુંટના ઈરાદે મેનચીબહેનની હત્યા થઈ ન હતી. મેનચીબહેનને કોઈની સાથે વેરઝેર ન હતું! હત્યાનું કારણ શું હોઈ શકે? હત્યાથી કોને ફાયદો થાય?’’

પોલીસે દરેક એંગલથી તપાસ કરી પણ હત્યારાનું પગેરું ન મળ્યું. ફરીયાદી રાજુભાઈ ખરેખર તેની સાસરી વગેલા ગામે ગયા હતા કે કેમ, તેની પુછપરછ કરવી જરુરી હતી. પોલીસે ફરીયાદી રાજુભાઈને પુછ્યું “હત્યા થઈ ત્યારે તમે સાસરીમાં જ હતા, તેનો પુરાવો છે?”

"સાહેબ! તમે તપાસ કરી શકો છો!"

પોલીસે આ દીશામાં તપાસ કરી, રાજુભાઈના મોબાઈલ ફોનની કોલ ડીટેઈલ્સ તપાસી. સાહેદોની પુછપરછ કરી. હત્યાના સમયે રાજુભાઈનું લોકેશન વગેલા ગામે જ હતું!

તપાસ અધીકારી ગઢવીએ છ વખત પડીમહુડી ગામે જઈને વીશેષ પુછપરછ કરી પણ દર વખતે નીષ્ફળતા મળી. ગઢવીના મનમાં એક વીચાર રોપાયો કે રાજુભાઈના લગ્ન થયાને ચાર વર્ષથી વધુ સમય થયો છે; છતાં તેમને સંતાન કેમ નથી? તપાસ કરતાં પડીમહુડી ગામમાંથી બાતમી મળી કે રાજુભાઈ અને તેની પત્ની શીલ્પાબહેન મુનખોસલા ગામના ભુવાજી બાલુભાઈ દલસીંગભાઈ ભાભોરને ત્યાં વીધી કરાવવા ગયા હતા!

પોલીસે ભુવાજીને બોલાવ્યા અને પુછ્યું : "રાજુભાઈ અને શીલ્પાબહેન તમારી પાસે આવેલા?"

"દોઢ વર્ષ પહેલાં બન્ને મારી પાસે આવ્યા હતા. તેમણે મને કહેલ કે વસ્તાર નથી, વીધી કરી આપો!"

"પછી શું થયું?"

"મેં રાજુભાઈને કહ્યું કે પાંચ રવીવાર ભરો. કલાજી મહારાજની દયા હશે તો તમોને વસ્તાર જરુર થશે! તેમણે એકાદ રવીવાર ભરેલો; પણ પછી તેઓ મારી પાસે આવેલા નહીં."

પડીમહુડી ગામે પોલીસે બાતમીદારો રોક્યા. ગામમાંથી વાત બહાર આવે તેવી શક્યતા હતી. તારીખ 22 જુન, 2015ના રોજ પોલીસે રાજુભાઈ અને શીલ્પાબહેનને પોલીસ સ્ટેશને બોલાવ્યા. બન્નેની અલગ–અલગ પુછપરછ શરુ કરી. શીલ્પાબહેનને પુછ્યું: “તમે તમારા સાસુ મેનચીબહેન અંગે શું જાણો છો? તમારા માતા–પીતા તમારી ખબર પુછવા આવતા ત્યારે તમારે ઘેર રાત રોકાતા ન હતા, એ વાત સાચી?”

“સાહેબ! મારા લગ્ન થયા પછી, એકાદ વર્ષ પછી અમારા ફળીયાના માણસોથી મને જાણવા મળેલું કે મેનચીબહેન ડાકણ છે! તે તેના પતીને ખાઈ ગયેલા! મારા જેઠ માનસીંગભાઈ અને જેઠાણી રમીલાબહેનને ખાઈ ગયેલા! જેઠ બલ્લુભાઈના સસરાને ખાઈ ગયા! મારા મા–બાપ મને મળવા આવે તો હું તેમને કહેતી હતી કે રાતવાસો કરતા નહીં, મારા સાસુ ડાકણ છે!”

પોલીસે રાજુભાઈને પુછ્યું : “તમારી માતા ડાકણ હતા, એવું તમે જાણતા હતા?”

“સાહેબ! મારી માતા ડાકણ હતા, એની મને ખબર નથી. હું કંઈ જાણતો નથી!”

“તમારો ચહેરો વાંચીને કહું છું કે તમે બધું જાણો છો!”

"સાહેબ! તમારે મને જેટલો મારવો હોય તેટલો મારો! મને કંઈ ખબર નથી!"

પોલીસે યુક્તીપ્રયુક્તી અજમાવી. રાજુભાઈને રુમ બહાર કાઢી શીલ્પાબહેનની પુછપરછ કરી. શીલ્પાબહેનને અવળે મોઢે ઉભા રાખ્યા અને રાજુભાઈને બોલાવીને પુછ્યું : "રાજુ! સાચું બોલ! રાજુભાઈમાંથી તને રાજુ કહું છું, તું સમજી જા! શીલ્પાબહેનને કેટલી વખત ગર્ભ રહેલો?"

"સાહેબ! ત્રણ વખત!"

"ત્રણેય વેળાએ શું થયું?"

રાજુ તપાસ અધીકારી ગઢવીને તાકી રહ્યો. પછી તે રડવા લાગ્યો અને ગઢવીના પગે પડી તેણે કહ્યું : ''સાહેબ! મને માફ કરો. મેં જ મારી માતાની હત્યા કરી છે! સાહેબ! શીલ્પાને ત્રણ વખત ગર્ભ રહેલો. ત્રણેય વખતે બગાડ થઈ ગયો! શીલ્પાને હાલે ત્રણ–ચાર મહીનાનો ગર્ભ રહેલો છે. મારી માતાને ખબર પડે તો, ચોથી વખત તે ગર્ભ ખાઈ જાય. સાસરીમાં ફળીયામાં હું સુતો હતો. મેં નક્કી કર્યું! રાતે હું વગેલા ગામેથી ચાલતો અને દોડતો પડીમહુડી ગામે આવ્યો. મારો મોબાઈલ મેં બન્ધ કરી, ચાર્જ કરવા વગેલા ગામે જ મુકી દીધો હતો! વગેલાથી પડીમહુડીનું અન્તર દસ–બાર કીલોમીટરનું છે. હું ઘેર પહોંચ્યો. મારી માતા ફળીયામાં સુતી હતી. કોઢમાં કુહાડી પડી હતી તે હાથમાં લઈ મેં પાંચ–છ ઘા ફટકાર્યા. કુહાડી ત્યાં જ ફેંકી દઈ, કોઈ મને

જોઈ ન જાય તે રીતે, ચાલતો–દોડતો પાછો વગેલા ગામે આવીને સુઈ ગયો હતો! શીલ્પાને કે મારી સાસરીમાં આ અંગે કોઈને ખબર નથી!”

♦♦♦♦♦

**III**

# ચમત્કાર ચકાસણી કેન્દ્રો
# અને
# સક્રીય કાર્યકરોની માહીતી

## અનુક્રમણીકા

01 ‘સત્યશોધક સભા’, સુરત :

આચાર્ય સીદ્ધાર્થ દેગામી – 94268 06446,

નીવૃત્ત આચાર્ય સુનીલ શાહ – 94268 91670,

જવાંમર્દ માધુભાઈ કાકડીયા – 98255 32234,

કલાશીક્ષકો ગુણવન્તભાઈ અને કરુણાબહેન ચૌધરી – 98251 46374,

ઝેહરાબહેન સાયકલવાળા – 98257 05365,

ખીમજીભાઈ કચ્છી – 98251 34692,

પરેશ લાઠીયા – 98257 70975, મહેશ જોગાણી – 98241 22520

એડવોકેટ જગદીશભાઈ વક્તાણા – 94261 15792,

એડવોકેટ/નોટરી ભરતભાઈ શર્મા – 98257 10011.

02 ‘જનવીજ્ઞાન જાથા’, રાજકોટ : જયન્ત પંડ્યા – 98252 16689.

03 ‘ચમત્કાર ચકાસણી કેન્દ્ર’, ચાંદખેડા, અમદાવાદ :

ચતુરભાઈ ચૌહાણ – 98982 16029.

04 ‘ગુજરાત–મુમ્બઈ રૅશનાલીસ્ટ એસોસીએશન’, અમદાવાદ :

એડવોકેટ પીયુષ જાદુગર – 94260 48351,

સુનીલ ગુપ્તા – 95740 68156, ગીરીશ ચાવડા – 99985 34646.

05 'હ્યુમેનીસ્ટ રૅશનાલીસ્ટ સોસાયટી', ગોધરા :
મુકુન્દભાઈ સીંધવ – 90332 06009.

06 'લોક વીજ્ઞાન કેન્દ્ર', ગોધરા : ડૉ. સુજાત વલી – 99794 22122.

07 'રુપાલની પલ્લીફૅમ', ભુવાલડી લંકેશ ચક્રવર્તી – 94263 75381.

08 'રૅશનલ સમાજ', ગાંધીનગર : ડૉ. અનીલ પટેલ – 93278 35215.

09 'બનાસકાંઠા જીલ્લા અન્ધશ્રદ્ધા નીર્મુલન સમીતી', પાલનપુર :
નીવૃત્ત પ્રીન્સીપાલ અશ્વીનભાઈ કારીઆ– 93740 18111,
આચાર્યશ્રી જગદીશ સુથાર (ગઢ) – 94281 94175,
નીવૃત્ત એન્જીનીયર ગીરીશ સુંઢીયા – 94266 63821,
પરેશ રાવલ – 98987 75385, દીપક આકેડીવાળા – 96383 93145.

10 'વહેમ અન્ધશ્રદ્ધા નીવારણ કેન્દ્ર', નડીયાદ :
ડૉ. જેરામભાઈ દેસાઈ – 87803 85795/99259 24816.

11 'વહેમ અન્ધશ્રદ્ધા નીવારણ કેન્દ્ર', આણંદ :
સોમભાઈ પ્રજાપતી – 9429958817.

12 'કૉમ્યુનીટી સાયન્સ સેન્ટર', વડોદરા :
દીનેશ ગાંધી – 98259 16874.

# સમાપ્ત